પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 30-10-2026 • Friday • Samvat : 2082 • Aaso Vad-05 • Vol : 97 • No. : 297 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

सत्यमेव जयते
ગુજરાત સરકાર



માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદીના
વરદ હસ્તે



વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

તથા

‘પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ’ના 24મા હપ્તાનું વિતરણ

‘પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ’ હેઠળ 24મા હપ્તાની ટ્રાન્સફર: **9.34 કરોડથી વધુ ખેડૂતોને** કુલ ₹ 19 હજાર કરોડ DBT દ્વારા ચૂકવાશે

ભીલડી ખાતે નિર્માણ પામેલા **BBBRC સંકુલના લોકાર્પણ**થી પશુ વંશ સુધારણા 20 ગણી ઝડપી બનશે

ફ્રેન્ચ ફ્રાઈસ પ્રોસેસિંગ યુનિટના વિસ્તરણથી બટાટા ઉત્પાદક ખેડૂતોને સુનિશ્ચિત અને પ્રિમિયમ વળતર મળશે

રાજ્યભરમાં **4000થી વધુ આંગણવાડી કેન્દ્રો**ના લોકાર્પણથી બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે પોષણ મળશે

અમદાવાદ-મહેસાણા વચ્ચેના **આઠ લેનના હાઇવેનું ખાતમુહૂર્ત:** પ્રવાસન, ઉદ્યોગ અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે

અમદાવાદ (સાબરમતી)–વારાણસી એક્સપ્રેસ અને **બેચરાજીથી નવી ટ્રેન સેવા**નો શુભારંભ

અમદાવાદમાં કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રો રૂટનું ખાતમુહૂર્ત: એરપોર્ટ સુધીની કનેક્ટિવિટીમાં વધારો થશે

મુખ્ય મહેમાન

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

શ્રી શંકરભાઇ ચૌધરી
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા અને માનનીય ચેરમેન, બનાસ ડેરી

શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



“ખેડૂતની સમૃદ્ધિ, પશુપાલનને નવી ગતિ, ઉદ્યોગોની પ્રગતિ અને બાળકોને પોષણ-શિક્ષણ; બનાસકાંઠાના આંગણેથી ગુજરાતના ઉજ્જ્વળ ભવિષ્યની નવી દિશાઓ ખૂલી રહી છે.” - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: 30 ઑક્ટોબર, 2026 | સમય: સવારે 8 વાગે | સ્થળ: ભીલડી, બનાસકાંઠા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

જળ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'ભારત ડિસ્કોર્સીસ' દ્વારા All India અને આઈઆઈટી ગાંધીનગરના cNARMADA પ્રોજેક્ટ સાથે સહયોગ

અમદાવાદ

ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટ તેની પહેલ 'ભારત ડિસ્કોર્સીસ' દ્વારા, આઈઆઈટી ગાંધીનગર ખાતે જળ સંસાધન મેપિંગ, બજેટિંગ, સંરક્ષણ અને સામુદાયિક જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે આઈઆઈટી ગાંધીનગરના સેન્ટર ફોર નર્મદા રિવર બેસિન મેનેજમેન્ટ સ્ટડીઝ (cNARMADA) અને એસોસિએશન ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રી (ઈન્ડિયા) સાથે આઈઆઈટી ગાંધીનગર ખાતે એમઓયુ કરવામાં આવ્યું

એમઓયુનો ઉદ્દેશ પાણીના જવાબદારીપૂર્વકના ઉપયોગ અને લાંબા ગાળાની જળ સુરક્ષાને પ્રોત્સાહિત કરવા માટે વૈજ્ઞાનિક કુશળતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર-ક્ષેત્રના જ્ઞાન અને સામુદાયિક ભાગીદારીને એકસાથે જોડવાનો છે. આ પ્રોજેક્ટના મુખ્ય ક્ષેત્રોમાં પાણીની ઉપલબ્ધતા અને વપરાશનું મૂલ્યાંકન, માંગ અને પુરવઠા વચ્ચેના અંતરને ઓળખવું, કાર્યક્ષમ વોટર બજેટિંગને પ્રોત્સાહન આપવું, ભૂગર્ભ જળ રિચાર્જ અને જળાશયોનું રક્ષણ શામેલ છે.

આ સહયોગ નિષ્ણાતોની ચર્ચાઓ, વર્કશોપ, શૈક્ષણિક પહોંચ અને જાગૃતિ પ્રવૃત્તિઓ દ્વારા લોકોની ભાગીદારીને પણ પ્રોત્સાહિત કરશે, જેથી વૈજ્ઞાનિક જ્ઞાન સરળતાથી લોકો સુધી પહોંચી શકે અને સમુદાયોને



ટકાઉ જળ વ્યવસ્થાપનની પ્રથાઓ અપનાવવા માટે પ્રેરણા મળે.

ભારત ડિસ્કોર્સીસનું પ્રતિનિધિત્વ કરતા ડૉ. મયુર જોષીએ જણાવ્યું હતું કે, "જળ સુરક્ષા માટે વૈજ્ઞાનિક આયોજન અને લોકોની ભાગીદારી અત્યંત જરૂરી છે. ભારત ડિસ્કોર્સીસ દ્વારા, અમારો ઉદ્દેશ્ય જ્ઞાનને સાર્થક સંરક્ષણ કાર્યમાં ફેરવવા માટે નિષ્ણાતો, સંસ્થાઓ અને સમુદાયોને એક મંચ પર લાવવાનો છે."

આઈઆઈટી ગાંધીનગરના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર, પ્રો. પ્રણબ કુમાર મોહાપાત્રાએ જણાવ્યું હતું કે, "ટકાઉ જળ વ્યવસ્થાપન માટે વૈજ્ઞાનિક મૂલ્યાંકન અને સંકલિત આયોજન મહત્વપૂર્ણ છે. સી-નર્મદા (cNARMADA) પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય નદીના તટપ્રદેશ (રિવર બેસિન) વિશેની સમજને મજબૂત કરવાનો અને જળ સંરક્ષણમાં સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે."

એસોસિએશન ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રી (ઈન્ડિયા)ના ડિરેક્ટર જનરલ, ડૉ. રજનીશ દાસગુપ્તાએ જણાવ્યું હતું કે, "જળ સંરક્ષણ માટે સામૂહિક પગલાં લેવા જરૂરી છે. સી-નર્મદા (cNARMADA)ના સામુદાયિક ભાગીદાર તરીકે, અમે જાગરૂકતા, પાણીનો જવાબદારીપૂર્વક ઉપયોગ અને સંયુક્ત સંરક્ષણ પ્રયાસોને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય રાખીએ છીએ."

આ સહયોગ દ્વારા, ભાગીદારોનો ઉદ્દેશ્ય જાગરૂકતા મજબૂત કરવાનો, યોગ્ય માહિતી આધારિત જળ વ્યવસ્થાપનને પ્રોત્સાહિત કરવાનો અને ભવિષ્યની પેઢીઓ માટે જળ સંસાધનોના રક્ષણ માટે સામૂહિક જવાબદારી કેળવવાનો છે.

અપસ્ટોક્સ 'અમદાવાદમાં બિયોન્ડ માર્કેટ અવર્સ' પહેલ હાથ ધરશે

ભારતનાં અગ્રણી ઇન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ પૈકીના એક અપસ્ટોક્સ (RKSV સીક્યોરિટીઝ ઇન્ડિયાપ્રાઇવેટ લિમિટેડ)એ ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ અમદાવાદની વેલ્કમહોટેલ બાય ITC હોટેલ્સમાં 'બિયોન્ડ માર્કેટ અવર્સ' કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ પહેલ મારફતે અપસ્ટોક્સનું લક્ષ્ય સંપૂર્ણ ભારતમાં એક લાખથી વધારે ટ્રેડરો સુધી પહોંચવાનું છે. આ રીતે કંપની સીધી પાયાના સ્તરે ટ્રેડિંગ સમુદાયો સાથે જોડાશે અને તેમને નિષ્ણાતો દ્વારા આપવામાં આવતી શીખ અને બજાર સાથે સંબંધિત મહત્વપૂર્ણ ચર્ચાઓની નજીક લાવશે.

અપસ્ટોક્સ ટ્રેડર યાત્રા પહેલ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ ટ્રેડરોને મુખ્ય ફાઈનાન્શિયલ ઈન્ફ્લુએન્સર્સ અને બજારના નિષ્ણાતો સાથે સંવાદ કરવાની સીધી તક આપવાનો છે. તેમાંથી તેમને આ નિષ્ણાતોના અનુભવોમાંથી શીખવાની, ટ્રેડિંગ વ્યૂહરચનાઓ સમજવાની અને બજારમાં કામ કરવા વ્યવહારિક જાણકારી મેળવવાની તક પ્રાપ્ત થશે. આ અપસ્ટોક્સનાં 'અપસ્ટોક્સ હૈ તો બેટર હૈ' વચનનો વિસ્તાર છે, જે ટ્રેડરોને વધારે જાગૃત અને બજારમાં શિસ્તબદ્ધ રીતે સહભાગી બનવામાં મદદ કરવાની કંપનીની કટિબદ્ધતાને દર્શાવે છે

અમદાવાદના કાર્યક્રમમાં પ્રસિદ્ધ ફાઈનાન્શિયલ ઈન્ફ્લુએન્સર અને બજારના નિષ્ણાત જિગા ભાઈ ઉર્ફે ગુજરાતી ટ્રેડર શામેલ થશે, જેઓ ટ્રેડિંગની વ્યૂહરચનાઓ, બજારની ચાલ સમજવાનો, જોખમનું સંચાલન કરવાનો અને ટ્રેડિંગની શિસ્તબદ્ધ આદતો વિકસાવવા પોતાના વિચારો રજૂ કરશે. સંવાદસત્ર અને સવાલ-જવાબ મારફતે સહભાગીઓને તેમની સાથે સીધા જોડાણ, ટ્રેડિંગ સાથે પોતાના સવાલોના જવાબ મેળવવા અને બજારમાં તેમના અનુભવોમાંથી શીખવાની તક મળશે.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હશે — અમદાવાદમાં અપસ્ટોક્સના કેટલાંક ટ્રેડ, જેઓ તેમની ટ્રેડિંગની સફર, પડકારો અને બોધપાઠો તમામની સાથે વહેંચશે. આ કાર્યક્રમમાં સહભાગીઓને અન્ય ટ્રેડરો સાથે જોડાવાની, પોતાના વિચારો રજૂ કરવાની અને અપસ્ટોક્સ પ્લેટફોર્મની એ ખાસિયતોને જાણવાની તક મળશે, જેને શ્રેષ્ઠ ટ્રેડિંગ અનુભવ આપવા ડિઝાઈન કર્યો છે

વારી ૨.૦ની નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં મજબૂત કામગીરી

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળા અને પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની મુખ્ય કામગીરી:

નાણાકીય

આવક: નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૧૫,૪૪૯.૫ કરોડ, વાર્ષિક ધોરણે વૃદ્ધિ ૪૭.૩% । નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૭,૫૧૭.૭ કરોડ

કાર્યકારી EBITDA: નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૨,૭૭૫.૧ કરોડ, વાર્ષિક ધોરણે વૃદ્ધિ ૧૫.૫% । નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૩૩૫.૨ કરોડ

રિટેલ આવક: નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૫,૭૫૩.૦ કરોડ દ્જ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૧,૯૭૬.૮ કરોડ વાર્ષિક ધોરણે વૃદ્ધિ ૧૯૧.૦%

આ પરિણામો પર વારી એનર્જીસ લિમિટેડના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સીઈઓ શ્રી જિજ્ઞેશ રાઠોડે કહ્યું હતું : નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં અમારી કામગીરી વ્યાવસાયિક ફંડામેન્ટલ્સની મજબૂતી અને અમારી વૃદ્ધિની વ્યૂહરચનાના સતત અમલને દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આવકમાં ૪૭ ટકાનો વધારો, EBITDAમાં ૧૫ ટકાનો વધારો અને કાર્યકારી રોકડપ્રવાહમાં લગભગ ૫ ગણો વધારો અમારા કામ કરવાની ક્ષમતાને દર્શાવે છે.

અમને અમારા રિટેલ વ્યવસાય અને અમેરિકામાં સ્થાનિક ઉત્પાદનમાં વેગ મળવાથી વધારે પ્રોત્સાહન મળ્યું છે, જેની આવકમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં અનુક્રમે ૧૯૧ ટકા અને ૧૧૩ ટકાનો વધારો થયો છે. આ વ્યવસાયોએ અમારી વિકાસલક્ષી સફરમાં મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે.

આપત્તિ જોખમ ઘટાડવા માટે વૈશ્વિક સહયોગને મજબૂત કરવા ભારત પ્રતિબદ્ધ : ડૉ. પી. કે.મિશ્રા

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ.પી.કે.મિશ્રાએ આજે આપત્તિ જોખમ ઘટાડવા માટે એક વ્યાપક અભિગમ અપનાવવા આહ્વાન કર્યું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી દાયકામાં જીવન બચાવવાની સાથે સાથે વિકાસનું રક્ષણ કરવા અને આર્થિક નુકસાન ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (UNDRR) દ્વારા આયોજિત અને ભારત તથા યુનાઈટેડ કિંગડમ (UK) દ્વારા સહ-અધ્યક્ષતા ધરાવતી 'આપત્તિ જોખમ ઘટાડવા પરના વરિષ્ઠ અધિકારીઓની બેઠક'ને સંબોધતા, તેમણે આબોહવા પરિવર્તન, શહેરીકરણ, માળખાકીય સુવિધાઓનો વિસ્તાર અને પર્યાવરણીય ક્ષતિ વચ્ચેના વધતા સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે નિરીક્ષણ કર્યું હતું કે પૂર્વ ચેતવણી, સજ્જતા અને કટોકટી પ્રતિસાદમાં સુધારાને કારણે જીવ બચાવવામાં મદદ મળી છે, તેમ છતાં આર્થિક નુકસાન ઊંચું રહ્યું છે. તેમણે વિભાગીય મર્યાદાઓથી ઉપર ઉઠીને જોખમો અને તેની બહુવિધ અસરોની સર્વગ્રાહી સમજ તરફ આગળ વધવા આહ્વાન કર્યું હતું.

આપત્તિ જોખમ ઘટાડવા માટેના 'સેન્ડાઈ ફ્રેમવર્ક' (Sendai Framework) નો સંદર્ભ આપતા, ડૉ.મિશ્રાએ ૨૦૩૦ સુધી તેના ઝડપી અમલીકરણ અને નિવારણ, નાથવાના પ્રયાસો તથા સંસ્થાકીય ક્ષમતામાં વધુ રોકાણ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં આપત્તિ જોખમ ઘટાડવા પરનો દસ-મુદ્દાનો એજન્ડા ૨૦૧૬ અને ૨૦૨૫ માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં કરાયેલા સુધારાઓનો સમાવેશ થાય છે.

આપત્તિ ધિરાણ (disaster financing) એ માપી શકાય તેવા પરિણામો આપવા જોઈએ તેના પર ભાર મૂકતા, તેમણે સ્થિતિસ્થાપક માળખાકીય સુવિધાઓ, મજબૂત શહેરી સંસ્થાઓ અને વિકાસ આયોજનમાં પ્રકૃતિ-આધારિત ઉકેલોના વધુ એકીકરણ માટે આહ્વાન કર્યું હતું.

ડૉ.મિશ્રાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને બહુ-જોખમી પૂર્વ ચેતવણી પ્રણાલીઓના મહત્વ પર ભાર મૂક્યો હતો, અને રેખાંકિત કર્યું હતું કે ચેતવણીઓથી સમયસર કાર્યવાહી અને ધિરાણ શરૂ થવું જોઈએ. તેમણે પુનઃપ્રાપ્તિ પ્રણાલીઓના અગાઉથી આયોજન કરવા માટે પણ આહ્વાન કર્યું હતું જેથી પુનઃનિર્માણ પ્રક્રિયા હાલની સંવેદનશીલતાઓને પુનરાવર્તિત કરવાને બદલે તેને ઓછી કરે.

આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરતા, તેમણે ૨૦૨૩ માં ભારતની G20 અધ્યક્ષતા દરમિયાન આપત્તિ જોખમ ઘટાડવા પર G20 વર્કિંગ ગ્રુપની સ્થાપના અને તેની BRICS અધ્યક્ષતા દરમિયાન આ ક્ષેત્રમાં વૈશ્વિક સહયોગને મજબૂત કરવાના સતત પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો.

પોતાના સંબોધનના સમાપનમાં, ડૉ.મિશ્રાએ ત્રણ પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી: ઉભરતા અને પરસ્પર જોડાયેલા જોખમોની વધુ સારી સમજ; જાહેર નાણા, માળખાકીય સુવિધાઓ, શહેરો અને કુદરતી પ્રણાલીઓમાં સ્થિતિસ્થાપકતામાં વધુ અસરકારક રોકાણ; અને વ્યવહારુ આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા સમર્થિત મજબૂત સંસ્થાઓ.

તેમણે સેન્ડાઈ ફ્રેમવર્કની સિદ્ધિઓને એકીકૃત કરવા અને ૨૦૩૦ સુધી તેના અમલીકરણને ઝડપી બનાવવા આહ્વાન કર્યું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી દાયકામાં માત્ર જીવન જ નહીં પરંતુ સમુદાયો દ્વારા નિર્માણ કરવામાં આવતી અસ્કયામતો, માળખાકીય સુવિધાઓ અને વિકાસનું રક્ષણ કરવાની ક્ષમતા દર્શાવવી જોઈએ.

જુપિટર વેગન્સને રેલવે મંત્રાલય તરફથી રૂ. ૧,૧૪૦ કરોડના BOXNHL અને BOXNS વેગનનો ઓર્ડર મળ્યો

ભારતની અગ્રણી રોલિંગ સ્ટોક અને મોબિલિટી સોલ્યુશન્સ કંપનીઓ પૈકીની એક જુપિટર વેગન્સ લિમિટેડ (જેડબલ્યુએલ)એ રેલવે મંત્રાલય (રેલવે બોર્ડ) પાસેથી ૨,૫૮૩ વેગનના ઉત્પાદન અને સપ્લાયનો ઓર્ડર મેળવ્યો છે. આ ઓર્ડરનું મૂલ્ય રૂ. ૧,૧૪૦ કરોડ (ટેક્સ સહિત) છે, જે ભારતીય રેલવેના રેલવે પ્રોક્યોરમેન્ટ પ્રોગ્રામ માટે કંપનીના સતત અમલીકરણને દર્શાવે છે.

તેના ભારતીય રેલવે બિઝનેસ ઉપરાંત જેબલ્યુએલની ખાનગી ક્ષેત્રની ઓર્ડર બુક પણ મજબૂત છે, જેને પ્રાઈવેટ ફ્રેઈટ ઓપરેટર્સ, વેગન લિઝઈંગ કંપનીઓ અને અગ્રણી સેક્ટરના ગ્રાહકોની સતત માગથી ટેકો મળી રહ્યો છે. સરકારી અને ખાનગી માગ વચ્ચેના આ સંતુલન કંપનીના વૈવિધ્યસભર અને મજબૂત ઓર્ડર પાઈપલાઈન પ્રદાન કરે છે.

આ ઓર્ડર વિશે જુપિટર વેગન્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર વિવેક લોહિયાએ કહ્યું હતું કે, "ભારતીય રેલવે ફ્રેઈટ ક્ષમતા જે સ્તરે અને ઝડપથી વધારી રહ્યું છે, જે દેશમાં અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી અને આ ઓર્ડર ડિલિવર કરવાની અમારી ક્ષમતામાં મંત્રાલયનો વિશ્વાસ દર્શાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમે કાસ્ટિંગ અને બોગીથી લઈને કપલર અને બ્રેક સિસ્ટમ સુધી વેગન વેલ્યુ ચેઈનમાં બેકવર્ડ ઈન્ટિગ્રેશન કર્યું છે અને હવે અમે ઓડિશામાં અમારી સુવિધા દ્વારા વ્હીલસેટની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. અમારી ખાનગી ક્ષેત્ર તરફથી માગ મજબૂત રહી છે અને અમને આગામી ક્વાર્ટરમાં આશરે રૂ. ૨,૦૦૦ કરોડના વધારાના ઓર્ડર મળવાની આશા છે, જેનાથી અમારી વિઝિબિલિટીમાં વધારો થશે. અમે આ પ્રોગ્રામને શિસ્તબદ્ધ રીતે અમલમાં મૂકવા સજ્જ છીએ કારણકે દેશ વિકસિત ભારત ૨૦૪૭ના માર્ગ ઉપર આગળ વધવા રેલ દ્વારા ફ્રેઈટ ઉપર ધ્યાન આપી રહ્યું છે."

ટીસીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળાનાં નાણાકીય પરિણામો જાહેર કર્યાં

દેશની અગ્રણી ઈન્ટિગ્રેટેડ મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ટીસીઆઈ)એ આજે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને છ માસિક ગાળાનાં નાણાકીય પરિણામો જાહેર કર્યાં હતાં.

ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, "ભારતમાં વપરાશ અને વેપારનો પ્રવાહ વિસ્તરી રહ્યો છે ત્યારે રોડ, રેલ, દરિયાકાંઠા પરિવહન, વેરહાઉસિંગ અને ટેક્નોલોજી આધારિત ટીસીઆઈનું ઈન્ટિગ્રેટેડ મોડલ સતત પોતાની તાકાત પુરવાર કરી રહ્યું છે. વૈવિધ્યસભર પોર્ટફોલિયો, ગ્રાહકો સાથેના ગાઢ સંબંધો અને મોટા પાયે વિશ્વસનીય, ટેક્નોલોજી આધારિત સપ્લાય ચેઈન સોલ્યુશન્સ ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો મુજબ સેવા આપવામાં અમને મદદરૂપ થઈ રહ્યાં છે.

3PL, વેરહાઉસિંગ અને મલ્ટિમોડલ લોજિસ્ટિક્સમાં અમે સારી ગતિ જોઈ રહ્યા છીએ, જ્યાં રેલ, રોડ અને દરિયાકાંઠાનું પરિવહન લાંબા અંતરની માલવાહતુકને કાર્યક્ષમ અને ઓછા ઉત્સર્જનવાળી બનાવી રહ્યું છે. વેરહાઉસ અને હબનું અમારું વિસ્તરતું નેટવર્ક ઇ-કોમર્સ, ક્વિક કોમર્સ અને ઓમ્ની-ચેનલ રિટેલ જેવાં ઝડપથી વિકસતાં ક્ષેત્રો માટે અમને મજબૂત સ્થિતિમાં મૂકે છે.

ટેક્નોલોજી અમારી વૃદ્ધિના કેન્દ્રમાં છે. યુલિપ (ULIP) આધારિત ડિજિટલ ઈન્ટિગ્રેશન દ્વારા અમે ગ્રાહકોને રિયલ-ટાઈમ વિઝિબિલિટી અને ડેટા આધારિત સપ્લાય ચેઈન સોલ્યુશન્સ આપી રહ્યા છીએ. સાથે જ સેવાની ગુણવત્તા, એસેટ ઉત્પાદકતા અને ખર્ચ કાર્યક્ષમતા સુધારવા માટે એઆઈ આધારિત અનુમાન, રૂટ ઓપ્ટિમાઈઝેશન અને ઓટોમેશનનો વ્યાપ વધારી રહ્યા છીએ.

શોટ ફાર્મા તેની મજબૂત ભારતીય ઉપસ્થિતિ અને વૈશ્વિક ક્ષમતાઓના બળે, ભારતમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યું છે

India, ૨૦૨૬થી લાગુ થાય તે રીતે, 'શોટ પૂનાવાલા પ્રાઈવેટ લિમિટેડ' હવે 'શોટ ફાર્મા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' તરીકે ઓળખાશે. આ પરિવર્તન કંપનીની યાત્રામાં એક મહત્વપૂર્ણ નવા તબક્કાની શરૂઆત દર્શાવે છે અને વૈશ્વિક 'શોટ ફાર્મા' સંસ્થા સાથેના તેના જોડાણને વધુ મજબૂત બનાવે છે.

આ નવી ઓળખ ભારતીય બિઝનેસનું વૈશ્વિક શોટ ફાર્મા નેટવર્કમાં રહેલું સ્થાન અને ફાર્માસ્યુટિકલ તથા બાયોટેક ઉદ્યોગો માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડ્રગ કન્ટેનમેન્ટ અને ડિલિવરી સોલ્યુશન્સ ઉપલબ્ધ કરાવવામાં તેની ભૂમિકાને વધુ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. તે ભારતમાં કંપનીના વિશાળ ઉત્પાદન એકમો (મેન્યુફેક્ચરિંગ ફુટપ્રિન્ટ), ગ્રાહકો સાથેના દીર્ઘકાલીન સંબંધો અને ઊંડા બજાર અનુભવને શોટ ફાર્માની વૈશ્વિક ક્ષમતાઓ, નવીનતા અને વૈજ્ઞાનિક ઉત્કૃષ્ટતા સાથે એકસાથે લાવે છે.

શોટ ફાર્મા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર રોય જોસેફે જણાવ્યું હતું કે, "શોટ ફાર્મા ઈન્ડિયા એ આપણી સફરના આગામી અધ્યાયનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભારતમાં આપણી મજબૂત પકડને શોટ ફાર્માની વૈશ્વિક નવીનતા અને નિષ્ણાતતા સાથે જોડે છે. આપણે આપણી ક્ષમતાઓને વધુ વિસ્તારવાની, ફાર્માસ્યુટિકલ અને બાયોટેકનોલોજી ભાગીદારો સાથે સહયોગ ગાઢ બનાવવાની અને ડ્રગ કન્ટેનમેન્ટ તેમજ ડિલિવરી સોલ્યુશન્સને આગળ ધપાવવાની વિશાળ તકો જોઈએ છીએ. આગળ વધતાં, અમારું ધ્યાન ગ્રાહકો સાથે વૃદ્ધિ પામવા અને વિશ્વભરના દર્દીઓ સુધી મહત્વપૂર્ણ સારવાર સુરક્ષિત અને વિશ્વસનીય રીતે પહોંચાડવામાં યોગદાન આપવા પર રહેશે."

શોટ ફાર્મા AG & Co. KGaA ના સીઈઓ અને શોટ ફાર્મા ઈન્ડિયાના મુખ્ય શેરહોલ્ડર ડૉ. ક્રિશ્ચિયન મિયાસે જણાવ્યું હતું કે, "શોટ ફાર્મા ઈન્ડિયા દર્દીઓની સંભાળમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વાર્ષિક ૩ અબજથી વધુ કન્ટેનરના ઉત્પાદન સાથે, આ કંપની દર મિનિટે આશરે ૭,૦૦૦ ઈન્જેક્શન દર્દીઓ સુધી પહોંચાડવામાં સક્ષમ બનાવે છે. શોટ પૂનાવાલાથી શોટ ફાર્મા ઈન્ડિયા નામનું આ પરિવર્તન અમારી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ બળ આપે છે અને એક મુખ્ય ફાર્મા હબ તરીકે ભારત પ્રત્યેની અમારી લાંબા ગાળાની અટલ પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે."

ગ્રાહકો, ભાગીદારો અને કર્મચારીઓ માટે આ માત્ર નામનું પરિવર્તન છે, તેમની પ્રત્યેની પ્રતિબદ્ધતામાં કોઈ ફેરફાર નથી. માલિકી, સંચાલન (મેનેજમેન્ટ), કર્મચારીઓ, બિઝનેસ સ્ટ્રેટેજી, કામગીરી, પ્રોડક્ટ્સ, સેવાઓ કે ગ્રાહકો પ્રત્યેની વર્તમાન વચનબદ્ધતાઓમાં કોઈ જ બદલાવ આવ્યો નથી.

આ પરિવર્તન ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ગ્રાહકો પ્રત્યે શોટ ફાર્મા ઈન્ડિયાની લાંબા ગાળાની અટલ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે, સાથે જ વૈશ્વિક 'શોટ ફાર્મા' બ્રાન્ડ સાથે એક મજબૂત અને વધુ સાતત્યપૂર્ણ જોડાણ સ્થાપિત કરે છે.

૧૪૦થી વધુ વર્ષોના વારસા પર આધારિત આ નવી ઓળખ કંપનીના ગૌરવશાળી વારસા અને ભવિષ્યની મહત્વાકાંક્ષાઓને એક જ વૈશ્વિક નામ હેઠળ લાવે છે, જે શોટ ફાર્માનું પ્રતિનિધિત્વ કરતા મૂલ્યોને દર્શાવે છે: ઈનોવેશન (નવીનતા), ગુણવત્તા, વૈજ્ઞાનિક ઉત્કૃષ્ટતા અને વિશ્વાસ.

પુનિત બાલન અને પ્રણવ બાકરેના નેતૃત્વ હેઠળની નવી આઈએસઆરએલ ટીમે ડુકાટી સાથે જોડાઈને પોતાની આગવી ઓળખ સ્થાપી

રમતગમત ક્ષેત્રના ઉદ્યોગસાહસિક પુનિત બાલનના નેતૃત્વ હેઠળની નવી આઈએસઆરએલ ટીમ પીબીજી રેસિંગે ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (આઈએસઆરએલ)ની ત્રીજી સિઝન માટે ડુકાટી અને મોટર સ્પોર્ટ્સ ક્ષેત્રના નિષ્ણાંત પ્રણવ બાકરે સાથે હાથ મિલાવ્યા છે. આ ભાગીદારીના ભાગરૂપે પીબીજી ડુકાટી લેગસી રેસિંગની રચના કરવામાં આવી છે. પ્રણવ બાકરે સહમાલિક તરીકે જોડાતાં આ નવી ભાગીદારીમાં પીબીજી રેસિંગનો વિવિધ રમતોમાં રોકાણ કરવાનો અનુભવ, બાકરેની સુપરબાઈક અને હાઈ-પર્ફોર્મન્સ મોટર સ્પોર્ટ્સ ક્ષેત્રની ઊંડી નિપુણતા તેમજ વિશ્વભરમાં જાણીતી ડુકાટીની રેસિંગ પરંપરા એકસાથે આવી છે.

આ ભાગીદારી સાથે જોડાયેલા તમામ ભાગીદારોનો હેતુ આઈએસઆરએલમાં મજબૂત અને સ્પર્ધાત્મક ટીમ ઊભી કરવાનો છે. સાથે જ, તેઓ મોટર સ્પોર્ટ્સના પહેલેથી જોડાયેલા ચાહકો સાથે સંબંધ મજબૂત કરવા ઉપરાંત નવા પ્રેક્ષકોને પણ સુપરક્રોસ તરફ આકર્ષવા માગે છે. ડુકાટીની ભાગીદારી આ ટીમને એક આગવી રેસિંગ ઓળખ આપશે. કંપની પાસે મોટોજીપી અને વર્લ્ડ સુપરબાઈક સ્પર્ધાઓમાં દાયકાઓનો અનુભવ છે. તેની વિશિષ્ટ ડેસ્મોડ્રોમિક એન્જિનિયરિંગ ટેક્નોલોજી પણ તેની ઓળખનો મહત્વપૂર્ણ હિસ્સો છે. વિશ્વસ્તરની અન્ય ઓટોમોબાઈલ બ્રાન્ડ્સની સાથે ડુકાટીનું આગમન આઈએસઆરએલની ત્રીજી સિઝનમાં ટેક્નિકલ ક્ષમતા અને સ્પર્ધાના સ્તરને વધુ ઊંચું લઈ જવાની અપેક્ષા છે. તેનાથી રાઈડર્સને પણ વિશ્વસ્તરની રેસિંગ બાઈક પર પોતાની કુશળતા દર્શાવવાની તક મળશે.

પેટીએમએ નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૨૫ કરોડનો નફો નોંધાવ્યો

ભારતની અગ્રણી પેમેન્ટ્સ અને નાણાકીય સેવાઓના વિતરણ સાથે સંકળાયેલી કંપની પેટીએમ (વન૯૭ કમ્યુનિકેશન્સ લિમિટેડ)એ સપ્ટેમ્બર ૨૦૨૬ના અંતે પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળાના (નાણાકીય વર્ષ ૨૦૨૭નો બીજો ત્રિમાસિક ગાળો) નાણાકીય પરિણામો જાહેર કર્યા. કંપનીએ રૂ. ૨૨૫ કરોડનો કર બાદનો નફો નોંધાવ્યો. આ સાથે એબીટીડા વાર્ષિક ધોરણે ૯૦% વધીને અત્યાર સુધીના સૌથી ઊંચા ત્રિમાસિક સ્તર રૂ. ૨૭૦ કરોડે પહોંચ્યો. એબીટીડા માર્જિન પણ પ્રથમ વખત ૧૦% પર પહોંચ્યું.

વેપારીઓ અને ગ્રાહકોના વ્યવસાયમાં સતત વૃદ્ધિ, આવક વધારવાની તકોના વિસ્તરણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગથી ખર્ચમાં થયેલી બચતને કારણે કંપનીની કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૨૮% વધીને રૂ. ૨,૬૪૮ કરોડ થઈ. પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (PIDF) હેઠળ મળતા પ્રોત્સાહનને બાદ કરતાં તુલનાત્મક ધોરણે આવકમાં ૩૩% વૃદ્ધિ નોંધાઈ, જ્યારે એબીટીડા લગભગ ચાર ગણો થયો. તુલનાત્મક ધોરણે ચોખ્ખી પેમેન્ટ આવક વાર્ષિક ધોરણે ૨૧% વધીને રૂ. ૬૪૪ કરોડ થઈ. પેમેન્ટ પ્રોસેસિંગ માર્જિનમાં થયેલા સુધારાને કારણે આ વૃદ્ધિને ટેકો મળ્યો અને આ માર્જિન ૪ બેસિસ પોઈન્ટથી નોંધપાત્ર રીતે ઉપર જળવાઈ રહ્યો. સબ્સ્ક્રિપ્શન યોજનાઓ સાથે જોડાયેલા વેપારીઓની સંખ્યા વાર્ષિક ધોરણે ૨૭ લાખ વધીને ૧.૬૪ કરોડ થઈ.

નાણાકીય સેવાઓના વિતરણમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૪૯% વધીને ?૯૧૨ કરોડ થઈ. વેપારી લોનના વિતરણ, પર્સનલ લોન અને પેટીએમ પોસ્ટપેડમાં વૃદ્ધિ તેમજ ઈક્વિટી બ્રોકિંગ અને વેલ્થ પ્રોડક્ટ્સમાંથી આવકમાં થયેલા સુધારાને કારણે આ વધારો થયો. મુખ્ય નાણાકીય સેવાઓના ગ્રાહકોની સંખ્યા વાર્ષિક ધોરણે ૩૫% વધીને ૮.૮ લાખ થઈ. પેટીએમએ સતત છઠ્ઠા ત્રિમાસિક ગાળામાં ગ્રાહક UPI પેમેન્ટ્સ બજારમાં પોતાનો હિસ્સો વધાર્યો. પેટીએમ UPIમાં વાર્ષિક ધોરણે ૪૨% વૃદ્ધિ નોંધાઈ, જે સમગ્ર ઉદ્યોગના વૃદ્ધિ દર કરતાં ૨.૨ ગણી હતી.

એનબીબીએલે ભારત કનેક્ટ પર NABFINSનો સમાવેશ કર્યો, એમએફઆઈ લોનની ચુકવણી વધુ સરળ બનશે

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની એનપીસીઆઈ ભારત બિલપે લિમિટેડે (એનબીબીએલ) નાબાર્ડ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (NABFINS)ને ભારત કનેક્ટના લોન રિપેમેન્ટ કેટેગરી હેઠળ સામેલ કરી છે. NABFINS એ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)ની પેટાકંપની છે.

આ જોડાણથી NABFINS ના લોન લેનારા ગ્રાહકો હવે ભારત કનેક્ટ સાથે જોડાયેલી વિવિધ ચેનલ્સના વિશાળ નેટવર્ક દ્વારા સરળતાથી તેમની લોનના ઈએમઆઈ અને બાકી રહી ગયેલા હપ્તાઓની ચુકવણી કરી શકશે. હવે ગ્રાહકો દેશભરમાં ૧,૦૦૦થી વધુ બેંકિંગ અને પેમેન્ટ એપ્સ તેમજ આઠ લાખથી વધુ ફિઝિકલ એજન્ટ આઉટલેટ્સ મારફતે ચુકવણી કરી શકશે. આ સુવિધાથી ગ્રાહકોને હાલ ઉપલબ્ધ મર્યાદિત ડિજિટલ માધ્યમોની સરખામણીમાં ચુકવણી માટે વધુ વિકલ્પો મળશે. NABFINS દેશનાં ૧૯ રાજ્યોમાં એક લાખથી વધુ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડે છે. ભારત કનેક્ટના વિવિધ પેમેન્ટ પ્લેટફોર્મ પર એકબીજા સાથે જોડાઈને કામ કરતા નેટવર્કનો લાભ લઈને આ ગ્રાહકો હવે પોતાની પસંદગીના ડિજિટલ માધ્યમ અથવા સહાય સાથે ચુકવણી કરવાની સુવિધા દ્વારા લોનના હપ્તા ભરી શકશે. આ જોડાણના મહત્વ અંગે NABFINS ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વાય. હરગોપાલે જણાવ્યું હતું કે, "NABFINS માં અમારું ધ્યેય દેશભરના એવા સમુદાયો સુધી જવાબદાર અને સર્વસમાવેશક નાણાંકીય સેવાઓ પહોંચાડવાનું છે, જેમને આવી સેવાઓનો પૂરતો લાભ મળતો નથી. એનપીસીઆઈ ભારત કનેક્ટ સાથેનું અમારું જોડાણ ગ્રાહકો માટે સરળ, સુરક્ષિત અને સુવિધાજનક ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન્સ ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક પગલું છે.

કેનરા બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સુનીલ કુમાર ચુઘે જણાવ્યું હતું કે, "ભારત કનેક્ટ ઈકોસિસ્ટમમાં NABFINS ને સામેલ કરવામાં મદદ કરતા કેનરા બેંકને આનંદ થાય છે. આ જોડાણ લોન લેનારા ગ્રાહકો માટે, ખાસ કરીને માઈક્રોફાઈનાન્સ ક્ષેત્રમાં, સરળ અને સુવિધાજનક ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન્સ ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. કેનરા બેંક ડિજિટલ ક્ષેત્રે નવીનતાને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આના દ્વારા દેશભરમાં નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોને વધુ સુવિધા પૂરી પાડવામાં યોગદાન મળશે."

આ અંગે એનબીબીએલના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. નૂપુર ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, "આ ગતિવિધિ માઈક્રોફાઈનાન્સ ક્ષેત્રમાં લોનની ચુકવણીની પ્રક્રિયાને ડિજિટલ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ જોડાણ દ્વારા અમે લોન લેનારા ગ્રાહકોને ભારત કનેક્ટના વિસ્તરતા અને વિવિધ પેમેન્ટ પ્લેટફોર્મ સાથે સુસંગત નેટવર્કનો લાભ આપી રહ્યા છીએ. તેનાથી લોનના હપ્તા ભરવાનું વધુ સરળ, સુવિધાજનક અને સુલભ બનશે. અમે NABFINS નું ભારત કનેક્ટ ઈકોસિસ્ટમમાં સ્વાગત કરીએ છીએ અને સમગ્ર ભારતમાં નાણાંકીય સેવાઓની સુલભતા વધારવા, ડિજિટલ ચુકવણીનો ઉપયોગ વધારવા તથા નાણાંકીય સમાવેશને આગળ ધપાવવા માટે પ્રતિબદ્ધ છીએ."

ABD દ્વારા Q2FY27માં આવકમાં મજબૂત વૃદ્ધિ

ભારતમાં અગ્રણી સ્પિરિટ્સ કંપનીઓમાંની એક એલાઈડ બ્લેન્ડર્સ એન્ડ ડિસ્ટિલર્સ લિમિટેડ (ABD) દ્વારા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટેનાં તેનાં અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યાં.

આ પરિણામો પર બોલતાં ABDના મેનેજિંગ ડિરેક્ટર અમર સિંહાએ જણાવ્યું હતું કે, "Q2FY27 એ ABD માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જેમાં ત્રિમાસિક વોલ્યુમ પ્રથમ વખત ૧૦ મિલિયન કેસને વટાવી ગયું છે, જેને વિવિધ સેગમેન્ટમાં વૃદ્ધિ દ્વારા ટેકો મળ્યો છે. ઉપરાંત અમે બ્રાન્ડ-બિલ્ડિંગ અને વિતરણ પહેલ સહિત અમારા સુપર-પ્રીમિયમ અને લક્ઝરી પોર્ટફોલિયોના વિસ્તરણમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે. અમારા ક્ષમતા-વિસ્તરણ પ્રોજેક્ટ્સના તાજેતરના કમિશનિંગથી અમારી ઉત્પાદન ક્ષમતાઓ વધુ મજબૂત થઈ છે અને સપ્લાય-ચેઈન કાર્યક્ષમતા અને માર્જિન એક્રિશનમાં સુધારો થવાની અપેક્ષા છે. તહેવારોની મોસમ નજીક હોવાથી અમે અપેક્ષા રાખીએ છીએ કે ટોપલાઈન વૃદ્ધિ ગતિ ચાલુ રહેશે. અમે ફુગાવાના વલણો પર નજીકથી નજર રાખવાની સાથે સંચાલન કાર્યક્ષમતા અને અમારા મૂડીખર્ચ કાર્યક્રમના શિસ્તબદ્ધ અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

દેશના GDP ગ્રોથમાં ભારે ઉછાળો જોતું નાણા મંત્રાલય

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય અર્થતંત્ર વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ મજબૂત ગતિ જાળવી રાખે તેવી શક્યતા છે. નાણા મંત્રાલયના તાજેતરના આર્થિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં દેશનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર ૭.૩૫ ટકા રહેવાનો અંદાજ છે. જોકે, વધતી મોંઘવારી, ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો અને વૈશ્વિક આર્થિક મંદીની આશંકાએ ચિંતા વધારી છે.

નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે નાઉકાસ્ટિંગ મોડલના આધારે બીજા ક્વાર્ટરમાં ૭.૩૫ ટકા વૃદ્ધિનો અંદાજ વ્યક્ત કર્યો છે.

આ અગાઉ પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર ૭.૮ ટકા નોંધાયો હતો. બીજા ક્વાર્ટરમાં વૃદ્ધિદર થોડો નીચો રહેવાની સંભાવના હોવા છતાં દેશનું અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ઔદ્યોગિક ઉત્પાદન, વીજળીનો વપરાશ, બંદરો પર માલસામાનની હેરફેર, GST વસૂલાત અને વાહનોના વેચાણ જેવા આર્થિક સૂચકાંકોમાં સુધારો જોવા મળ્યો હોવાનું અહેવાલમાં નોંધાયું છે. આ પરિબળો દેશની આર્થિક પ્રવૃત્તિને ટેકો આપી રહ્યાં છે.



આર્થિક વૃદ્ધિના સકારાત્મક સંકેતો વચ્ચે મોંઘવારીનો મુદ્દો ચિંતાજનક બન્યો છે. અહેવાલમાં દર્શાવેલા આંકડા મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક મોંઘવારી દર વધીને ૫.૫૪ ટકા થયો હતો. ઑગસ્ટની સરખામણીએ તેમાં ૦.૭૧ ટકાના પોઈન્ટનો વધારો નોંધાયો હતો.

ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો મોંઘવારી પાછળનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું છે.

દ્વિતીય ક્વાર્ટરમાં 7.35% GDP ગ્રોથનો અંદાજ

સપ્ટેમ્બરમાં ખાદ્ય મોંઘવારીનો દર ૭.૭૪ ટકા રહ્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ખાદ્ય ચીજવસ્તુઓ અને ઈંધણના ભાવમાં સતત વધારો થાય તો સામાન્ય પરિવારોના ઘરખર્ચ પર દબાણ વધી શકે છે.

નાણા મંત્રાલયે આગામી મહિનાઓ માટે ચાર મુખ્ય જોખમો તરફ ધ્યાન દોર્યું છે. તેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના વધતા ભાવ, ખાદ્ય મોંઘવારી, ખરીફ પાકના ઉત્પાદન અંગેની અનિશ્ચિતતા અને વૈશ્વિક આર્થિક મંદીનો સમાવેશ થાય છે.

ક્રૂડ ઓઇલ મોંઘું થવાથી આયાત ખર્ચ અને પરિવહન ખર્ચ વધી શકે છે. બીજી તરફ, ખરીફ પાકના ઉત્પાદનમાં ઘટાડો થાય તો ખાદ્ય પદાર્થોના પુરવઠા પર અસર પડવાની શક્યતા રહે છે. વૈશ્વિક અર્થતંત્રની ધીમી ગતિ ભારતના વેપાર અને નિકાસ માટે પણ પડકાર ઊભો કરી શકે છે.

ભારતના આર્થિક વિકાસ અંગે વિવિધ સંસ્થાઓએ સકારાત્મક અંદાજ વ્યક્ત કર્યા છે. નાણા મંત્રાલયે બીજા ક્વાર્ટર માટે ૭.૩૫ ટકાની વૃદ્ધિનો અંદાજ આપ્યો છે, જ્યારે IMFએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૭ ટકા, વિશ્વ બેંકે ૭.૧ ટકા, OECDએ ૭.૧ ટકા અને RBIએ ૭.૧ ટકા વૃદ્ધિનો અંદાજ દર્શાવ્યો હોવાનું લેખમાં જણાવાયું છે.

જોકે, નાણા મંત્રાલયનો આંકડો એક ક્વાર્ટર માટેનો છે, જ્યારે અન્ય સંસ્થાઓના આંકડા આખા નાણાકીય વર્ષ માટેના અંદાજ છે. તેથી આ આંકડાઓની સરખામણી કરતી વખતે સમયગાળાનો તફાવત ધ્યાનમાં લેવો જરૂરી છે.

સુપર અલ નીનોનો ખતરો

ગરમીથી છ મહિનામાં વિશ્વમાં ૩.૭૩ લાખથી વધુ વધારાનાં મોતની આશંકા

નવી દિલ્હી, તા.૨૯

વિશ્વભરમાં અતિશય ગરમીના વધતા જોખમ વચ્ચે 'સુપર અલ નીનો'ની સંભાવનાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ક્લાઈમેટ ઈમ્પેક્ટ લેબના અહેવાલમાં રજૂ કરાયેલા અંદાજ મુજબ, ઓક્ટોબર ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ દરમિયાન ગરમીને કારણે વિશ્વભરમાં ૩.૭૩ લાખથી વધુ વધારાનાં મૃત્યુ થઈ શકે છે. આ અંદાજમાં ભારત પણ સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં સામેલ છે. જોકે, આ આંકડા સંભવિત જોખમના અંદાજ છે, નિશ્ચિતપણે થનારા મૃત્યુની સંખ્યા નથી.

અહેવાલમાં આપવામાં આવેલા અંદાજ મુજબ, આગામી મહિનાઓમાં ગરમી સંબંધિત વધારાનાં મૃત્યુના સંભવિત આંકડામાં નાઈજીરિયા પ્રથમ અને ભારત બીજા ક્રમે છે. નાઈજીરિયામાં ૫૬ હજારથી વધુ અને ભારતમાં ૫૫,૨૦૦થી વધુ વધારાનાં મૃત્યુ થવાની આશંકા દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત ઈન્ડોનેશિયામાં ૨૯,૩૦૦, બ્રાઝિલમાં ૧૯,૫૦૦ અને સુદાનમાં ૧૪,૭૦૦ જેટલાં વધારાનાં મૃત્યુનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે.

અહેવાલ મુજબ, જૂન ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ સુધીના નવ મહિનાના સમયગાળામાં વિશ્વભરમાં ગરમીને કારણે વધારાનાં મૃત્યુનો સંભવિત આંકડો ૮.૫૭ લાખથી વધુ થઈ શકે છે. આ અંદાજો ગરમીના જોખમ સામે આગોતરાં પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

અલ નીનો એ પેસિફિક મહાસાગરના ઉષ્ણકટિબંધીય વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધવાની સાથે સંકળાયેલી આબોહવાની ઘટના છે. તેની અસર વિશ્વના વિવિધ પ્રદેશોમાં વરસાદની પેટર્ન, તાપમાન અને દુષ્કાળની સ્થિતિ પર પડી શકે છે. જોકે, દરેક અલ નીનોની તીવ્રતા અને તેની અસરો એકસરખી હોતી નથી.

આ અહેવાલમાં પૂર્વ-મધ્ય પેસિફિકના 'નીનો ૩.૪' વિસ્તારમાં તાપમાનમાં અસાધારણ વધારાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો અલ નીનોની સ્થિતિ વધુ મજબૂત બને, તો કેટલાક પ્રદેશોમાં ગરમી અને દુષ્કાળનું જોખમ વધી શકે છે. તેની અસર સ્થાનિક હવામાનની સ્થિતિ અને અન્ય આબોહવાકીય પરિબળો પર પણ આધારિત રહેશે.

ભારત જેવા વિશાળ અને વિવિધ આબોહવા ધરાવતા દેશમાં અતિશય ગરમીની અસર આરોગ્ય, ખેતી, પાણીની ઉપલબ્ધતા અને વીજળીની માગ પર પડી શકે છે. ખાસ કરીને બહાર કામ કરતા શ્રમિકો, વૃદ્ધો, બાળકો અને પહેલેથી આરોગ્યની સમસ્યાઓ ધરાવતા લોકો ગરમીથી વધુ જોખમમાં આવી શકે છે.

અલ નીનોની સ્થિતિ ચોમાસાના વરસાદને પણ અસર કરી શકે છે, પરંતુ તેના કારણે ભારતમાં વરસાદ ચોક્કસપણે ઓછો જ પડશે એવું માનવું યોગ્ય નથી. ચોમાસાની સ્થિતિ અન્ય અનેક પરિબળો પર પણ આધારિત હોય છે. ક્લાઈમેટ ઈમ્પેક્ટ લેબના સંશોધકોના મતે, ગરમીથી થતા સંભવિત મૃત્યુના અંદાજ સરકારો અને નીતિ-નિર્માતાઓને સમયસર તૈયારી કરવામાં મદદરૂપ થઈ શકે છે.

હીટવેવ માટેની ચેતવણી વ્યવસ્થા, પીવાના પાણીની ઉપલબ્ધતા, આરોગ્ય સેવાઓની સજ્જતા, જાહેર સ્થળોએ છાંયડો અને ઠંડકની સુવિધા તથા ગરમીમાં કામ કરતા શ્રમિકો માટે યોગ્ય વ્યવસ્થા જેવા પગલાં મહત્ત્વપૂર્ણ બની શકે છે.

અર્નબ વાવાઝોડાનો કહેર

ઓડિશાના ૩૦૦ ગામડા સંપર્કવિહોણા

નવી દિલ્હી, તા.૨૯

ચક્રવાત અર્નબના કારણે ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરના કારણે સ્થિતિ વણસી ગઈ છે. ઓડિશાના ગંજામ જિલ્લામાં લગભગ ૩૦૦ ગામડા સંપર્કવિહોણા થઈ ગયાં છે. રાજ્ય સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને હવાઈ માર્ગે બહાર કાઢવાની તૈયારી કરી રહી છે. બીજી તરફ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અધિકારીઓને રાહતકાર્ય ઝડપી બનાવવા, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા અને અસરગ્રસ્ત લોકોને વહેલી તકે વળતર આપવાના નિર્દેશ આપ્યા છે.

ઓડિશાનાં મુખ્ય સચિવ અનુ ગર્ગે ગુરુવારે જણાવ્યું હતું કે દ્ઢદ્ઢઈછ્લ અને દ્ઢઈછ્લ ની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચલાવી રહી છે. જોકે, સતત વરસાદ અને વાદળો નીચા હોવાને કારણે હેલિકોપ્ટર દ્વારા લોકોને બહાર કાઢવામાં મુશ્કેલી પડી શકે છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંપર્કમાં છે. પ્રથમ તબક્કામાં લગભગ ૧૨૦ લોકોને હવાઈ માર્ગે બહાર કાઢવાની યોજના છે. ભારતીય તટરક્ષક દળ આ કામગીરી માટે હેલિકોપ્ટર અને જરૂરી સહાય પૂરી પાડશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગંજામ જિલ્લાના સોરડા સહિતના અનેક વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે ઋષિકુલ્યા નદીમાં પૂર આવ્યું છે. તેના કારણે આસપાસનાં નગરો અને ગામોમાં પાણી ભરાઈ ગયાં છે. આસ્કામાં નદીનું જળસ્તર ભયજનક સપાટીની નજીક પહોંચી ગયું છે. દિગપહાંડી બ્લોકમાં પણ સતત વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે.

મુખ્ય સચિવ અનુ ગર્ગે જણાવ્યું કે વરસાદ ઓછો થયા બાદ બચાવ ટુકડીઓ અસરગ્રસ્ત લોકો સુધી સરળતાથી પહોંચી શકશે.

ગંજામમાં દ્ઢઈછ્લની એક વધારાની ટીમ મોકલવામાં આવી છે અને એક વરિષ્ઠ અધિકારી બચાવ તથા સ્થળાંતરની કામગીરી પર નજર રાખી રહ્યા છે. ઓડિશાના પરિવહન મંત્રી બિભૂતિ ભૂષણ જેનાએ જણાવ્યું કે પાણીથી ઘેરાયેલા મોટાભાગના લોકો સનાખેમુંડી અને આસ્કા બ્લોકનાં ગામોમાં ફસાયેલા છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જિલ્લા કલેક્ટરો અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ટેલિકૉન્ફરન્સ કરીને ચક્રવાતથી થયેલા નુકસાનની સમીક્ષા કરી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા અને નુકસાનનું મૂલ્યાંકન કરીને લોકોને વહેલી તકે વળતર આપવાના નિર્દેશ આપ્યા હતા.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, નાયડુએ જણાવ્યું હતું કે અધિકારીઓએ ચક્રવાતથી અસરગ્રસ્ત તમામ વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવો જોઈએ અને અસરગ્રસ્ત લોકોને વળતર આપવાની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ. સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી રાહત અને પુનઃસ્થાપનની કામગીરી ચાલુ રાખવી જોઈએ.

અધિકારીઓએ મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે ચક્રવાતથી થયેલા નુકસાનનો પ્રાથમિક અહેવાલ ગુરુવારે સોંપવામાં આવશે. પાકને થયેલા નુકસાનનું અલગથી મૂલ્યાંકન કરવામાં આવશે, કારણ કે આ અંગે વળતર આપવા માટેનો સરકારી આદેશ અગાઉથી જ જાહેર કરવામાં આવ્યો છે. નાયડુએ રસ્તાઓ પર પડેલાં વૃક્ષો તાત્કાલિક હટાવવા અને એકઠા થયેલા કાટમાળની સફાઈ કરવાના નિર્દેશ આપ્યા હતા. તળાવો અને નહેરોના પાળ તૂટવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સાવચેતીનાં પગલાં લેવા પર પણ ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે અલ નીનોની અસરને કારણે રાયલસીમા વિસ્તારમાં મુશ્કેલીઓ વધી રહી છે જ્યારે ઉત્તર આંધ્ર, દરિયાકાંઠાના જિલ્લાઓ અને ગોદાવરી નદીના વિસ્તારમાં ચક્રવાતની અસર જોવા મળી છે.

'કોર્ટનું અપમાન કરવાનો ઈરાદો નહોતો'

સંજય રાઉતે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માગી

નવી દિલ્હી, તા.૨૯

શિવસેના (ે)ના સાંસદ સંજય રાઉતે સુપ્રીમ કોર્ટ અને મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત અંગેની ટિપ્પણી સાથે જોડાયેલા કોર્ટની અવમાનનાના મામલે બિનશરતી માફી માગી છે. રાઉતે કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને સ્પષ્ટ કર્યું છે કે ન્યાયતંત્રની ગરિમા, સ્વતંત્રતા અને સત્તાનું અપમાન કરવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો. જોકે, સુપ્રીમ કોર્ટે તેમને આગામી ૧૭ નવેમ્બરે વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. હવે આ સુનાવણીમાં કોર્ટ તેમના માફીનામા અંગે વિચારણા કરશે.

સંજય રાઉતે પોતાના સોગંદનામામાં જણાવ્યું છે કે તેઓ પોતાની સ્વેચ્છાથી બિનશરતી માફી માગી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની ગરિમા અને પ્રતિષ્ઠા જાળવવી મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવતાં તેમણે સ્પષ્ટ કર્યું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા કે સત્તાને ઓછી કરવાનો તેમનો કોઈ આશય નહોતો. અગાઉ સુપ્રીમ કોર્ટે આ મામલે રાઉતને કોર્ટની અવમાનનાના સંબંધિત નોટિસ પાઠવી હતી. જોકે, ૨૮ ઓક્ટોબરે થયેલી સુનાવણી દરમિયાન રાઉત તરફથી કોઈ વકીલ હાજર રહ્યા નહોતા અને કોર્ટના રેકોર્ડમાં તેમનું માફીનામું પણ નોંધાયેલું ન હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ કોર્ટે તેમને વ્યક્તિગત રીતે હાજર રહેવા આદેશ આપ્યો હતો.

હવે માફીનું સોગંદનામું રજૂ થયા બાદ પણ ૧૭ નવેમ્બરે તેમની હાજરી જરૂરી રહેશે. આ દરમિયાન કોર્ટ માફીનામા અને કેસ સાથે જોડાયેલી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આગળની કાર્યવાહી અંગે નિર્ણય લઈ શકે છે.

આ સમગ્ર વિવાદ સંજય રાઉતની સોશિયલ મીડિયા પોસ્ટથી શરૂ થયો હતો. તેમણે અલ્બાનિયામાં થયેલાં હિંસક પ્રદર્શનોનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયો સાથેની ટિપ્પણીમાં તેમણે ભ્રષ્ટ વડાપ્રધાનોને મદદ કરવાના આરોપો અને ન્યાયતંત્ર સામેના વિરોધનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારત સહિત અન્ય દેશોએ પણ આ ઘટનામાંથી બોધપાઠ લેવો જોઈએ તેવી વાત કરી હતી. આ પોસ્ટને પગલે રાજકીય વિવાદ ઊભો થયો હતો. ભારતીય જનતા પાર્ટી (ભ્ત્નઁ)એ રાઉતની ટિપ્પણી સામે વાંધો ઉઠાવી તેમના પર દેશમાં અરાજકતા ફેલાવવાનો, હિંસાને પ્રોત્સાહન આપવાનો અને ન્યાયતંત્રને ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ દિલ્હી પોલીસમાં ફરિયાદ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી.

દુબઈમાં નોકરી છોડતાં ભારતીય યુવક મુશ્કેલીમાં

દુબઈ, તા.૨૯

વિદેશમાં રોજગાર માટે ગયેલા ભારતીય યુવકની મુશ્કેલીનો એક કિસ્સો સામે આવ્યો છે. ઝારખંડના પલામુ જિલ્લાના ૨૩ વર્ષીય શશિ કુમાર પાસવાન છેલ્લા ચાર મહિનાથી સંયુક્ત આરબ અમીરાત (ેંછઈ)ની દુબઈ સ્થિત જેલમાં બંધ હોવાનું તેના પરિવારે જણાવ્યું છે. કંપનીને જાણ કર્યા વિના નોકરી છોડવા અને સતત સાત દિવસ સુધી કામ પર હાજર ન રહેવાના આરોપસર તે કાનૂની મુશ્કેલીમાં ફસાયો છે. પુત્રને ભારત પરત લાવવા માટે પરિવારે સ્થાનિક પોલીસ અને ભારત સરકાર પાસે મદદની માગ કરી છે. પરિવારના જણાવ્યા અનુસાર, શશિ વર્ષ ૨૦૨૫માં દુબઈની એક ખાનગી કંપનીમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરવા ગયો હતો. તેની બહેનનાં લગ્ન ૨૬ જૂનના રોજ નક્કી થયાં હોવાથી તે લગ્નમાં હાજરી આપવા ભારત આવવા માગતો હતો. આ માટે તેણે એક એજન્ટનો સંપર્ક કરી નાણાં ચૂકવ્યાં હતાં. જોકે, ઘરે પરત ફરવાનો તેનો પ્રયાસ સફળ થવાને બદલે તે મુશ્કેલીમાં મુકાયો અને જેલમાં બંધ થયો હોવાનું પરિવારે જણાવ્યું છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, શશિ પર કંપનીને યોગ્ય જાણ કર્યા વિના નોકરી છોડી દેવાનો અને સતત સાત દિવસ સુધી કામ પર હાજર ન રહેવાનો આરોપ છે. ભારત પરત આવવા માટે એજન્ટને નાણાં ચૂકવવાની બાબત પણ આ સમગ્ર ઘટનાક્રમ સાથે જોડાયેલી હોવાનું જણાવાયું છે. જોકે, આ કેસની કાનૂની સ્થિતિ અને યુવકની મુક્તિ અંગેની વિગતો હજી સ્પષ્ટ થવાની બાકી છે.

શશિના પિતા લાલાન પાસવાનના જણાવ્યા અનુસાર, તેમનો પુત્ર દુબઈના અલ રાશિદિયા વિસ્તારની જેલમાં છેલ્લા ચાર મહિનાથી બંધ છે. શરૂઆતમાં શશીએ પરિવારને ટૂંક સમયમાં જેલમાંથી મુક્ત થઈ જવાની આશા આપી હતી. જોકે, લાંબા સમય સુધી કોઈ ઉકેલ ન આવતાં પરિવારે આખરે પોલીસનો સંપર્ક કર્યો હતો.

યુપીમાં કેરેક્ટર સર્ટિફિકેટના નવા નિયમ

દેખાવોમાં સામેલ થશો તો સરકારી નોકરી મેળવવામાં પડશે તકલીફ

લખનૌ, તા.૨૯

ઉત્તર પ્રદેશમાં સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનો માટે ભરતી સંબંધિત મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં સરકારી નોકરી માટે ઉમેદવારોના ચારિત્ર્યની ચકાસણીના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે. નવા નિર્દેશો મુજબ, હિંસક પ્રદર્શનો કે આંદોલનોમાં ભાગ લેનારા ઉમેદવારોની ભરતી દરમિયાન તપાસ કરવામાં આવશે. આવી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આધારે ઉમેદવારને સરકારી નોકરી મળવામાં મુશ્કેલી પડી શકે છે. આ નિર્દેશ ઉત્તર પ્રદેશના નિમણૂક વિભાગના અગ્ર સચિવ એમ. દેવરાજ દ્વારા જારી કરવામાં આવ્યો છે. આ નિયમ રાજ્યના વિવિધ વિભાગો, નિગમો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં થતી ભરતી માટે ઉમેદવારોના ચારિત્ર્યની ચકાસણી પર લાગુ પડશે.

નવા નિયમો મુજબ, ઉમેદવાર સામે માત્ર હ્લૈંઇ નોંધાઈ હોય અથવા તપાસ ચાલુ હોય તો તેને આપમેળે સરકારી નોકરી માટે ગેરલાયક જાહેર કરવામાં નહીં આવે. જોકે, આવા કિસ્સાઓમાં ઉમેદવારની પૃષ્ઠભૂમિ અને સંબંધિત પ્રવૃત્તિઓની તપાસ કરવામાં આવશે. પોલીસને ચારિત્ર્ય ચકાસણીનો અહેવાલ ૩૦ દિવસની અંદર આપવાનો રહેશે. નિર્દેશમાં એ પણ જણાવાયું છે કે માત્ર રાજકીય વિચારધારા ધરાવવાના આધારે કોઈ ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકાય નહીં. જોકે, કોઈ પ્રદર્શનમાં હિંસા થઈ હોય અને ઉમેદવાર તેમાં સામેલ હોવાનું સામે આવે તો તેની ભરતી પર અસર પડી શકે છે.

નિર્દેશ અનુસાર, હિંસક રીતે વ્યવસ્થા બદલવાનો પ્રયાસ કરતા સંગઠનો સાથે જોડાયેલા લોકોની પણ તપાસ કરવામાં આવશે. આવી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જણાય તો ઉમેદવારને સરકારી નોકરી માટે અયોગ્ય ગણવામાં આવી શકે છે. આદેશમાં ઉલ્લેખ છે કે ૨૧ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ અને તપાસની તારીખથી અગાઉનાં ત્રણ વર્ષ દરમિયાન આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ ઉમેદવાર હજી પણ તેમાં સક્રિય હોવાનો પુરાવો માનવામાં આવી શકે છે. જોકે, આ સમયગાળા દરમિયાન ઉમેદવારના વલણમાં પરિવર્તન આવ્યું હોવાના નક્કર અને સકારાત્મક પુરાવા ઉપલબ્ધ હોય તો તેના આધારે વિચારણા થઈ શકે છે. આ નવા નિર્દેશથી ઉત્તર પ્રદેશમાં સરકારી ભરતી માટે ઉમેદવારોની ચારિત્ર્ય ચકાસણી વધુ મહત્ત્વપૂર્ણ બનશે. ખાસ કરીને વિરોધ પ્રદર્શનો અને આંદોલનોમાં સામેલ રહેલા ઉમેદવારોની પૃષ્ઠભૂમિની તપાસ ભરતી પ્રક્રિયા દરમિયાન કરવામાં આવશે.

'પ્લેન હાઈજેક કરી ક્રેશ કરીશ' મેસેજથી અમેરિકામાં વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ

ન્યૂ જર્સી, તા.૨૯

અમેરિકામાં સુરક્ષાને ગંભીર જોખમમાં મૂકતો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં લાસ વેગાસથી ન્યૂ જર્સી જતી યુનાઈટેડ એરલાઈન્સની ફ્લાઈટમાં એક મુસાફરે મજાકમાં કરેલી મેસેજબાજી ભારે પડી હતી. વિમાન હવામાં પહોંચ્યા બાદ એક મુસાફરે ફ્લાઈટ હાઈજેક અને ક્રેશ કરવાની વાત લખીને મેસેજ મોકલતા ચકચાર મચી ગઈ હતી, જેના પગલે પાયલટે તાત્કાલિક વિમાનને પરત લાસ વેગાસ યુ-ટર્ન લેવડાવવો પડ્યો હતો. પોલીસે આ મામલે ૨૫ વર્ષીય આરોપી યુવકની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, લાસ વેગાસથી નેવાર્ક (ન્યૂ જર્સી) જતી ફ્લાઈટમાં ડાન્ટે મિલ્ન નામના યુવકે તેના જ એક સહકર્મી સાથે ટેક્સ્ટ મેસેજ પર વાતચીત શરૂ કરી હતી. આ દરમિયાન ડ્યુટી પર રહેલી એક ફ્લાઈટ અટેન્ડન્ટની નજર મેસેજ પર પડી, જેમાં "I'm gonna hijack" (એટલે કે હું હાઈજેક કરવા જઈ રહ્યો છું) શબ્દો લખેલા હતા. આ ગંભીર મામલો તરત જ લીડ ફ્લાઈટ અટેન્ડન્ટ અને કેપ્ટન સુધી પહોંચાડવામાં આવ્યો. વિમાને ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ વટાવી લીધા બાદ સુરક્ષા પ્રોટોકોલ મુજબ પાયલટે વિમાનને પરત લાસ વેગાસ એરપોર્ટ પર લેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો. વિમાન લેન્ડ થતાં જ સુરક્ષા દળોએ ડાન્ટે મિલ્નની અટકાયત કરી લીધી હતી.

રાહુલ ગાંધીની દેશવાસીઓને અપીલ

દેશની આત્મા બચાવવા સૌએ એક થવું પડશે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આગામી ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે યોજાનારી 'ચલો દિલ્હી રામલીલા માર્ચ'માં મોટી સંખ્યામાં જોડાવા દેશવાસીઓને અપીલ કરી છે. તેમણે 'વોટ ચોરી'ના મુદ્દે યોજાનારી આ માર્ચને કોઈ એક રાજકીય પક્ષનો કાર્યક્રમ નહીં, પરંતુ લોકશાહી અને બંધારણની રક્ષા માટેનું રાષ્ટ્રીય આંદોલન ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ વિવિધ વિચારધારા ધરાવતા નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓને પક્ષીય ભેદભાવથી ઉપર ઊઠીને આ અભિયાનમાં જોડાવા હાકલ કરી છે.

સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ માર્ચનો મુખ્ય ઉદ્દેશ્ય મતોની કથિત ચોરી અટકાવવાનો અને લોકશાહીની રક્ષા કરવાનો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પણ આ મુદ્દે આક્ષેપો કર્યા હતા.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા કરવા માગતા તમામ લોકોએ આ માર્ચમાં જોડાવું જોઈએ. તેમના મતે, આ લડાઈ માત્ર કોંગ્રેસ કે કોઈ એક રાજકીય પક્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ દેશના લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવાની લડાઈ છે.

રાહુલ ગાંધીએ સંભવિત પોલીસ કાર્યવાહી અને લાઠીચાર્જની આશંકા વચ્ચે પણ આંદોલનકારીઓને હિંમત જાળવી રાખવા અપીલ કરી હતી. તેમણે ભાજપ પર નિશાન સાધતાં કહ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા માટે સૌએ એકજૂથ થઈને આગળ આવવું જોઈએ.

તેમણે વિવિધ રાજકીય વિચારધારા ધરાવતા વિદ્યાર્થી સંગઠનોને પણ આ માર્ચમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું. દેશના નાગરિકોને પોતાની અભિવ્યક્તિ અને વિચારો પર હુમલો થતો હોવાની લાગણી હોય, તો તેમણે પક્ષીય મતભેદો ભૂલીને લોકશાહીની રક્ષા માટે સાથે આવવું જોઈએ તેવી અપીલ તેમણે કરી હતી.

દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી આ માર્ચ દ્વારા કોંગ્રેસ અને વિપક્ષી 'ઈન્ડિયા' ગઠબંધન પોતાની એકતા અને રાજકીય તાકાત દર્શાવવાની તૈયારી કરી રહ્યાં છે. અહેવાલ મુજબ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ગઠબંધનના સાંસદો સાથે આ મુદ્દે બેઠકો યોજી રહ્યા છે. આ માર્ચ પહેલાં શુક્રવારે પ્રતીકાત્મક સંસદનું આયોજન કરવાની પણ યોજના છે. તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પ્રતીકાત્મક મહાભિયોગની કાર્યવાહી હાથ ધરવાની દરખાસ્ત છે. ત્યારબાદ ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજાશે. 'વોટ ચોરી'ના મુદ્દે વિપક્ષ દ્વારા ચલાવવામાં આવી રહેલા અભિયાન વચ્ચે હવે દિલ્હીની આ માર્ચ કેટલી અસરકારક સાબિત થાય છે અને તેમાં કેટલા લોકો જોડાય છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

ખડગેનો ભાજપને પડકાર

હિંમત હોય તો સંસદ ભંગ કરી બેલેટ પેપરથી ચૂંટણી કરાવો

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગને ફરી દોહરાવીને ભાજપને સીધો પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું કે જો ભાજપને પોતાની લોકપ્રિયતા અને જનસમર્થન પર વિશ્વાસ હોય તો સંસદ ભંગ કરીને બેલેટ પેપરથી ફરી ચૂંટણી કરાવવાની હિંમત બતાવે. વિધાન પરિષદની ચૂંટણીનાં પરિણામો બાદ ચૂંટણી પ્રક્રિયાને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ખડગેએ આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાન પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ રહી છે અને ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઊભા થયા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગમાંથી પાછળ હટશે નહીં. તેમના જણાવ્યા મુજબ, ચૂંટણીમાં હાર-જીત થતી રહે છે, પરંતુ તેના આધારે કોઈ પક્ષનો જનાધાર નક્કી કરી શકાય નહીં. ભાજપે ચૂંટણી પરિણામોને લઈને અહંકાર રાખવાને બદલે લોકશાહી પ્રક્રિયા અંગે ઊભા થયેલા સવાલોનો જવાબ આપવો જોઈએ. ચૂંટણી પંચ સામેના વિરોધને વધુ વ્યાપક બનાવવા માટે 'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓએ બેઠક યોજીને આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરી છે.

પ્રભાત

દેશમાં ઉજવાતા તહેવારોથી અર્થતંત્રને મળતી મજબૂતી

કોઇપણ દેશની અર્થ વ્યવસ્થાની તાકાત માત્ર એ દેશમાં આવેલા કારખાના, નિકાસ તથા શેર બજારથી માપી શકાય નહીં. આ વાત પણ સમજવી જરૂરી છે કે, દેશના સામાન્ય નાગરિકો ખર્ચ કેવી રીતે કરે છે અને કેટલો કરે છે. જે નાગરિકો ખરેખર ખર્ચ કરે છે તેમાં કારોબાર, ઉત્પાદન અને રોજગારીને કેટલી ગતી મળે છે ભારતમાં તહેવારોની સીઝન આ આર્થિક ગતિવિધિઓને સમજવા માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવી શકાય. રક્ષાબંધનથી ગણેશ ચર્તુથી, નવરાત્રિ, દશેરા, તથા દિવાળી સુધી તથા ત્યારબાદ લગ્નની સિઝન આવશે ત્યારે બજારમાં ઘરાકીનું પ્રમાણ વધશે.

વસ્ત્રો, આભૂષણો, વાહનો, મોબાઇલ, ઇલેક્ટ્રોનિકસ ચીજ વસ્તુઓ, અને ઘરના વિવિધ સામાનની માંગ વધી જતા બજારમાં ગતીવિધીઓ તેજ બને છે. આ સ્થિતિનો લાભ મોટા ઔદ્યોગિક ગૃહોની સાથે નાના દુકાનદારો, કારીગરો, મીઠાઇ બનાવવાળા, તથા પરિવહન સાથે જોડાયેલા લોકોને વધુમાં વધુ ફાયદો થાય છે. આ રીતે ભારતમાં માત્ર તહેવાર એ માત્ર ધાર્મિક તથા સાંસ્કૃતિક આયોજન પૂરતા નથી પરંતુ દેશમાં જે ઉદ્યોગો ચાલી રહ્યા છે તેને વેગ આપે છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (કૈટ) એ નવેમ્બર વર્ષ ૨૦૨૫માં એક સર્વેક્ષણ કર્યું હતું કે, તેમાં જાણવા મળ્યું હતું કે, નવરાત્રિથી દિવાળી સુધીમાં જે વસ્તુઓનું વેચાણ થયું છે તેનો કારોબાર રૂા.૫.૪૦ કરોડનો થયો છે તથા અન્ય સેવાઓનો કારોબાર રૂા.૬૫ હજાર કરોડ રૂપિયા થયો છે. આ મુજબ તહેવારો દરમ્યાન કારોબારની ધારણા ૬.૦૫ લાખ કરોડ રૂપિયા થઇ જાય છે. આ અનુમાન દેશના ૬૦ મુખ્ય વેપારી કેન્દ્રોમાં જે સર્વેક્ષણ કરવામાં આવ્યું છે તેના પર આધારિત છે આ આંકડા સરકાર દ્વારા પ્રસિધ્ધ કરાયા નથી પરંતુ વેપારીના સંકલનનું અનુમાન છે છતાં આ આંકડાઓથી માહિતી મળે છે કે, તહેવારો દરમ્યાન દેશના વિવિધ બજારોમાં આર્થિક ગતિવિધી ઝડપથી વધે છે આથી બજારની આ વ્યાપકતાથી કરોડો પરિવાર જે દિવાળી દરમ્યાન ખરીદી કરે છે તેનાથી સમજી શકાય છે.

ભારતમાં દરેક પરિવારની આવક તથા ખર્ચ કરવાની ક્ષમતા અલગ-અલગ હોય છે. ધનાઢય પરિવારો તહેવારો દરમ્યાન સોનુ, કાર, ફ્લેટ, મોંઘા ઘરેલું ઉપકરણોની ખરીદી કરે છે, જ્યારે સામાન્ય પરિવારના લોકો મીઠાઇ, વસ્ત્રો, દીવડા, અને જરૂરી રોજીદિ વસ્તુઓની ખરીદી કરે છે. આ બાબત આશરે ૩૦ કરોડ પરિવારોને આધાર માની અલગ-અલગ ખર્ચની શ્રેણીમાં વિભાજીત કરી ધારણા મૂકવામાં આવી છે આ બાબત દૃષ્ટાંતથી સમજી શકાય કે ૫૦ લાખ પરિવારો બે-બે લાખ રૂપિયાનો ખર્ચ કરે તો આ ખર્ચ એક લાખ કરોડ રૂપિયાનો થાય છે પાંચ કરોડ પરિવારો ૫૦-૫૦ હજારનો ખર્ચ કરે તો આ ખર્ચ ૨.૫૦ હજારનો ખર્ચ કરે તો બે લાખ કરોડ રૂપિયા અને ૧૫ કરોડ પરિવારે બે-બે હજારનો ખર્ચ કરે તો આ ખર્ચની રકમ ૩૦ હજાર કરોડ રૂપિયા થાય છે. આ બધી રકમનો મુખ્ય સરવાળો ૫.૮૦ લાખ કરોડ રૂપિયા થાય છે.

આર્થિક દૃષ્ટિથી જોવામાં આવે તો દેશની અર્થવ્યવસ્થામાં આશરે ૬ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે તેવી ધારણા છે આમ, વસ્તુઓ પર સરકાર દ્વારા જે વેરા નાખવામાં આવ્યા હોય છે તેનાથી સરકારને પણ સારી આવક થતી હોય છે અને વેપારીઓને પણ ઘણી આવક થાય છે. આથી દેશની આર્થિક ગતીવિધીમાં ઝડપ આવે છે આ એક ઉદાહરણ છે આ વાતનો ઉદ્દેશ્ય એ બાબત સમજવાનો છે કે, તહેવારો દરમ્યાન મોટા અને નાના પરિવારો દ્વારા જે ખર્ચ કરવામાં આવે છે તેનો આંકડો ઘણો મોટો થતો હોય છે.

ભારતની અર્થવ્યવસ્થામાં સામાન્ય લોકોના ખર્ચની રકમ સરકારી આંકડાઓથી સ્પષ્ટ થતી હોય છે આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૨૫-૨૬માં જણાવ્યા મુજબ નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬માં જીડીપીનો હિસ્સો ૬૧.૫ ટકા રહેવાની ધારણા હતી. આ વાતને સરળ શબ્દોમાં કહેવામાં આવે તો દેશમાં બનતી વિવિધ વસ્તુઓ તથા સેવાઓનું કુલ મૂલ્યમાં પ્રજાના ખર્ચની ભૂમિકા મહત્વની છે. ચાલુ નાણાંકિય વર્ષમાં પ્રથમ ૬ માસના ગાળામાં સામાન્ય લોકો દ્વારા જે વસ્તુઓ ખરીદવા માટે ખર્ચ કરવામાં આવ્યો છે તેમાં આશરે ૭.૫ ટકાનો વધારો થયો છે. જ્યારે લોકો બજારમાંથી વધુ ખરીદી કરે છે ત્યારે ઉદ્યોગકારોને વધુ વેચાણ કરવાની તક મળતી હોય છે. બજારમાં વિવિધ વસ્તુઓની માંગ વધતા કંપનીઓ દ્વારા ઉત્પાદન વધારવામાં આવે છે અને નવા કારીગરોની પણ જરૂર પડતી હોય છે.

જીએસટીના માધ્યમથી સરકાર વસ્તુઓ પર જે કર લગાવવામાં આવ્યા છે તેનાથી આવક પ્રાપ્ત કરે છે. સપ્ટેમ્બર વર્ષ ૨૦૨૬માં દેશમાં કુલ જીએસટી ટેકસ કલેકશન ૨.૦૪ લાખ કરોડ રૂપિયાનું રહ્યું હતું. જે સપ્ટેમ્બર ૨૦૨૫ની સરખામણીમાં ૧૪.૭ ટકા વધારે હતું. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં કુલ જીએસટી ટેકસ કલેકશનમાં ૧૧.૬ ટકાનો વધારો થયો હતો. આ આંકડા દર્શાવે છે કે, સરકાર પાસે ટેકસની આવક વધી છે અલબત્ત આ વધારામાં તહેવારો ઉપરાંત આયાત, કર જમા કરવાવાળા તથા અન્ય આર્થિક કારણોની ભૂમિકા પણ હોય છે. કારોબાર વધવો તથા ટેકસ કલેશનમાં વધારો થતા દેશની આર્થિક સ્થિતિ મજબૂત બને છે પરંતુ આ બાબત પ્રત્યે ધ્યાન રાખવાની જરૂર છે કે, માત્ર આ વધારો તહેવારોની ખરીદી સાથે જોડવો જોઇએ નહીં.

તહેવારોની માંગની અસર વાહન ઉદ્યોગમાં જણાય છે. ફેડરેશન ઓફ ઓટો મોબાઇલ ડીલર્સ એસો.ના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૫માં નવરાત્રિ દરમ્યાન વાહનોના વેચાણમાં ૩૪ ટકાનો વધારો થયો હતો. ઓનલાઇન ખરીદી તથા ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા વધુ સુગમ થતા બજારમાં ચહલ પહલ વધી છે. ગ્રામીણ વિસ્તારોમાં તહેવારોનું વધુ મહત્વ હોય છે. આથી ગ્રામ્ય વિસ્તારના લોકો દ્વારા કરવામાં આવતી ખરીદીથી દેશની અર્થ વ્યવસ્થામાં વેગ મળે છે ખેડૂતો જે અનાજનું ઉત્પાદન કરે છે અને આ અનાજનું વેચાણ માર્કેટયાર્ડ ખાતે કરે છે તેની અસર પણ પડતી હોય છે. ઘરેલું ઉપયોગ વ્યય સર્વેક્ષણ ૨૦૨૩-૨૪માં જણાવ્યા મુજબ સરકારી યોજનાઓ અંતર્ગત જે વસ્તુઓ દેશના નાગરિકોને નિઃશુલ્ક આપવામાં આવે છે તેની કિંમતનો સમાવેશ કર્યા વગર ભારતમાં પ્રતિ વ્યક્તિ માસિક ખર્ચ ૪૧૨૨ રૂપિયા નોંધવામાં આવ્યો છે.

સાબરકાંઠા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ દાવડ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ એસ.એમ.સી. સશક્તિકરણ તાલીમમાં સભ્યો સાથે સંવાદ કર્યો



હિંમતનગર,તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના શૈક્ષણિક વિકાસને વધુ વેગ આપવા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ને વધુ સશક્ત બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંવાદ અને માર્ગદર્શન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત આજે સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલે ઈડર તાલુકાની દાવડ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ શાળા ખાતે આયોજિત એસ.એમ.સી. સશક્તિકરણ તાલીમમાં ઉપસ્થિત રહી સમિતિના સભ્યો સાથે સંવાદ કર્યો હતો.આ પ્રસંગે બંને અધિકારીશ્રીઓએ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે વ્યક્તિગત વાર્તાલાપ કરી શાળાના વિકાસમાં તેમની ભૂમિકા, જવાબદારીઓ અને બાળકોના શિક્ષણમાં તેમના યોગદાન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. હળવા અને આત્મીય વાતાવરણમાં યોજાયેલા આ સંવાદ દરમિયાન શાળાની શૈક્ષણિક કામગીરીને વધુ અસરકારક બનાવવા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે કયા પ્રકારના પ્રયાસો કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.""ખાસ કરીને બાળકોના શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિ અને જવાબદારી વધે, તેઓ બાળકોની નિયમિત શાળામાં હાજરી, અભ્યાસની પ્રગતિ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ લે તે માટે શાળા અને વાલીઓ વચ્ચે સુમેળભર્યો સંવાદ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોને શાળાની જરૂરિયાતો સમજવા, શૈક્ષણિક ગુણવત્તા સુધારવા અને શાળા વિકાસની કામગીરીમાં સક્રિય સહભાગી બનવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.આ મુલાકાત દરમિયાન અધિકારીઓએ શાળામાં બાળકોને આપવામાં આવતી મધ્યાહન ભોજન યોજનાની વ્યવસ્થાની પણ જાણકારી મેળવી હતી. આ પ્રસંગે શાળામાં તૈયાર કરવામાં આવેલી દાળ ઢોકળીનો રસાસ્વાદ માણી ભોજન વ્યવસ્થા અંગે નિરીક્ષણ કર્યું હતું.""ત્યારબાદ શાળાના શિક્ષકગણ અને સ્ટાફ સાથે બેઠક યોજી શૈક્ષણિક કામગીરી, બાળકોના શિક્ષણની ગુણવત્તા, શાળાના વાતાવરણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિક્ષકોને બાળકોમાં અભ્યાસ પ્રત્યે રસ વધે, તેમની ક્ષમતાઓનો વિકાસ થાય અને શાળા વધુ ગુણવત્તાયુક્ત શિક્ષણનું કેન્દ્ર બને તે માટે સતત પ્રયત્નશીલ રહેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દાવડ પ્રાથમિક શાળા દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવી કલેકટરઅને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ મુલાકાત અને સંવાદથી શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, શિક્ષકો અને વાલીઓમાં શાળાના વિકાસ પ્રત્યે વધુ સક્રિયતા, સહભાગિતાની ભાવના મજબૂત બને તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

કેન્સરના વહેલા નિદાન અને નિવારણ માટે સાબરકાંઠા આરોગ્ય વિભાગની સરાહનીય પહેલ

૧૬૯ આરોગ્ય કેન્દ્રો પર ૭,૦૦૦થી વધુ વ્યક્તિઓનું સ્ક્રીનિંગ; ૬ કેસની ઓળખ અને ૨૪૪ શંકાસ્પદ કેસોમાં વધુ તપાસની કામગીરી પ્રગતિમાં

હિંમતનગર,તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં કેન્સરના વહેલા નિદાન, સમયસર સારવાર અને નિવારણના હેતુથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સેવાભાવી સંસ્થાઓના સહયોગથી વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ પહેલ અંતર્ગત સ્ક્રીનિંગ, શંકાસ્પદ કેસોની અનુવર્તી તપાસ અને ઉચ્ચ રસીકરણ દ્વારા જાહેર આરોગ્યને સુદૃઢ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.""છેલ્લા એક વર્ષ દરમિયાન હરેકૃષ્ણ ફાઉન્ડેશન, મહેસાણાના સહયોગથી જિલ્લાના ૧૬૯ આરોગ્ય કેન્દ્રો પર ૭,૦૦૦થી વધુ મહિલાઓ અને પુરુષોનું સ્તન કેન્સર, મોઢાના કેન્સર તથા ગર્ભાશયના મુખના કેન્સર માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં સ્તન કેન્સરના ૨, મોઢાના કેન્સરના ૨ અને ગર્ભાશયના મુખના કેન્સરના ૨ મળી કુલ ૬ કેસની ઓળખ થઈ છે. જ્યારે ગર્ભાશયના મુખના કેન્સરના ૧૮૩, સ્તન કેન્સરના ૪૮ અને મોઢાના કેન્સરના ૧૩ મળી કુલ ૨૪૪ શંકાસ્પદ કેસોમાં વધુ તપાસ અને તબીબી મૂલ્યાંકનની કામગીરી પ્રગતિમાં છે.""આ ઉપરાંત, વ્સ્ઈઈજી મેડિકલ કોલેજ, હિંમતનગર ખાતે ભાવના સેવા ટ્રસ્ટના સહયોગથી એક માસ દરમિયાન ૬૦૦થી વધુ મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ૪ શંકાસ્પદ કેસની ઓળખ થઈ હતી. આ મહિલાઓને વધુ તપાસ અને યોગ્ય નિદાન માટે તબીબી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.""કેન્સરના નિવારણ માટે



જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા અનુસાર પાત્ર સરકારશ્રીની પ્રવર્તમાન કિશોરીઓ માટે HPV રસીકરણની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત દર સોમવારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. વાલીઓને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી રસીકરણ અંગેની પાત્રતા અને જરૂરી માર્ગદર્શન મેળવવા અપીલ કરવામાં આવી છે.""જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે કેન્સરનાં ચિંતાજનક લક્ષણો જણાય તો વિલંબ કર્યા વિના તબીબી સલાહ લે અને યોગ્ય માર્ગદર્શિકા અનુસાર સ્ક્રીનિંગ કરાવે. વહેલું નિદાન, સમયસર સારવાર અને જનજાગૃતિ દ્વારા કેન્સર સામેની લડાઈને વધુ અસરકારક બનાવી શકાય છે."

મોબાઈલમાં ગેમ રમવા બદલ માતાની ટકોર બાદ વિદ્યાર્થીનું મોત

સુરત, તા.૨૯

સુરતના સચિન વિસ્તારમાં પરીક્ષા દરમિયાન મોબાઈલમાં ગેમ રમવા બાબતે માતાએ ટકોર કરતાં ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૭ વર્ષીય વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.પ્રાપ્ત થતી વિગત અનુસાર, સચિનના શિવનગર સ્થિત જય અંબે નગરમાં રહેતા પિયુષ રાજેન્દ્ર ચૌરસિયા ઘર નજીકની શાળામાં ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. તેના પિતા લુમ્સ ખાતામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.પિયુષને મોબાઈલમાં ગેમ રમવાની લત હતી. હાલમાં તેની પરીક્ષા ચાલુ હોવાથી તે ગેમ રમવાને બદલે અભ્યાસ કરે તે માટે માતાએ તેને મોબાઈલ બંધ કરી વાંચવા બેસવા સલાહ આપી હતી.

આ બાબતનું માઠું લાગી આવતાં પિયુષે ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનોએ તેને તાત્કાલિક નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે સચિન જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ વડોદરા દ્વારા આયોજીત શરદ પૂર્ણિમા ઉજવણી કાર્યક્રમ વાલમ હોલ, હરણી, વડોદરા ખાતે તારીખ - ૨૫/૧૦/૨૦૨૫ ને રવિવારે સાંજે રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૭૬ જ્ઞાતિજનો એ ભાગ લીધો હતો. મંડળ દ્વારા વડોદરાના ડેપ્યુટી મેયર શ્રી આદિત્યભાઈ પટેલ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીમતી વર્ષાબેન વ્યાસનું સન્માન કરવામાં આવ્યું હતું. પંકજ ઉપાધ્યાય તથા શ્રી વિપુલભાઈ પંડ્યા તરફથી હાજર આજીવન સભ્ય દીઠ એક- એક લહાણી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ સ્વરૂચિ ભોજન ની લિજ્જત માણી હતી. કાર્યક્રમની સફળતા માટે પ્રમુખ શ્રી આશિષ પાઠક, મંત્રી શ્રી જતીન ઉપાધ્યાય તથા કારોબારી સભ્યો ને સૌએ અભિનંદન પાઠવ્યા હતા

કેનેડા વિઝાના નામે મહેસાણાના વેપારી સાથે છેતરપિંડી કરાઈ

મહેસાણા, તા.૨૯

મહેસાણામાં શાળા સમયના જૂના મિત્ર અને તેની પત્નીએ કેનેડાના વર્ક પરમિટ તથા PR વિઝા અપાવવાના બહાને મહેસાણાના એક યુવાન વેપારી પાસેથી ટુકડે-ટુકડે રૂ.૫૦ લાખ પડાવી લઈ ઓફિસ અને ઘર બંધ કરી ફરાર થઈ ગયા છે. આ મામલે ભોગ બનનાર યુવાનની ફરિયાદના આધારે મહેસાણા તાલુકા પોલીસે દંપતી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણાના રાધનપુર રોડ પર આવેલી તિરૂપતી શાહીબાગ ટાઉનશીપમાં રહેતા અને કલોલ ખાતે સ્પેરપાર્ટ્સનો વેપાર કરતા હિરેનભાઈ કાન્તીભાઈ પટેલ (ઉ.વ.૩૪) વર્ષ ૨૦૧૦માં મહેસાણા ખાતે ધો-૧૦માં અભ્યાસ કરતા હતા ત્યારે કુશલકુમાર નવીનચંદ્ર પટેલ (રહે.ઓમકાર બંગ્લોઝ, ચાંદખેડા, અમદાવાદ) તેમની સાથે અભ્યાસ કરતો હતો. અભ્યાસ પૂર્ણ થયા બાદ બંને છૂટા પડ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં મહેસાણાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે બંનેની અચાનક મુલાકાત થઈ હતી. વાતચીત દરમિયાન કુશલ પટેલે જણાવ્યું હતું કે, તે અને તેની પત્ની અવનીબેન પટેલ અમદાવાદના નવરંગપુરા ખાતે 'કેશવમ ઈન્ટરનેશનલ પ્રા.લિ.' નામે વિઝા કન્સલ્ટન્સીની ઓફિસ ચલાવે છે અને લોકોને વિદેશ મોકલવાનું કામ કરે છે. કામ ન થાય તો પૂરેપૂરાં નાણાં પરત કરવાની ખાતરી આપતાં હિરેનભાઈએ જૂની મિત્રતા પર ભરોસો મૂકી કેનેડા જવા માટે પોતાની ફાઇલ તેમને સોંપી હતી.કેનેડા વર્ક પરમિટ અને PR પ્રોસેસના ખર્ચ પેટે કુશલ પટેલે રૂ.૫૦ લાખનો ખર્ચ કહ્યો હતો. તેણે સમય-સમયે પ્રોસેસ ફી, સ્પોન્સર લેટર અને અન્ય ચાર્જના નામે રકમની માંગણી શરૂ કરી હતી, વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન બેન્ક ટ્રાન્સફર મારફતે રૂ.૪.૫૦ લાખ, અમદાવાદ ઓફિસે રૂબરૂ તા.૩૦/૭/૨૦૧૮ના રોજ રોકડા રૂ.૧૨.૫૦ લાખ અને તા.૩૦/૮/૨૦૧૯ના રોજ રોકડા રૂ.૮.૫૦ લાખ, ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ વધુ રૂ.૧૧.૫૦ લાખ અને ૧૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સ્પોન્સર લેટર પ્રોસેસના બહાને વધુ રૂ.૧૧.૫૦ લાખ રોકડા મેળવ્યા હતા., ઓક્ટોબર ૨૦૨૪માં બાયોમેટ્રિક એપોઈન્ટમેન્ટના નામે રૂ.૧.૫૦ લાખ ગૂગલ-પે મારફતે કુશલ અને અવનીબેનના ખાતામાં મેળવ્યા હતા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ અમદાવાદમાં હિરેનભાઈનું બાયોમેટ્રિક પણ કરાવાયું હતું. ત્યારબાદ વિઝા આવી ગયા હોવાના અને તારીખ ચૂકી જવાના બહાના બનાવ્યા બાદ, આખરે ૩ મે ૨૦૨૫ના રોજ કુશલે હિરેનભાઈના ઘરે આવીને જણાવ્યું કે, ફાઇલ રિજેક્ટ થઈ ગઈ છે અને લીધેલા તમામ રૂ.૫૦ લાખ ટૂંક સમયમાં પરત કરી દેશે. જો કે, નાણાં પરત ન આપી વાયદા કર્યા બાદ આરોપીઓએ પોતાના ફોન સ્વિચ ઓફ કરી દીધા હતા. હિરેનભાઈએ અમદાવાદ સ્થિત ઓફિસ અને નિગમનગર, ચાંદખેડા ખાતેના નિવાસસ્થાને તપાસ કરતાં માલૂમ પડ્યું કે આરોપીઓ ઓફિસ બંધ કરી તેમજ ભાડાનું મકાન ખાલી કરીને ફરાર થઈ ગયા છે. પોતાની સાથે છેતરપિંડી થયાનું જણાતાં હિરેનભાઈએ મહેસાણા પોલીસ સમક્ષ અરજી આપી હતી. જેના આધારે મહેસાણા તાલુકા પોલીસે કુશલકુમાર પટેલ અને અવનીબેન પટેલ સામે છેતરપિંડી સહિતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



લોકસભા સચિવાલયના સંસદીય સંશોધન અને તાલીમ સંસ્થાન (PRIDE) તથા કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે આયોજિત રાષ્ટ્રવ્યાપી 'નો યોર લીડર' (Know Your Leader) કાર્યક્રમ અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના બે તેજસ્વી વિદ્યાર્થીઓની વિશેષ પસંદગી કરવામાં આવી છે. નવી દિલ્હી સંસદ ભવન ખાતે આયોજિત 'નો યોર લીડર' કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી સરદાર પટેલ યુનિવર્સિટીના પસંદ થયેલા વિદ્યાર્થીઓ જાગૃતિ શુક્લ (કેમેસ્ટ્રી વિભાગ) અને હસમુખવાજા (રાજયશાસ્ત્ર વિભાગ)ને અભિનંદન પાઠવતાયુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીપ્રો. નિરંજન પટેલ.

બનાસકાંઠામાં સિવણ તાલીમના નામે મહિલાઓ સાથે છેતરપિંડી

બનાસકાંઠા, તા.૨૯

હડાદમાં સ્વરોજગારી આપવાના બહાને ૧૫૦થી વધુ મહિલાઓ સાથે છેતરપિંડી થયાનો આક્ષેપ સામે આવ્યો છે. હિંમતનગરની ધરતી નામની દ્વર્ં સંસ્થાની સંચાલિકા નિશાબેન પરમારે સિવણ ક્લાસની ત્રણ મહિનાની તાલીમ આપવાનું કહી મહિલાઓ પાસેથી વ્યક્તિદીઠ ૨,૦૦૦ રૂપિયા ઉઘરાવ્યા હોવાની ફરિયાદ હડાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હિંમતનગરની ધરતી નામની દ્વર્ં સંસ્થા દ્વારા હડાદ અને આસપાસના વિસ્તારની અનુસૂચિત જાતિ-જનજાતિની તેમજ આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓને સ્વરોજગારીની તક આપવાની વાત કરવામાં આવી હતી. સંસ્થાની સંચાલિકા નિશાબેન પરમારે મહિલાઓને સિવણ ક્લાસ શરૂ કરવાનો અને તેના માટે ત્રણ મહિનાની તાલીમ આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. આ તાલીમના નામે દરેક મહિલા પાસેથી ૨,૦૦૦ રૂપિયા લેવામાં આવ્યા હતા.આ રીતે અંદાજે ૧૫૦થી વધુ મહિલાઓએ સંસ્થામાં રૂપિયા જમા કરાવ્યા હોવાનો આક્ષેપ છે.

જોકે, રૂપિયા લીધા બાદ મહિલાઓને તેની પહોંચ પણ આપવામાં આવી નહોતી. ત્યારબાદ સંચાલિકા નિશાબેન પરમાર સંપર્કની બહાર થઈ ગયાં હોવાનો મહિલાઓએ આક્ષેપ કર્યો છે. મહિલાઓએ સંચાલિકાના સંપર્ક નંબર પર વારંવાર ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો.

ધીરુભાઈના વતન ચોરવાડમાં ૨૫ હજારથી વધુ ગ્રામજનોના સમૂહ ભોજન અને લોકડાયરા સાથે જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુના ધમાકેદાર લિસ્ટિંગની ભવ્ય ઉજવણી

ચોરવાડ

૨૯ ઑક્ટોબર ૨૦૨૬: જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુની ૨૧ ટકા કરતાં વધારે પ્રિમિયમ સાથે ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગની ધીરુભાઈ અંબાણીના વતન ચોરવાડમાં દ્વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી થઈ હતી. બુધવારે રાત્રે ચોરવાડમાં ૨૫૦૦૦ કરતાં વધારે ગ્રામજનોના સમૂહ ભોજન અને ત્યારબાદ ગુજરાતના ખ્યાતનામ લોકસાહિત્યકારોનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો. આ તકે, અંબાણી પરિવારના સભ્ય તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેટ અફેર્સના ડાયરેકટર અને રાજ્યસભાના સાંસદશ્રી પરિમલ નથવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



બેવડા કાર્યક્રમોની ઉજવણી વચ્ચે ચોરવાડવાસીઓ, અંબાણી પરિવારના જ સભ્ય હોવાની અનુભુતિ કરાવતાં શ્રી નથવાણીએ સંસ્મણો વાગોળતાં ધીરુભાઈ અને કોકિલાબેન સાથે વર્ષ-૧૯૯૫માં ચોરવાડ અને કુકસવાડાની ત્રિ-દિવસીય મુલાકાત અંગે વાત કરી હતી અને તે સમયના સાથી, સાક્ષીઓને પણ મંચ પરથી ખાસ યાદ કર્યા હતા.

આ તકે અત્યંત ભાવુક અને ભીના સ્વરે તેમણે જણાવ્યું કે, ધીરુભાઈના ડ્રીમ પ્રોજેક્ટ સમી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જે રીતે વૈશ્વિક હરણફાળ પ્રગતિ કરી છે, તે જ રીતે તેમના વધુ એક સ્વપ્ન જિયો પ્લેટફોર્મ્સે પણ વૈશ્વિક સ્તરે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. અંબાણી પરિવારના મોભી શ્રી મુકેશભાઈ અને તેમના સંતાનો શ્રી આકાશ, શ્રી ઈશા અને શ્રી અનંતે જે રીતે ધીરુભાઈના સ્વપ્નને અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કરી બતાવ્યું છે તે ન માત્ર અંબાણી પરિવાર પરંતુ, દેશ માટે પણ ગૌરવપૂર્ણ વાત છે. ભુતકાળમાં સરી પડતાં તેમણે એ ક્ષણને પણ ખાસ યાદ કરી હતી કે, જે સમયે રિલાયન્સના આઈપીઓ વખતે રોકાણકારોએ ધીરુભાઈ પર વિશ્વાસ મુક્યો હતો એ જ વિશ્વાસ આજે પણ આ પરિવાર પર અકબંધ છે તે જિયોના ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગ પરથી જણાઈ આવે છે.

તેમણે ભૂતકાળ વાગોળતા ઉમેર્યું કે, ધીરુભાઈ જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો આઈપીઓ લાવ્યા ત્યારે તેમણે ચોરવાડવાસીઓને શેર આપવાથી લઈ તેમની તમામ નાની-મોટી ખુશીઓમાં સહભાગી બનાવ્યા હતા. આજે તેમના જ સ્વપ્ન એવા જિયો પ્લેટફોર્મ્સની ઐતિહાસિક સફળતામાં પણ અંબાણી પરિવાર ધીરુભાઈના વતનને ભુલ્યું નથી, તેમની બીજી અને ત્રીજી પેઢીએ સયુંક્ત રીતે આ વારસો જાળવ્યો છે. આ ઉપરાંત તેમણે વર્ષ-૨૦૧૭થી કાર્યરત ધીરુભાઈ અંબાણી મેડિકલ અને કમ્પ્યુટર સેન્ટર, શ્રી એચ.જી.અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલ તથા કુકસવાડામાં નવનિર્મિત શ્રી એચ.જી.અંબાણી હાયર સેકન્ડરી સ્કૂલ સહિત ગ્રામજનોને અંબાણી પરિવાર તરફથી અપાયેલી સુવિધાઓને પણ યાદ કરાવી હતી.

તો, અંતમાં રિલાયન્સ પરિવાર દ્વારા ચોરવાડમાં આયોજિત આ બેવડી ઉજવણીમાં અંબાણી પરિવારના સભ્ય તરીકે ઉપસ્થિત રહેવાની તક આપવા બદલ શ્રી નથવાણીએ અંબાણી પરિવારનો ફરી આભાર વ્યક્ત કર્યો હતો. આ વૈશ્વિક હરણફાળમાં સહયોગ આપનાર દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો પણ રિલાયન્સ અને અંબાણી પરિવાર વતી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચોરવાડના ૨૫,૦૦૦થી વધુ ગ્રામજનોએ પ્રીતિભોજનનો સ્વાદ માણ્યો હતો. બાદમાં યોજાયેલાં લોકડાયમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને ઉવર્શીબેન રાદડિયાએ પોતાની આગવી શૈલી થકી ઉપસ્થિત હજ્જારો શ્રોતાઓને રીતસર નાચવા મજબૂર કરી દિધા હતા. તો, હાસ્ય કલાકાર હિતેશ અંટાળાએ પોતાની તળપદી ભાષામાં હાસ્ય અને રમુજ રજૂ કરી ઉપસ્થિત સૌને પેટ પકડીને હસાવ્યા હતા. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા તથા ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય પ્રિસિઝન એન્જિનિયરિંગ વૈશ્વિક સ્તરેઃ ઉદ્યોગપતિ વૈભવ બી. તંબોલીએ USમાં ICI ની ૭૩મી ટેકનિકલ કોન્ફરન્સને સંબોધિત કરી

તાંબોલી ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન, CEO અને MDએ ઉદ્યોગનો સર્વોચ્ચ કાર્યક્રમ ગણાતા ICI ની ૭૩મી ટેકનિકલ કોન્ફરન્સમાં વૈશ્વિક ઉદ્યોગ નેતાઓ સમક્ષ ભારતીય એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને ડિજિટલ નેતૃત્વનું પ્રદર્શન કર્યું.

મિશિગનઃ ભારતીય ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ, તંબોલી કાસ્ટિંગ્સ લિમિટેડ (TCL) ની લિસ્ટેડ હોલ્ડિંગ કંપની, તંબોલી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન, CEO અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વૈભવ બી. તંબોલીએ આજે અમેરિકાના મિશિગનના ગ્રાન્ડ રેપિડ્સમાં ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ ઈન્સ્ટિટ્યૂટ (ICI) દ્વારા આયોજિત ૭૩મા ટેકનિકલ કોન્ફરન્સ અને ઈક્વિપમેન્ટ એક્સ્પોમાં કેન્દ્ર સ્થાને હતા. ૨૫ થી ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન આયોજિત, આ સમિટને ચોકસાઈ રોકાણ કાસ્ટિંગ ફાઉન્ડ્રી માટે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મેળાવડા તરીકે ઓળખવામાં આવે છે અને તે ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાના ટોચના અધિકારીઓ, ધાતુશાસ્ત્રીઓ અને ઔદ્યોગિક નેતાઓને એકસાથે લાવે છે.

શ્રી તંબોલીનું ભાષણ રાષ્ટ્રીય ગૌરવની એક શક્તિશાળી ક્ષણ તરીકે ચિહ્નિત થયું, જેમાં દર્શાવવામાં આવ્યું કે ભારતીય ઉદ્યોગ ફક્ત ઉત્પાદન ભાગીદાર તરીકે જ નહીં, પરંતુ તકનીકી નવીનતા, સ્માર્ટ ઉત્પાદન અને દૂરંદેશી નેતૃત્વના પ્રાથમિક સ્રોત તરીકે વૈશ્વિક



પ્લેટફોર્મ પર કેવી રીતે આગળ વધી રહ્યું છે.

ફાઉન્ડ્રી નેતાઓના આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને સંબોધતા, શ્રી તંબોલીએ તેમનું ટેકનિકલ પેપર, "કોમ્પ્લેક્સ CNC મશીનિંગ માટે સ્માર્ટ પ્લાનિંગઃ ક્ષમતા વધારવા માટે ડિજિટલ ફ્રેમવર્ક" રજૂ કર્યું, જેમાં ડિજિટલ ફ્રેમવર્ક અને સ્માર્ટ પ્લાનિંગને ઉચ્ચ-ચોકસાઈ કામગીરીમાં એકીકૃત કરવા માટે ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો. ભાવનગરમાં ટીસીએલની સુવિધામાં બનેલી સિસ્ટમો પર ધ્યાન કેન્દ્રિત કરતા, તેમના ભાષણમાં ભારતીય ઉદ્યોગ કેવી રીતે ઊંડા એન્જિનિયરિંગ કુશળતાને અત્યાધુનિક ડિજિટલ બુદ્ધિમત્તા સાથે જોડીને ઔદ્યોગિક ઉત્પાદકતાના આગામી યુગને આગળ ધપાવી રહ્યો છે તે દર્શાવવામાં આવ્યું.

"ભારત હવે ફક્ત વૈશ્વિક ઔદ્યોગિક વાતચીતમાં ભાગ લઈ રહ્યું નથી; અમે તેને સક્રિયપણે માર્ગદર્શન આપી રહ્યા છીએ," શ્રી વૈભવ બી. તંબોલીએ આ પ્રસંગે ટિપ્પણી કરતા કહ્યું. "જ્યારે કોઈ ભારતીય ઉદ્યોગ વિશ્વના અગ્રણી પ્રિસિઝન ઉત્પાદન સમિટમાં તેની કામગીરીની સફળતાઓ શેર કરે છે, ત્યારે તે મેક ઈન ઈન્ડિયાની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરે છેઃ વિશ્વ કક્ષાની ગુણવત્તા, ડિજિટલ નવીનતા અને મહત્વાકાંક્ષા દ્વારા સંચાલિત ચળવળ. ભારતની એન્જિનિયરિંગ પ્રતિભા હવે વૈશ્વિક પ્રગતિ માટે પ્રેરક બળ છે."

સીપીએચઆઈ અને પીએમઈસી ઈન્ડિયા ૨૦૨૬માં પશ્ચિમ ભારતના મેન્યુફેક્ચરિંગ હબ પર રહેશે વિશેષ ધ્યાન

ભારતીય ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની વૈશ્વિક સ્થિતિને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ સાથે ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા દ્વારા આયોજિત 'સીપીએચઆઈ ઈન્ડિયા' (CPHI) અને 'પીએમઈસી ઈન્ડિયા' (PMEC) ૨૦૨૬નું આયોજન દિલ્હી-એનસીઆરમાં બે અલગ-અલગ સ્થળોએ થવા જઈ રહ્યું છે. સીપીએચઆઈ ઈન્ડિયા ૨૩ થી ૨૫ નવેમ્બર દરમિયાન આઈઆઈસીસી યશોભૂમિ, દ્વારકા ખાતે અને પીએમઈસી ઈન્ડિયા ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન આઈઈએમએલ, ગ્રેટર નોઈડા ખાતે યોજાશે. આ આયોજનમાં ૧૨૦ થી વધુ દેશોના ૫૦,૦૦૦ થી વધુ ફાર્મા પ્રોફેશનલ્સ અને ૨,૦૦૦ થી વધુ પ્રદર્શકો ભાગ લેશે. આ સંયુક્ત આયોજનમાં એપીઆઈ (API), ફિનિશ્ડ ડોઝ, પેકેજિંગ, ઓટોમેશન, ક્લીનરૂમ ટેકનોલોજી અને લેબોરેટરી સિસ્ટમ્સ સાથે જોડાયેલી અત્યાધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે.

ભારતીય દવા ઉદ્યોગના વિસ્તરણ અને તકનીકી આધુનિકીકરણ પર ભાર મૂકતા ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, "ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ તેની ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને સતત મજબૂત બનાવી રહ્યો છે.

BSE SME પ્લેટફોર્મ પર વેક્ટ્રાસ એનપ્રોકોનના આઈપીઓના પ્રારંભ અંગેની જાહેરાત

ઓઈલ અને ગેસ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ મિડસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સંકલિત ઉકેલો પૂરા પાડતી ગુજરાત સ્થિત કંપનીવેક્ટ્રાસ એનપ્રોકોન લિમિટેડ એ તેના પ્રસ્તાવિત 'ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ'– આઈપીઓ માટે 'રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ' દાખલ કર્યું છે. આ આઈપીઓહેઠળ રૂ.૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા ૫૦,૫૨,૦૦૦ સુધીના ઈક્વિટી શેર જાહેર કરવામાં આવશે.

આ પ્રસ્તાવિત આઈપીઓમાં ૪૦,૫૬,૦૦૦ સુધીના નવા ઈક્વિટી શેર અને ૯,૯૬,૦૦૦ સુધીના ઈક્વિટી શેરનું 'ઓફર ફોર સેલ' સામેલ છે. કંપનીએ પ્રતિ ઈક્વિટી શેર રૂ.૯૯ થી રૂ.૧૦૫ ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. ઈશ્યુનું કદ રૂ.૫૩.૦૫ કરોડ (અપર પ્રાઈસ બેન્ડ મુજબ) છે અને લોટ સાઈઝ ૧,૨૦૦ ઈક્વિટી શેર (અથવા તેના ગુણાંકમાં) રાખવામાં આવી છે. આ ઈક્વિટી શેર બીએસઈ એસએમઈપ્લેટફોર્મ પર લિસ્ટ કરવામાં આવશે.

૨૦૨૧ માં સ્થપાયેલીવેક્ટ્રાસ એનપ્રોકોન લિમિટેડ એ અમદાવાદ સ્થિત કંપની છે, જે ઓઈલ અને ગેસ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ મિડસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સંકલિત ઉકેલો (હૌંષ્નક્રિંદ્બ ર્જીઙ્મેંહજ) પૂરા પાડે છે. કંપની પાઈપલાઈન નેટવર્ક, ઓઈલ અને ગેસ સ્ટેશનના સંયુક્ત કામો અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ માટે ડિઝાઈન, એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ (ખરીદી), બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ જેવી સંકલિત સેવાઓ પ્રદાન કરે છે. કંપનીના મુખ્ય વ્યવસાયમાં સંયુક્ત સ્ટેશનના કામો, મિડસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ પાઈપલાઈન પ્રોજેક્ટ્સ તથા સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનો સમાવેશ થાય છે.

ઋતુગત અને બાહ્ય અવરોધો વચ્ચે અંબુજાએ બીજા ત્રિમાસિમાં વેપાર અને પ્રીમિયમ ઉત્પાદન મિશ્રણને મજબૂત બનાવ્યું

વૈવિધ્યસભર અદાણી સમૂહની કંપનીનો ભાગ અંબુજા સિમેન્ટ્સ લિ.એ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે.

તદનુસાર અહેવાલના ગાળા દરમિયાન ૧૬.૫ મિલિયન ટન સિમેન્ટનું વેચાણ થયું હતું; વેપારના વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૮.૬%નો વધારો થયો છે, ટ્રેડમાં હિસ્સો ૬ ટકા પોઈન્ટ વધી ૭૪% થયો છે, જ્યારે પ્રીમિયમ ઉત્પાદનોનો હિસ્સો ૨ ટકા પોઈન્ટ વધીને ટ્રેડ વેચાણના ૩૭% થયો છે.

આ સમયમાં કામકાજમાંથી આવક રૂ. ૯,૧૯૭ કરોડ રહી છે, જેમાં ઓપરેટિંગ એબિડટા રૂ. ૧,૨૭૧ કરોડ, એબિડટા માર્જિન ૧૩.૮% અને પ્રતિ ટન એબિડટા રૂ. ૭૭૦ પ્રાપ્ત થયો છે.

અંબુજા સિમેન્ટ્સના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સી.ઈ.ઓ શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, "મોસમી અને બાહ્ય અવરોધો છતાં સમીક્ષાના સમય અને નાણા વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં અમારું પ્રદર્શન ગુણવત્તા વૃદ્ધિ પર ભાર મૂકે છે. તેમણે કહ્યું હતું કે શિસ્તબદ્ધ અમલીકરણ અને ખર્ચ વ્યવસ્થાપનના ટેકાના કારણે વેપાર અને પ્રીમિયમ ઉત્પાદન મિશ્રણ મજબૂત થવાથી આવકમાં સુધારો થયો છે.

અમે ઉત્પાદન શ્રેષ્ઠતા, ઉર્જા કાર્યક્ષમતા, લોજિસ્ટિક્સ ઑપ્ટિમાઈઝેશન અને ડિજિટલાઈઝેશન દ્વારા કમાણીના માળખાકીય સંચાલનને મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું છે, જેને દેવામુક્ત સરવૈયુનો આધાર મળ્યો હોવાનું તેમણે કહ્યું હતું. અહેવાલના સમય દરમિયાન વાર્ષિક ૪.૬ મેટ્રિક ટન ઉત્પાદન શરું કરવામાં આવ્યું છે અને અર્ધવાર્ષિકમાં વાર્ષિક વધુ ૬.૬ મેટ્રીક ટનનો વધારો થયો છે. એમ બાહેટીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૭ સુધીમાં અમારો પ્રતિ ટન ખર્ચનો લક્ષ્યાંક રૂ.૪,૨૫૦ છે. વર્ષના બીજા છ મહિનામાં વોલ્યુમ વધવાની અપેક્ષા છે. તાજેતરના રૂ. ૧૦-૧૫ ના ભાવ વધારા બાદ આગામી બે મહિનામાં ભાવમાં વધુ સુધારો થવાની અપેક્ષા છે.

તેમણે કહ્યું હતું કે ACC & Orient નું અંબુજા સિમેન્ટ્સ સાથે પ્રસ્તાવિત મર્જર અંતિમ મંજૂરીઓ માટે હવે NCLT માં આગળ વધશે."

બીજા અર્ધવાર્ષિક ગાળામાં સ્થિરતા અને ક્ષમતામાં વાર્ષિક કુલ ૩.૨ મેટ્રિક ટનનો વધારો થશે જેમાં ભટિંડા વાર્ષિક ૧.૨ મેટ્રિક ટન અને જોધપુર પેન્ના વાર્ષિક ૨ મેટ્રિક ટન સામેલ છે. બીજા અર્ધવાર્ષિક ગાળામાં વાર્ષિક ૨.૪ મેટ્રિક ટન ક્ષમતાના વારીસલીગંજ કાર્યરત થવાની અપેક્ષા છે.

નાણાકીય પરિણામ મુજબ ચાલુ નાણા વર્ષ ૨૭ના બીજા ત્રિમાસિકમાં કર બાદનો નફો રુ.૨૩૬ કરોડ થયો છે. અને અર્ધવાર્ષિક ગાળામાં રુ.૮૯૬ કરોડ થયો છે. કંપનીની મજબૂત દેવામુક્ત બેલેન્સ શીટમાં રૂ. ૭૨,૨૩૮ કરોડની ચોખ્ખી સંપત્તિ અને રૂ. ૧,૦૭૦ કરોડની રોકડ તથા રોકડ-સમકક્ષ અસ્કયામતો છે.

ક્રિસીલ, કેર, ઈન્ડીયા રેટીંગ્સ અને ઈક્રાએ સર્વોચ્ચ AAA / A1+ ક્રેડિટ રેટિંગ્સ આપ્યું છે.

અંબુજાના શેરધારકોએ ACC અને ઓરિએન્ટ સિમેન્ટના અંબુજા સિમેન્ટ્સ સાથેના પ્રસ્તાવિત વિલીનીકરણને મંજૂરી આપી છે, જે 'વન સિમેન્ટ પ્લેટફોર્મ'ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે; આ યોજનાઓ માટે જરૂરી મંજૂરીઓ મેળવવાની બાકી છે અને તે નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY'27) સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

ફોર્સ મોટર્સનું Q2 અને H1 FY2026–27 માટે મજબૂત પર્ફોર્મન્સ

ભારતની સૌથી મોટી વેન ઉત્પાદક અને શેર્ડ અને સ્પેસિયલાઈઝ્ડ મોબિલીટી ઉકેલોમાં અગ્રણી ફોર્સ મોટર્સ લિમિટેડે આજે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધા વર્ષ માટેના નાણાંકીય પરિણામોની આજે ઘોષણા કરી છે.

પર્ફોર્મન્સ પર ટિપ્પણી કરતા ફોર્સ મોટર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રસન ફિરોડિયાએ જણાવ્યું હતું કે, "હ્લરૂ૨૦૨૬–૨૭ના પ્રથમ છ મહિનાઓ સંક્રાંતિનો અને ફોર્સ મોટર્સ માટે નવેસરની ગતિનો ગાળો રહ્યો હતો. ન્યુ ટ્રાવેલર દ્વ રેન્જમાં સંપૂર્ણ સંક્રાંતિ અને અર્બેનિયા ડીલક્સનું લોન્ચ અમારા પ્રોડક્ટ પોર્ટફોલિયોને મજબૂત બનવવામાં અગત્યના પગલાં તરીકે અંકિત કરે છે. આ સમયગાળામાં કામગીરીયુક્ત એડજસ્ટમેન્ટના ગાળાનો સમાવેશ થયો હતો ત્યારે અમારી મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ અને અમારી ટીમ્સના પ્રયત્નોએ અમને ગતિ પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરી હતી જેમાં છેલ્લા બે મહિનાની તુલનામાં વોલ્યુમ્સમાં વધારો થયો હતો.

બન્ને નવી પ્રોડક્ટ્સનો પ્રતિભાવ પ્રોત્સાહક રહ્યો છે અને સ્વસ્થ ઓર્ડર પાઈપલાઈન સાથે અમે જ્યારે તહેવારની સિઝનનની નજીક જઈ રહ્યા છીએ ત્યારે આગામી મહિનાઓ માટે અમે આશાવાદી છીએ.

પશ્ચિમ રેલવ-અમદાવાદ મંડળ

ટ્રેક મશીનોનું રિપેરિંગ

ઈ-ટેન્ડર નોટિસ નં.: 3B 2026-27, તા. 29.10.2026; કામનું નામ: સીપીઓએચ, અમદાવાદ ખાતે 120 ટ્રેક મશીનોના પીઓએચ સંબંધિત રિપેરિંગનું કાર્ય, 03 વર્ષ માટે. **ટેન્ડર નં.: CWMCPOHADI 2026-27-3B; કામનું સ્થળ:** સીપીઓએચ / અમદાવાદ; **કામ પૂર્ણ કરવાની અવધિ:** 3 વર્ષ; **પ્રી-બિડ મીટિંગની તારીખ, સમય અને સ્થળ:** તા. 05/11/2026 ના રોજ 12:00 વાગ્યે, મુખ્ય કાર્યશાળા મેનેજર (સીપીઓએચ), અમદાવાદ, ટ્રેક મશીન વિભાગ, પશ્ચિમ રેલવે, વટવા, અમદાવાદ – 382440 ની કચેરી ખાતે. **જાહેરાત કરાયેલ ટેન્ડરની અંદાજિત કિંમત:** ₹1,15,17,40,814.70/-; **ઇએમડી રકમ:** ₹2,30,34,800.00/-; **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તા. 23/11/2026 ના રોજ 15:00 વાગ્યે; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** તા. 23/11/2026 ના રોજ 15:15 વાગ્યે; **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 29.10.2026; **વેબસાઇટ:** www.ireps.gov.in ADI – 201

અમને લાઈક કરો: facebook.com/WesternRly

લિંકન ફાર્માસ્યુટિકલ્સે H1 FY27માં રૂ. ૫૭.૫૦ કરોડનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો

લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (BSE: 531633, NSE: LINCOLN) ભારતની અગ્રણી હેલ્થકેર કંપનીઓમાંની એક છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂરા થયેલા છ મહિના (H1 FY27) દરમિયાન કંપનીએ રૂ. ૫૭.૫૦ કરોડનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો, જ્યારે H1 FY26માં આ આંકડો રૂ. ૪૭.૭૧ કરોડ હતો. આ રીતે નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૨૦.૫૨%નો વધારો થયો. H1 FY27માં ટોટલ ઈક્મ રૂ. ૪૦૨.૪૩ કરોડ રહી, જ્યારે H1 FY26માં તે રૂ. ૩૩૯.૯૩ કરોડ હતી, જે વાર્ષિક ધોરણે ૧૮.૩૯%નો વધારો દર્શાવે છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂરા થયેલા H1 FY27 દરમિયાન EBITDA રૂ. ૮૪.૯૨ કરોડ રહ્યો, જ્યારે H1 FY26માં તે રૂ. ૭૧.૭૪ કરોડ હતો. તેમાં વાર્ષિક ધોરણે ૧૮.૩૭%નો વધારો થયો. H1 FY27માં પ્રતિ શેર આવક (EPS) રૂ. ૨૮.૨૯ રહી. ૩૨મી વાર્ષિક સામાન્ય સભા (AGM)માં શેરધારકોએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રતિ શેર રૂ. ૧.૮૦ (૧૮%)ના ડિવિડન્ડને મંજૂરી આપી.

લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનાં ડિરેક્ટર શ્રી મુંજાલ પટેલે જણાવ્યું કે, "અમે વધુ એક મજબૂત ક્વાર્ટરના પરિણામો રજૂ કરી રહ્યા છીએ, જે સસ્ટેનેબલ ગ્રોથ અને લાંબા ગાળે વેલ્યુ ઊભી કરવા પરના અમારા ફોકસને દર્શાવે છે. હ્લરૂ૨૬ દરમિયાન, અમે ચાર નવા ડિવિઝન શરૂ કરીને ડોમેસ્ટિક માર્કેટમાં અમારી હાજરી વધારી હતી. ખાત્રાજ પ્લાન્ટના વિસ્તરણ અને નવી API ફેસિલિટી શરૂ કરીને અમારી મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને પણ મજબૂત બનાવી હતી.

ગોદરેજ કેપિટલે ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સમાં તેની ઉપસ્થિતિ મજબૂત કરી, ગાંધીનગરમાં હાજરીનું વિસ્તરણ કર્યું

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપની ફાઈનાન્સિયલ સર્વિસિસ શાખા ગોદરેજ કેપિટલે તેની પેટા કંપની ગોદરેજ હાઉસિંગ ફાઈનાન્સ દ્વારા ગાંધીનગરમાં વિસ્તરણ કરીને ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સમાં તેની ઉપસ્થિતિને મજબૂત કરી છે તેમજ રાજ્યમાં ઉચ્ચ સંભાવનાઓ ધરાવતા વહીવટી, ફિનટેક અને અર્બન ગ્રોથ માર્કેટ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી તરીકે ગાંધીનગરના વિકાસ તથા ગિફ્ટ સિટીના ઝડપી વિસ્તરણની મદદથી આ શહેર અગ્રણી એડમિનિસ્ટ્રેટિવ અને ફિનટેક હબ તરીકે ઉભરી રહ્યું છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ ૨ અને સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્લેવ સહિતની મોટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પહેલથી ગાંધીનગરમાં રેસિડેન્શિયલ માગને બળ મળી રહ્યું છે. આ પ્રોજેક્ટ્સ રિજનલ કનેક્ટિવિટીમાં વધારો કરવાની સાથે-સાથે રાયસણ, સરગાસણ અને કુડાસણ જેવાં માઈક્રો-માર્કેટ્સમાં હાઉસિંગ માગને અનલોક કરી રહ્યાં છે.

આ ઉપરાંત એજ્યુકેશન અને નોલેજ સેન્ટર તરીકે ગાંધીનગરનું વધતું કદ, આઈઆઈટી ગાંધીનગર અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જેવી સંસ્થાઓને કારણે ભાડાની માગ જોવા મળી રહી છે તેમજ સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને ટેકો મળી રહ્યો છે. ભેગા મળીને આ પ્રવૃત્તિઓ ગાંધીનગર અને તેની આસપાસના માઈક્રો-માર્કેટ્સમાં રેસિડેન્શિયલ માગને મજબૂત બનાવી રહી છે, જેનાથી પગારદાર, સ્વ-રોજગારી અને પહેલીવાર ઘર ખરીદનારાઓ વચ્ચે એફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સ માટે તકો સર્જાઈ રહી છે.

આ વિસ્તરણ અંગે પ્રતિક્રિયા આપતાં ગોદરેજ હાઉસિંગ ફાઈનાન્સના એમડી અને સીઈઓ મેહરનોશ ટાટાએ કહ્યું હતું કે, "અમે સમગ્ર ગુજરાતમાં હાઉસિંગ ફાઈનાન્સની માગમાં વૃદ્ધિ જોઈ રહ્યાં છીએ અને વિશેષ કરીને એવાં માર્કેટ્સમાં કે જ્યાં આવકમાં વધારો અને એફોર્ડેબિલિટીમાં સુધારાથી વધુ પરિવારો ઘર ખરીદવા પ્રોત્સાહિત થઈ રહ્યાં છે. અમારું વિસ્તરણ આ માર્કેટ્સમાં ઉપલબ્ધ તકો તથા ગ્રાહકોને સરળ, સુવિધાજનક અને તેમની જરૂરિયાત મુજબના સોલ્યુશન્સ સાથે સેવા પ્રદાન કરવાની અમારી કટીબદ્ધતા દર્શાવે છે. અમે સમગ્ર રાજ્યમાં અમારી ઉપસ્થિતિ વધારી રહ્યાં છીએ ત્યારે અમારું ધ્યાન જવાબદારીથી ઘર ખરીદવા તથા સુવિધાજનક ધિરાણ અનુભવ ડિલિવર કરવા ઉપર કેન્દ્રિત છે."

ભારત સરકારના 'હાઉસિંગ ફોર ઓલ'ના વ્યાપક વિઝનને સપોર્ટ કરતાં ગોદરેજ કેપિટલ પગારદાર અને સ્વ-રોજગાર ધરાવતા ગ્રાહકો માટે ફ્લેક્સિબલ મુદત સાથે એફોર્ડેબલ હાઉસિંગ લોન ઓફર કરે છે, જેમાં પહેલીવારના ઘર ખરીદનારાઓનો પણ સમાવેશ થાય છે. તેની ઈકોસિસ્ટમ સંચાલિત રણનીતિના ભાગરૂપે કંપની ઉભરતાં માઈક્રો-માર્કેટ્સ સુધી પહોંચવા ૪,૦૦૦થી વધુ લોકલ કનેક્ટર્સ, ડેવલપર્સ અને ચેનલ પાર્ટનર્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરી રહી છે તેમજ વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં રૂ. ૧૧,૮૦૦ કરોડથી વધુ એયુએમનું લક્ષ્ય ધરાવે છે.

મેક્સવેલ એન્જિનિયરિંગ સોલ્યુશન્સના IPO નો આજે બજારમાં પ્રવેશ

મેક્સવેલ એન્જિનિયરિંગ સોલ્યુશન્સ લિમિટેડ ("મેક્સવેલ" અથવા "કંપની"), જે અંડરવોટર પેલેટાઈઝિંગ સિસ્ટમ્સ (underwater pelletizing systems) માટેના મહત્વપૂર્ણ ઘટકોના ઉત્પાદન, વેપાર અને સર્વિસિંગમાં કાર્યરત એક પ્રિસિઝન એન્જિનિયરિંગ કંપની છે, તેણે શુક્રવાર, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO)ની શરૂઆત કરવાની જાહેરાત કરી છે. આ ઈશ્યૂ મંગળવાર, ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે અને કંપનીના ઈક્વિટી શેર NSE Emerge પર લિસ્ટ કરવામાં આવશે. એંકર ઈન્વેસ્ટર (Anchor Investor) માટેની બિડિંગ પ્રક્રિયા ગુરુવાર, ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ હતી.

આ IPOમાં ?૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૩૬,૪૮,૦૦૦ સુધીના નવા ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. શેર દીઠ પ્રાઈસ બેન્ડ ?૧૫૦ થી ?૧૫૮ નક્કી કરવામાં આવી છે, જેમાં લોટ સાઈઝ ૮૦૦ ઈક્વિટી શેરની (અથવા તેના ગુણાંકમાં) રહેશે.

જેડીએકેપિટલ સર્વિસીસ લિમિટેડ (જે અગાઉ બીલાઇન બ્રોકિંગ લિમિટેડ તરીકે જાણીતી હતી) આ ઈશ્યૂ માટે 'બુક રનિંગ લીડ મેનેજર' છે, જ્યારે કે ફિનટેક્નોલોજીસ લિમિટેડ 'રજિસ્ટ્રાર' તરીકે કાર્યરત છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ટેન્ડર નોટિસ (2026-2027)

અ.નં	ખાતું	ટેન્ડર નંબર/ટેન્ડરની વિગત / ટેન્ડર વેબસાઇટ
1	CENTRAL LABORATORY	**Short E-TENDER NOTICE NO: 03/2026-27** **Short E-Tender No: 03/2026-27 Provide Unskilled Manpower for Laboratory work to the Central Laboratory of Ahmedabad Municipal Corporation** **DETAILS AND TENDER AVAILBLE ON:** **https://amc.nprocure.com**
2	ELECTRICAL DEPARTMENT	**TENDER NOTICE** 1. Comprehensive Maintenance contract of Diff. Capacity A.C., Water Cooler, Water purifier and Refrigerator at Diff. Premises of North Zone of AMC. 2. Rate contract for S.I.T.C Work of Different capacity Split Type Air-conditoners and Different Refrigerators withBuy-Back Scheme at various office-building Premises of AMC in limit of 30.00 Lac. 3. Rate contract for Supply of different Electrical materials in East Zone and NORTH zone of AMC Tender details available on https://tender.nprocure.com
3	ELECTRICAL DEPARTMENT	**SHORT TENDER NOTICE** Operation and Comprehensive Maintenance of existing Internal and External Electrification work for the period of 2 Years at 7th and 8th floor (ICU ward) in L.G. Multistoried Hospital Building Maninagar, Ahmedabad. Tender details available on www.tender.nprocure.com

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

અનુસૂચિત જાતિના માન્યતા રદ થયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો સામે નવી છાત્રાલયો ફાળવવા અરજીઓ મંગાવવા અંગે જાહેરાત

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે વર્ષ:૨૦૨૭-૨૮માં અનુસૂચિત જાતિના ધોરણ ૫ થી ૧૨ ના કુમાર અને કન્યાઓ માટે અમદાવાદ,મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને જૂનાગઢ જિલ્લાઓમાં ગ્રાન્ટ-ઇન-એઇડના ધોરણે ૨૦ (વીસ)ની માન્ય સંખ્યા સાથેના બંધ છાત્રાલય સામે નવા છાત્રાલય આગામી સત્ર જૂન-૨૦૨૭થી શરૂ કરવા ઈચ્છતી રજીસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી નીચેની શરતોને આધીન રહીને તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં નિયત નમુનામાં દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવે છે.

શરતોઃ-

(૧) સંસ્થા પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ નીચે નોંધાયેલી હોવી જોઇએ.

(૨) અરજી કરનાર સંસ્થાએ આર્થિક સધ્ધરતા અંગેનું રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીનું બેંક બેલેન્સ (સિલક) સર્ટીફીકેટ જાહેરાતની તારીખ પછીનું અને અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલાનું રજૂ કરવાનું રહેશે.

(૩) સંસ્થાએ છાત્રાલયના મકાન અંગેના પુરાવા સાથે જોડવાના રહેશે.

(૪) સમાજ સંચાલિત ટ્રસ્ટને અગ્રતા આપવામાં આવશે.

(૫) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય શરૂ કરવા માટેનું નિયત અરજી પત્રક જિલ્લા કક્ષાએ સંબંધિત નાયબ નિયામકશ્રીની કચેરીમાંથી અથવા સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)ની કચેરીમાંથી રૂ.૧૦/- (દસ) રોકડા ભરીને મેળવવાનું રહેશે. જે નિયત અરજી પત્રક સંપૂર્ણ વિગતો અને આધાર-પુરાવાઓ સાથે ભરીને તે જ કચેરીને તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં કુલ ૩ (ત્રણ) નકલમાં રજુ કરવાનું રહેશે.

(૬) ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયની અરજીની પ્રોસેસ ફી રૂા.૫૦૦/-(પાંચસો) જે તે કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૭) જે છાત્રાલયની અરજી માન્ય રાખવામાં આવે તેની પાસેથી નોન રીફંડેબલ ફી રૂા.૫૦૦/-(પાંચસો) ચલણથી ભરવાની રહેશે.

(૮) અધૂરી વિગતોવાળી અથવા સમય મર્યાદા પછીની દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહીં. તેમજ આ જાહેરાત અગાઉ આ બાબતે કરેલી દરખાસ્તો, રજુઆતો ધ્યાને લેવામાં આવશે નહીં.

(૯) મળેલ અરજીઓ પૈકી ફાળવણી કર્યા બાદ બાકી રહેલી તમામ અરજીઓ આપોઆપ દફતરે ગણાશે. અને તે અંગે કોઇપણ જાતનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

વેબસાઇટ www.sje.gujarat.gov.in પરથી પણ જાહેરાત જોઇ શકશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાતરાજય, ગાંધીનગર

ઓસ્ટ્રેલિયાની કેપ્ટન પર રૂપિયાનો વરસાદ

WPL 2027 ઓક્શનમાં અનેક ખેલાડીઓને નવી ટીમો મળી

કોચી, તા.૨૯

કોચીમાં આયોજીત વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૭ની ઓક્શનમાં અનેક ખેલાડીઓને નવી ટીમો મળી છે. ફ્રેન્ચાઈઝીઓએ પોતાની ચોક્કસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બોલી લગાવી છે. આ દરમિયાન અનુભવી ભારતીય ખેલાડીઓને ખરીદદારો મળ્યા છે, જ્યારે ટીમોએ વિદેશી પ્રતિભાઓ પર પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર સોફી મોલિનેક્સ સૌથી વધુ મોંઘી ખેલાડી રહી. તેને યુપી વોરિયર્ઝ દ્વારા રૂ.૧.૧ કરોડમાં ખરીદવામાં આવી.



ભારતીય ખેલાડીઓમાં આક્રમક બેટર કિરણ નવગીરેને દિલ્હી કેપિટલ્સ દ્વારા રૂ.૭૫ લાખમાં ખરીદવામાં આવી. પોતાની આક્રમક બેટિંગ સ્ટાઈલ માટે જાણીતી કિરણ પાસેથી આગામી સિઝનમાં ટીમ માટે શાનદાર પ્રદર્શનની અપેક્ષા છે. બીજી તરફ યુવા વિકેટકીપર-બેટ્સમેન જી. કમલિનીને ગુજરાત જાયન્ટ્સ દ્વારા ?૪૦ લાખમાં ટીમમાં સામેલ કરવામાં આવી, જેનો ઉદ્દેશ ફ્રેન્ચાઈઝીની બેટિંગ લાઈનઅપને મજબૂત કરવાનો છે.

ટીમોએ અનુભવી ભારતીય ખેલાડીઓ પર દાવ લગાવ્યો છે. યુપી વોરિયર્ઝએ સ્નેહ રાણા અને વિકેટકીપર સુષ્મા વર્માને રૂ.૩૦-૩૦ લાખમાં ખરીદ્યા છે, તેમનો અનુભવ ટીમ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, ઓસ્ટ્રેલિયાની ગ્રેસ હેરિસ રૂ.૩૦ લાખમાં યુપી વોરિયર્ઝ સાથે જોડાઈ, જ્યારે આઈરિશ ઓલરાઉન્ડર ઓર્લાને ગુજરાત જાયન્ટ્સ દ્વારા ૩૦ લાખમાં ખરીદવામાં આવી છે. આમ, વિવિધ ટીમોએ પોતાની ચોક્કસ જરૂરિયાતો મુજબ ભારતીય અને વિદેશી ખેલાડીઓને પોતાની ટીમમાં સામેલ કર્યા છે.

WPL 2027 ઓક્શનના ૧૦ સૌથી મોંઘા ખેલાડી

સોફી મોલિનેક્સ (ઓસ્ટ્રેલિયા) - UP વોરિયર્ઝ - રૂ.૧.૧૦ કરોડ

કિરણ નવગીરે (ભારત) - દિલ્હી કેપિટલ્સ - રૂ.૭૫ લાખ

જી. કમલિની (ભારત) - ગુજરાત જાયન્ટ્સ - રૂ.૪૦ લાખ

જેસ જોનાસેન (ઓસ્ટ્રેલિયા) - રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ - રૂ.૪૦ લાખ

સ્નેહ રાણા (ભારત) - UP વોરિયર્ઝ - રૂ.૩૦ લાખ

ગ્રેસ હેરિસ (ઓસ્ટ્રેલિયા) - UP વોરિયર્ઝ - રૂ.૩૦ લાખ

ઓર્લા પ્રેન્ડરગાસ્ટ (આયર્લેન્ડ) - ગુજરાત જાયન્ટ્સ - રૂ.૩૦ લાખ

સુષ્મા વર્મા (ભારત) - UP વોરિયર્ઝ - રૂ.૩૦ લાખ

લતિકા ઈનામદાર (ભારત) - મુંબઈ ઈન્ડિયન્સ - રૂ.૧૦ લાખ

ઓક્શન પહેલાં ટીમોએ પોતાની વર્તમાન ટીમો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ જે WPL 2026માં પ્લેઓફ સુધી પહોંચી હતી. તેમણે પોતાના મુખ્ય ખેલાડીઓને રીટેન કર્યા હતા.



જાણીતા ફૂટબોલર નેમાર સામે મોટી કાર્યવાહી, મોઢું સંતાડી ઝઘડ્યો હતો, હવે ૩ મેચનો બૅન મૂકાયો

બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલર નેમાર જુનિયરને મેદાન પર પ્રતિસ્પર્ધી ખેલાડી સાથે ઝઘડો કરવા દરમિયાન મોઢું ઢાંકવું ભારે પડ્યું છે. બ્રાઝિલની સ્પોર્ટ્સ ટ્રિબ્યુનલે આ મામલે તેના પર બે મેચનો વધારાનો પ્રતિબંધ લગાવી દીધો છે. યલો કાર્ડ જમા હોવાને કારણે પહેલેથી જ એક મેચનો પ્રતિબંધનો સામનો કરી રહેલા નેમાર હવે કુલ ત્રણ મેચમાંથી બહાર રહેશે.

આ વિવાદ ૨૫ ઓક્ટોબરે બહિયા અને સેન્ટોસ વચ્ચે યોજાયેલી મેચ દરમિયાન થયો હતો. આ મામલે કાર્યવાહીનું કારણ એક ખાસ પ્રોટોકોલ છે, જે રિયલ મેડ્રિડના સ્ટાર વિનીસિયસ જુનિયર સાથે જોડાયેલા વિવાદ બાદ બનાવવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલ મુજબ નેમાર જુનિયરનું મોઢું ઢાંકીને પ્રતિસ્પર્ધી સાથે ઝઘડો કરવો એ આ પ્રોટોકોલનું ઉલ્લંઘન હતું.

વાસ્તવમાં આ વર્ષની શરૂઆતમાં વિનીસિયસ જુનિયરે ચેમ્પિયન્સ લીગની એક મેચ દરમિયાન આરોપ લગાવ્યો હતો કે, એક પ્રતિસ્પર્ધી ખેલાડીએ જર્સીથી મોઢું ઢાંકીને તેમની વિરુદ્ધ જાતિવાદી ટીપ્પણી કરી હતી. આ ઘટના બાદ આવી પરિસ્થિતિઓમાં ખેલાડીઓ દ્વારા મોઢું ઢાંકવા સાથે જોડાયેલા વ્યવહાર પર રોક લગાવવા માટે પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યો.

યલો કાર્ડને કારણે લાગેલા પ્રતિબંધ અંતર્ગત નેમાર જુનિયર બુધવારે (૨૮ ઓક્ટોબર) પાલ્મેરાસ વિરુદ્ધ બ્રાઝિલિયન લીગનો મુકાબલો રમ્યો નહોતો. ત્યારબાદ મોઢું ઢાંકવાના મામલામાં લગાવવામાં આવેલા બે મેચના પ્રતિબંધને કારણે પણ તેને બહાર રહેવું પડશે. જેના કારણે તેની વાપસી નવેમ્બરના અંત સુધી ટળી શકે છે.

જોકે, નેમાર જુનિયર અને સેન્ટોસ પાસે આ નિર્ણય વિરુદ્ધ અપીલ કરવાનો વિકલ્પ છે. અપીલ પર નિર્ણય આવ્યા બાદ જ સ્પષ્ટ થશે કે પ્રતિબંધમાં કોઈ ફેરફાર થાય છે કે નહીં. હાલમાં આ કાર્યવાહીએ સેન્ટોસની મુશ્કેલીઓ વધારી દીધી છે, કારણ કે ટીમને પોતાના અનુભવી સ્ટાર વગર આગામી મેચ રમવી પડશે.

ઈશાન કિશનની વાપસી થઈ તો વૈભવ સૂર્યવંશીનું પત્તું કપાશે કે મળશે નવો રોલ? મોટો સવાલ

ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ચોથી T20I ઈડન પાર્કમાં રમાશે. ભારતે સીરિઝ ૩-૦થી જીતી છે, હવે જીતનો સિલસિલો ચાલુ રાખવા પ્રયાસ કરશે. ઈજાગ્રસ્ત ઈશાન કિશનની વાપસી થતાં વૈભવ સૂર્યવંશીની જગ્યા જોખમમાં છે. વૈભવ ૧૯ બોલમાં ૪૫ રન બનાવી ફોર્મમાં છે. અભિષેક શર્મા કે સંજુ સેમસનને બહાર બેસાડી વૈભવને તક મળી શકે છે. બોલિંગમાં ભુવનેશ્વર કુમારની જગ્યાએ મયંક યાદવને તક અપાઈ શકે છે.



ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચોથી T20I મેચ ઈડન પાર્ક ખાતે રમાશે. ટીમ ઈન્ડિયા ૩-૦થી સીરિઝ પર કબજો જમાવી ચૂકી છે અને હવે આગામી બે મેચોમાં પણ ટીમ ઈન્ડિયા જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. વેસ્ટ ઈન્ડિઝ સામે વૈભવ સૂર્યવંશીને રમવાની તક નહોતી મળી, પરંતુ ન્યુઝીલેન્ડ સામેની T20I સીરિઝમાં તેને અત્યાર સુધી બે મુકાબલા રમવાની તક મળી છે. જોકે, હવે સૂર્યવંશીની જગ્યા પર ખતરો છે, કારણ કે ટીમમાં ઈશાન કિશનની વાપસી થઈ શકે છે.

ઈશાન કિશન ભારતીય T20I ટીમનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે અને થોડા દિવસો પહેલા સુધી તે ICC T20I રેંકિંગમાં નંબર ૧ બેટ્સમેન હતા. પ્રથમ T20Iમાં ફિલ્ડિંગ કરતી વખતે કિશનને ઈજા થઈ હતી, જેના કારણે તે બીજી અને ત્રીજી T20Iનો ભાગ બની નહોતો શક્યો. કિશન પ્રમુખ બેટ્સમેન છે અને જો તે ફિટ છે, તો તેની સીધી ટીમમાં એન્ટ્રી થશે. વૈભવ સૂર્યવંશી પ્લેઈંગ ૧૧માં તેની જગ્યાએ હિસ્સો બન્યો હતો. ઈશાનને ટીમમાં સામેલ કરવા માટે વૈભવ સૂર્યવંશીને બહાર કરવામાં આવી શકે છે.

વૈભવ સૂર્યવંશી ત્રીજી T20Iમાં શાનદાર ફોર્મમાં હતો. તેણે ૧૯ બોલમાં ૪૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી. સારા પ્રદર્શન છતાં તેને બહાર કરવા યોગ્ય નહીં ગણાય. જો ઈશાનની વાપસી પછી પણ વૈભવને ટીમ મેનેજમેન્ટ પ્લેઈંગ ૧૧નો હિસ્સો રાખવા માંગતું હોય, તો અભિષેક શર્મા અથવા સંજુ સેમસનને બહાર બેસાડી શકાય છે. અભિષેક સતત ક્રિકેટ રમી રહ્યો છે અને ઓપનર તરીકે તેનું સ્થાન નક્કી છે. ટીમ ઈન્ડિયા સીરિઝ જીતી ગઈ છે અને હવે અંતિમ બે મેચોમાં પ્રયોગ કરી શકાય છે. આ જ કારણથી અભિષેક શર્માને એક મેચ માટે આરામ આપી શકાય છે. સંજુ સેમસન અને વૈભવ સૂર્યવંશી ઓપનિંગ કરી શકે છે. બીજી T20Iમાં વૈભવ નંબર ૩ પર રમ્યો હતો પરંતુ ત્રીજા મુકાબલામાં તેણે ઓપનિંગ કરી હતી. કિશનની વાપસી પછી પણ વૈભવ ઓપનિંગ કરી શકે છે.

મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સ્ટાફમાં ફેરફાર

મુંબઈ ઈન્ડિયન્સે IPL ૨૦૨૭ પહેલાં પોતાની મેન્સ ટીમના કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ લસિથ મલિંગા, પારસ મ્હામ્બ્રે અને કાર્લ હોપકિન્સનના પોતાની-પોતાની ભૂમિકાઓથી અલગ થવાની જાહેરાત કરી છે. ટીમે ત્રણેયને તેમના યોગદાન અને સેવાઓ બદલ આભાર માન્યો. શ્રીલંકાના ભૂતપૂર્વ ઝડપી બોલર લસિથ મલિંગા મુંબઈ ઈન્ડિયન્સ માટે ખેલાડી તરીકે પણ રમી ચૂક્યા છે. તેમણે ટીમની અનેક સફળતાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. નિવૃત્તિ બાદ તેઓ મુંબઈ ઈન્ડિયન્સના બોલિંગ કોચ બન્યા અને ટીમના બોલરો સાથે કામ કર્યું. પારસ મ્હામ્બ્રે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બોલિંગ કોચ છે. તેઓ મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સ્ટાફનો ભાગ રહી ચૂક્યા છે. તેમને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોચિંગનો અનુભવ છે.

કાર્લ હોપકિન્સન મુંબઈ ઈન્ડિયન્સના ફિલ્ડિંગ કોચ તરીકે કામ કરી રહ્યા હતા. તેમની જવાબદારી ખેલાડીઓની ફિલ્ડિંગ સુધારવા અને આ વિભાગને લગતી તૈયારીઓ પર ધ્યાન આપવાની હતી. હવે તેઓ પણ પોતાની ભૂમિકાથી અલગ થઈ ગયા છે.

રવીન્દ્ર જાડેજાને ૧૯૮૩ દિવસ બાદ ICC નો ઝટકો

ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ની જારી તાજેતરની રેંકિંગમાં એક બાબત સામે આવી, જેના પર કોઈનું ધ્યાન ન ગયું, પરંતુ આનાથી રવીન્દ્ર જાડેજાને મોટો ઝાટકો મળ્યો છે. વાસ્તવમાં ભારતીય ઓલરાઉન્ડર ૧૯૮૩ દિવસો સુધી ટેસ્ટ ક્રિકેટનો નંબર-૧ ઓલરાઉન્ડર બની રહ્યો, પરંતુ હવે આ તાજ તેના શિરેથી છીનવાઈ ગયુ છે.

ગકરબેહામાં તેણે ૮૫ રન બનાવ્યા હતા અને પહેલી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપી હતી. આ દમદાર પ્રદર્શન પછી ૨૬ વર્ષીય જેન્સેન ટેસ્ટ બેટિંગમાં ૧૩ સ્થાન ઉપર ચઢીને ૫૬મા નંબરે પહોંચ્યો છે, બોલિંગમાં ૫ સ્થાન ઉપર આવીને મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને નંબર-૧ બોલર બની ગયો અને ઓલરાઉન્ડર રેંકિંગમાં એક નંબર ઉપર ચઢીને જાડેજાનું રાજ ખતમ કરી દીધું. જાડેજા હવે ૪૨૨ રેટિંગ પોઈન્ટ્સ સાથે બીજા નંબર પર છે.

બહુ રસપ્રદ છે ઉમા કાશ્વીની કહાની

WPL ધમાલ મચાવવા આવી રહી છે ૧૫ વર્ષની ખેલાડી

નવી દિલ્હી, તા.૨૯

બુધવારે થયેલા વિમેન્સ પ્રીમિયર લીગ ઓક્શનમાં ઉમા કાશ્વીએ ઈતિહાસ રચ્યો. તે WPL ઓક્શનમાં વેચાણ પામનારી સૌથી નાની ઉંમરની ખેલાડી બની ગઈ છે. ઘરેલુ ક્રિકેટમાં કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરતી ઉમા માત્ર ૧૫ વર્ષની છે, જેને દિલ્હી કેપિટલ્સે ૧૦ લાખ રૂપિયાના તેની બેઝ પ્રાઈસ પર ખરીદી. તેની વાર્તા વૈભવ સૂર્યવંશી સાથે મળે છે, જે IPL માં રમવાવાળો સૌથી નાની ઉંમરનો ખેલાડી છે.



વિમેન્સ પ્રીમિયર લીગની પાંચમી એડિશન માટે ઓક્શન પ્રક્રિયા બુધવારે કોચીમાં પૂર્ણ થઈ, જે મિની ઓક્શન હતું. ઓસ્ટ્રેલિયાની સોફી મોલિન્યુક્સ આ ઓક્શનમાં સૌથી મોંઘી વેચાણ પામનારી ખેલાડી રહી, જેને યુપી વોરિયર્સે ૧.૧ કરોડ રૂપિયામાં ખરીદી. મોલિન્યુક્સની બેઝ પ્રાઈસ ૫૦ લાખ રૂપિયા હતી. સૌથી મોંઘી વેચાણ પામનારી ભારતીય ક્રિકેટર કિરણ નવગીરે રહી. તેને પણ દિલ્હી કેપિટલ્સે ખરીદી. દિલ્હીએ જ ઉમા કાશ્વીને ખરીદી. ભારતે ૨૦૧૧ માં જ્યારે વનડે વર્લ્ડ કપ જીત્યો હતો, તેના એક અઠવાડિયા પહેલા ઉમા કાશ્વીનો જન્મ થયો હતો. ઉમાનો જન્મ ૯ એપ્રિલ, ૨૦૧૧ ના રોજ થયો હતો. વૈભવ સૂર્યવંશીનો જન્મ પણ ૨૦૧૧ માં જ થયો હતો, જેણે ૧૫ વર્ષની ઉંમરે આઈપીએલ ડેબ્યૂ કર્યું હતું.

જોકે વૈભવને જ્યારે રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો હતો, ત્યારે તેની ઉંમર માત્ર ૧૪ વર્ષ હતી. રાજસ્થાન તેને ૧.૧ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે આઈપીએલ ઈતિહાસમાં કોઈ ટીમમાં સામેલ થવાવાળો સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો હતો, ઉમા કાશ્વી વિમેન્સ પ્રીમિયર લીગમાં કોન્ટ્રેક્ટ મેળવવાવાળી સૌથી નાની ઉંમરની ખેલાડી બની ગઈ છે.

ઉમા કાશ્વીએ આ મામલે હરિયાણાની દીયા યાદવનો રેકોર્ડ તોડ્યો, જે ગયા વર્ષે દિલ્હી કેપિટલ્સમાં સામેલ થઈ હતી. દીયાએ ૧૬ વર્ષની ઉંમરે ઉન્કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો. ઉમા કાશ્વી જ્યારે ૭ વર્ષની હતી, ત્યારે તેણે ઘર પાસે એક ક્રિકેટ એકેડેમી જોઈન કરી. તે સતત સારું કરતી રહી, ખૂબ જ નાની ઉંમરે તેણે પોતાની અલગ ઓળખ બનાવી લીધી. હવે ૧૫ વર્ષની ઉંમરે વિમેન્સ પ્રીમિયર લીગમાં જગ્યા બનાવી લીધી છે, જ્યાં પોતાના પ્રદર્શનના દમ પર તે નેશનલ ટીમમાં પણ જગ્યા બનાવી શકે છે. વૈભવ સૂર્યવંશીની વાર્તા પણ થોડી આવી જ છે, તે પણ આઈપીએલ ડેબ્યૂ પહેલા માત્ર પોતાની ઉંમરને લઈને જ ચર્ચામાં હતો. તેણે પ્રદર્શનના દમ પર નેશનલ ટીમમાં જગ્યા બનાવી લીધી. ઉમા કાશ્વી ઘરેલુ ક્રિકેટમાં કર્ણાટક માટે રમે છે, તે ઓલરાઉન્ડર છે. જમણા હાથની બેટ્સમેન ઉમા ઓફ સ્પિન બોલિંગ કરે છે. વિમેન્સ અંડર-૧૫ ટૂર્નામેન્ટમાં તેણે ૫૧૬ રન બનાવ્યા હતા, જે પછી તેના નામની ચર્ચાઓ થવા લાગી હતી.

EARAZA વાર્ષિક કોન્ફરન્સ- ૨૦૨૬ માટે વનતારાએ વૈશ્વિક વન્યજીવ સમુદાયને જામનગરમાં એકત્ર કર્યો

'યુરેશિયન રિજનલ એસોસિએશન ઓફ ઝૂ એન્ડ એક્વેરિયમ્સ' (EARAZA)ની વાર્ષિક કોન્ફરન્સ ૨૦૨૬નું વનતારા દ્વારા ૨૬થી ૨૯ ઓક્ટોબર દરમિયાન આયોજન કરાયું છે. જેમાં ૩૦ દેશની ૯૮ સંસ્થાઓ અને ભારતની ૨૯ ઝૂઓલોજિકલ સંસ્થાના અગ્રણીઓ, પશુચિકિત્સકો (વેટરનરી ડૉક્ટર્સ), વૈજ્ઞાનિકો અને વન્યજીવ સંરક્ષકો એક મંચ પર એકત્રિત થયા છે. "વન્યજીવ સંરક્ષણ માટે વૈશ્વિક ભાગીદારીના સુદ્રઢીકરણ" થીમ આધારિત આ કોન્ફરન્સમાં સીમાડાઓને વિસરાવીને સંકલિત પગલાંને પ્રોત્સાહિત કરવા માટે સહિયારા જ્ઞાન અને ડેટા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ઉદ્ઘાટન સમારોહમાં ત્રણ વખતના ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર અને પર્યાવરણવિદ્ રિકી કેજ દ્વારા સંગીતમય પ્રસ્તુતિ કરાઈ હતી. ત્યારબાદ EARAZAના પ્રમુખ સુશ્રી સ્વેત્લાના અકુલોવા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સના પ્રો. રમણ સુકુમાર, તેમજ સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના સભ્ય સચિવ ડૉ. વી. ક્લેમેન્ટ બેન દ્વારા પરંપરાગત દીપપ્રાગટ્ય કરાયું હતું. યજમાનપદેથી પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં વનતારાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) શ્રી વિવાન કરાણીએ જાહેરાત કરી હતી કે, તમામ EARAZA સભ્યોને એક વર્ષ માટે 'ANTZ સોફ્ટવેર પ્લેટફોર્મ' વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાશે. 'ANTZ' એ ઝુઓલોજિકલ સંસ્થાઓના વ્યવસ્થાપન માટેનું એક સુરક્ષિત ક્લાઉડ પ્લેટફોર્મ છે, જેનું 'ઓપન ડેટા એક્સચેન્જ' સભ્યોને પારસ્પરિક માહિતીની આપ-લેની સુવિધા પૂરી પાડે છે.

"વનતારાનો અર્થ થાય છે 'વનનો તારો'. પરંતુ એક જ તારો સમગ્ર આકાશને પ્રકાશિત કરી શકતો નથી; તેના માટે સમગ્ર નક્ષત્રમંડળની જરૂર પડે છે. અમે અહીં માત્ર અમે જે નિર્માણ કર્યું છે તેની માહિતી આપવા માટે નથી ઉપસ્થિત રહ્યા. અમે તમારી પાસેથી શીખવા, તમારી સાથે સહયોગ સાધવા અને તમારા કામને ટેકો આપવા આવ્યા છીએ, કારણ કે જ્યારે કોઈ એક સંસ્થા પ્રગતિ કરે છે, ત્યારે બીજા માટે પણ તેની સાથે પ્રગતિ કરવાની તકો ઊભી થવી જોઈએ." — વિવાન કરાણી, CEO, વનતારા

"આજના સમયમાં વન્યજીવ સંરક્ષણ રાષ્ટ્રીય સરહદો સુધી સીમિત રહી શકે નહીં. જ્યારે સંસ્થાઓ ડેટા, નિપૂણતા અને જવાબદારીઓની વહેંચણી કરે છે, ત્યારે દરેક પ્રોજેક્ટ વધુ મજબૂત બને છે. આ પરિષદ આપણું નેટવર્ક એક વાસ્તવિક અને સુદ્રઢ ભાગીદારીમાં પરિવર્તિત કરવા માટેનો પ્રયાસ છે." **— સ્વેત્લાના અકુલોવા, પ્રમુખ, EARAZA**

"હાથીઓએ મને શીખવ્યું છે કે સંરક્ષણ એ એક લાંબી સફર છે, જે ધીરજપૂર્વકના વિજ્ઞાન, આપણે જે શીખ્યા છીએ તેની અન્યો સાથે વહેંચણી કરવાની તત્પરતા અને બદલાતા સંજોગો અનુસાર આપણી કાર્યપદ્ધતિને અનુકૂળ બનાવવાના અભિગમથી સંચાલિત થાય છે. ભારતમાં, કે જ્યાં વિશ્વના સૌથી વધુ એશિયાઈ હાથીઓ વસે છે, વૈશ્વિક સમુદાયને આ જ ઉદ્દેશ સાથે એકત્ર થયેલો જોવો એ અત્યંત પ્રોત્સાહક છે." — પ્રો. રમણ સુકુમાર, એશિયાઈ હાથી ઈકોલોજિસ્ટ અને માનદ પ્રાધ્યાપક, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ

"ઝુઓલોજિકલ સંસ્થાઓ સંરક્ષણ, સંશોધન અને જાહેર જાગૃતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રકારના મેળાવડા પ્રાણી કલ્યાણના ધોરણોને ઉચ્ચ સ્તરે લઈ જવામાં અને વિવિધ પ્રદેશો વચ્ચે સહકારને મજબૂત બનાવવામાં સહાયરૂપ થાય છે." — ડૉ. વી. ક્લેમેન્ટ બેન, સભ્ય સચિવ, સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય

પરિષદની મુખ્ય ફળશ્રુતિઓ

આ કાર્યક્રમ આધુનિક વન્યજીવ સંરક્ષણના નકશા સમાન પ્રતીત થાય છે. રશિયાના દૂર-દૂરના જંગલોથી લઈને આર્ક્ટિકના બરફ સુધી, વિવિધ પ્રજાતિઓના સંયોજકો અમુર વાઘ, ઓરિએન્ટલ સ્ટોર્ક, બ્લેકિસ્ટન્સ ઈગલ-આઉલ અને ગ્રેટ બસ્ટાર્ડ માટેના સરહદપારના કાર્યક્રમોની ચર્ચા કરી રહ્યા છે; સાથે જ બોઈગા સાપ અને લાંબા કાનવાળા હેજહોગના પુનઃસ્થાપન (રીઈન્ટ્રોડક્શન) માટેના બહુ ઓછા જાણીતા પ્રયાસો વિશે પણ સંયુક્ત મનોમંથન ચાલી રહ્યું છે. સુશ્રી અકુલોવાએ જૈવવિવિધતા સંરક્ષણ માટે ગ્લોબલ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિઝન રજૂ કર્યું છે, જેથી કોઈ એક સંસ્થાના તારણો અને સંશોધનો અન્યોના નિર્ણયોને માર્ગદર્શિત કરી શકે.

આ સંવાદ માત્ર ચોક્કસ પ્રજાતિઓ પૂરતો સીમિત નથી. આ કોન્ફરન્સની પેનલ્સમાં એ બાબતોનું પણ મૂલ્યાંકન કરાઈ રહ્યું છે કે દરેક પ્રાણીના સંવર્ધન પરિણામોના આધારે તેમના કલ્યાણના પ્રયાસોને કેવી રીતે માપી શકાય, સંભાળ કેન્દ્રોમાં કટોકટી અને કુદરતી આફતોના સમયે કેવી રીતે સજ્જ રહેવું, તેમજ વિવિધ પ્રદેશોમાં વેટરનરી ક્ષમતાનું નિર્માણ કેવી રીતે કરવું. એશિયાના 'એલિફન્ટ ડૉક્ટર' તરીકે જાણીતા પદ્મશ્રી ડૉ. કે. કે. શર્મા માનવ-વન્યજીવ સંઘર્ષ પર ફિલ્ડ અનુભવો શેર કરી રહ્યા છે; મોસ્કો ઝૂના ચીફ વેટરનરી ઓફિસરે સબ-આર્ક્ટિક વિષમ પરિસ્થિતિઓમાં ધ્રુવીય રીંછ (પોલાર બેયર)ની સંરક્ષણ કામગીરીના સંસ્મરણો રજૂ કર્યા; અને વન્યજીવ જીવવિજ્ઞાની તથા ટેલિવિઝન પ્રેઝન્ટર ફોરેસ્ટ ગાલાન્ટે માસ મીડિયા દ્વારા સંરક્ષણ સંદેશાને વિશાળ જનસમુદાય સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેની શક્યતાઓ તપાસી હતી. શહેરી જૈવવિવિધતા, સિટીઝન સાયન્સ, ૨૧મી સદીનો મુલાકાતી અનુભવ, વન્યજીવ નિદાન અને પોષણ પરના સેશન્સ લેબોરેટરી, ફિલ્ડ અને સામાન્ય જનતાને એકબીજા સાથે જોડે છે. આ ઉપરાંત, EARAZAના સભ્યો આગામી વર્ષ માટે એસોસિએશનની નીતિ અને દિશા નિર્ધારિત કરવા મતદાન સત્ર માટે પણ એકત્ર થશે.

નિખાલસ સંવાદ માટેનો વિશેષ મંચ

મુખ્ય મંચ ઉપરાંત, ઈન્ટરેક્ટિવ કોર્નર્સ પ્રતિનિધિઓને મુક્તપણે પોતાના વિચારો રજૂ કરવા માટે આમંત્રિત કરે છેઃ ધ એલિફન્ટ ઈન ધ રૂમ (વિડિયો બૂથ) ખાતે નિષ્ણાતો એવા સંવેદનશીલ પ્રશ્નોના જવાબો રેકોર્ડ કરી રહ્યા છે જે સામાન્ય રીતે આ ક્ષેત્રમાં ખુલ્લેઆમ પૂછાતા નથી; જેમ કે — "શું ૫૦ વર્ષ પછી પ્રાણીસંગ્રહાલયો અસ્તિત્વમાં હશે?" અથવા "શું સંપૂર્ણ પારદર્શિતા વિશ્વાસ ઊભો કરશે કે તોડશે?", જેના દ્વારા વિચારોનું એક જીવંત વૈશ્વિક પુસ્તકાલય તૈયાર થઈ રહ્યું છે. ધ સોલ્યુશન સ્ટેશન દ્વારા પ્રતિનિધિઓ રેસ્ક્યુ, જીનેટિક્સ, બાયોસિક્યોરિટી અને પશુ કલ્યાણ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી વાસ્તવિક સમસ્યાઓ અહીં રજૂ કરીને નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી શકે છે. ઈનોવેશન ઈન એક્શન સંસ્થાઓ દ્વારા અમલમાં મુકાયેલા અને સકારાત્મક પરિણામ લાવનારા નાવીન્યપૂર્ણ ઉકેલો શેર કરવા માટેનો એક મંચ છે.

પ્રદર્શન ક્ષેત્ર

આ સેશન્સની સાથે-સાથે પ્રદર્શન વિસ્તારમાં સાત દેશોના ૧૩ પ્રદર્શકો "શોધો. જોડાવો. સંશોધન કરો." સૂત્ર હેઠળ એકત્ર થયા છે. જેમાં પ્રતિનિધિઓ કાર્લ સ્ટોર્ઝની એન્ડોસ્કોપી અને મિનિમલી ઈન્વેસિવ વેટરનરી ટેકનોલોજીથી માંડીને, આઈડેક્સ (IDEXX)ના અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ, ઈન્વેન્ટા સિસ્ટમ્સના જીનોમિક્સ અને મોલેક્યુલર સાધનો, સિગટ્યુપલની AI-આધારિત ઓટોમેટેડ માઈક્રોસ્કોપી, આઈએમવી ઈમેજિંગ દ્વારા બ્રીડિંગ માટેના આસિસ્ટેડ રિપ્રોડક્શન સોલ્યુશન્સ, ગ્રુમબેકની પક્ષીઓના ઈંડા સેવવા માટેની ઈન્ક્યુબેશન સિસ્ટમ્સ અને ડેનઈન્જેક્ટની રિમોટ ડ્રગ-ડિલિવરી સિસ્ટમ્સ સુધીના વિવિધ અત્યાધુનિક સાધનો નિહાળી શકે છે. આ સાથે, 'ટ્રાઈબ્સ ઈન્ડિયા' દ્વારા પરંપરાગત આદિવાસી કળા, વસ્ત્રો અને હસ્તકળાના પ્રદર્શન દ્વારા સાંસ્કૃતિક રંગ ઉમેરવામાં આવ્યો છે.

યજમાન પેવેલિયન્સમાં વન્યજીવ સંભાળ ક્ષેત્રે નવીનતા, પોષણ, સ્થાપત્ય અને ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે, સાથે જ વનતારાના જીવનનો વર્ચ્યુઅલ રિયાલિટી (ફઇ) અનુભવ પણ રજૂ કરાયો છે. ANTZ પ્લેટફોર્મના નવા ટૂલ્સ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છેઃ વેસ્પર (Vespr): એક એજ-AI બાયોએકોસ્ટિક મોનિટર, જે સીધા ડિવાઈસ પર જ પશુ-પક્ષીઓની પ્રજાતિઓની ઓળખ કરે છે, સ્માર્ટ એગ એનાલિસિસઃ એક જ સ્ક્રીન પર ઈંડાનું માપ લેવા, કેન્ડલિંગ કરવા અને ધબકારા તપાસવાની સુવિધા આપતી ટેકનોલોજી, અને બેલ્ટ-વોર્ન NFC ડિવાઈસઃ સંભાળ રાખનારા સ્ટાફ માટે કમરપટ્ટા પર પહેરી શકાય તેવું ઉપકરણ, જેના દ્વારા માત્ર એક ટેપ કરવાથી પ્રાણીઓની સંભાળના રાઉન્ડ્સની નોંધ (Log) રાખી શકાય છે.

જીવનભરની સેવાનું સન્માન


આ કોન્ફરન્સમાં 'ઈન્ડિયન ઝુ યર બુક', વોલ્યુમ ૧૧, ૨૦૨૬નું વિમોચન પણ કરાયું છે. ૨૯ ઓક્ટોબરના રોજ સમાપન સમારોહમાં વનતારા દ્વારા છ મહાનુભાવોને લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ્સ એનાયત કરાશે, જેમાં સુશ્રી સ્વેત્લાના અકુલોવાઃ જનરલ ડિરેક્ટર, મોસ્કો ઝૂ અને પ્રમુખ, EARAZA, શ્રી રેને ફ્રેનેકઃ સ્થાપક અને ડિરેક્ટર, ક્લેબી ઝૂ (ચેક રિપબ્લિક) — જેમના સફળ સંવર્ધન પ્રયાસોમાં દેશના પ્રથમ રેડ-શેક્ડ ડૂક લંગૂર અને ગેંડા હોર્નબિલ, શ્રી અઝેર હુસેનોવઃ ડિરેક્ટર, બાકુ ઝૂઓલોજિકલ પાર્ક અને ઉપપ્રમુખ, EARAZA, ઉપરાંત ભારતમાંથી સેન્ટ્રલ ઝુ ઓથોરિટીના સ્થાપક સભ્ય સચિવ શ્રી એસ. સી. શર્મા, તેમજ પૂર્વ CZA સભ્ય સચિવો ડૉ. ડી. એન. સિંહ અને શ્રી બી. એસ. બોનાલ. નો સમાવેશ થાય છે. જ્યારે સાંજે ૨૦૨૭ના યજમાનને EARAZAનો ધ્વજ સોંપવાની ઔપચારિક વિધિ સાથે કાર્યક્રમનું સમાપન થશે. આના પગલે જામનગરમાં સધાયેલી આ વૈશ્વિક ભાગીદારીને વન્યજીવ સંરક્ષણના નવા અધ્યાય તરફ આગળ ધપાવશે.

ઉઇગરો પાસે મજૂરીના આરોપે ચીનને ઝટકો

અમેરિકાએ ચીનની ત્રણ જિનોમિક્સ કંપનીઓનાં ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો

નવી દિલ્હી, તા.૨૯

અમેરિકા અને ચીન વચ્ચે ફરી તણાવ વધ્યો છે. અમેરિકી સરકારે ચીનની ત્રણ જિનોમિક્સ કંપનીઓનાં ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. આ કંપનીઓ પર ચીનના શિનજિયાંગ વિસ્તારમાં ઉઇગર અને અન્ય વંશીય લઘુમતી સમુદાયોના લોકો પાસે બળજબરીથી મજૂરી કરાવવાના કામમાં સામેલ હોવાનો આરોપ છે. અમેરિકાના આ નિર્ણયથી ચીનના બાયોટેકનોલોજી અને જિનોમિક્સ ક્ષેત્ર પર દબાણ વધવાની શક્યતા છે.અમેરિકાના નિશાન પર આવેલી કંપનીઓમાં BGI Genomics, MGI Tech અને Shenzhen BGI Technologyનો સમાવેશ થાય છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, Shenzhen BGI Technologyને BGI Groupના નામથી પણ ઓળખવામાં આવે છે. અમેરિકાનો આરોપ છે કે આ કંપનીઓએ શિનજિયાંગની સ્થાનિક સરકાર સાથે મળીને બળજબરીથી મજૂરી સાથે જોડાયેલી પ્રવૃત્તિઓને શક્ય બનાવવામાં મદદ કરી હતી. આ આરોપોના આધારે અમેરિકી વહીવટીતંત્રે આ કંપનીઓનાં ઉત્પાદનોની આયાત પર નિયંત્રણો લાદ્યાં છે.ત્રણેય કંપનીઓ જિનોમિક્સ અને બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં કાર્યરત છે. જિનોમિક્સમાં સજીવના DNA અને જનીનોનો અભ્યાસ કરવામાં આવે છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ તબીબી સંશોધન, બીમારીઓની ઓળખ અને વૈજ્ઞાનિક અભ્યાસમાં થાય છે. BGI Genomics અને MGI Tech શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓ છે. BGI Genomicsના શેર ચીનના શેનઝેન સ્ટોક એક્સચેન્જમાં, જ્યારે MGI Techના શેર શાંઘાઈના STAR માર્કેટમાં ટ્રેડ થાય છે. અમેરિકાના પ્રતિબંધોને કારણે આ કંપનીઓ માટે અમેરિકી બજારમાં પ્રવેશ મેળવવો મુશ્કેલ બની શકે છે.ચીનનો શિનજિયાંગ વિસ્તાર લાંબા સમયથી માનવાધિકારોને લઈને આંતરરાષ્ટ્રીય ચર્ચામાં રહ્યો છે. અહીં ઉઇગર સહિતના મુસ્લિમ લઘુમતી સમુદાયો વસે છે. આ સમુદાયોના લોકો સામે કથિત દુર્વ્યવહાર, દેખરેખ અને બળજબરીથી મજૂરી કરાવવાના આરોપો અગાઉ પણ સામે આવ્યા છે. અમેરિકા સહિતના કેટલાક પશ્ચિમી દેશો ચીન પર આ સમુદાયોના અધિકારોના ઉલ્લંઘનનો આરોપ લગાવતા રહ્યા છે. બીજી તરફ, ચીન આ આરોપોને નકારી કાઢે છે અને શિનજિયાંગમાં બળજબરીથી મજૂરી તથા માનવાધિકારના ઉલ્લંઘન અંગેના દાવાઓને ખોટા ગણાવે છે.



મોદી ૩૧ મી એ એક્તાનગર રેલ્વે સ્ટેશન પાસે IRCTC ની હોટલનું લોકાર્પણ કરશે

અમદાવાદ, તા. ૨૯

૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે એકતાનગરમાં IRCTCની નવી હોટલનું લોકાર્પણ કરવામા આવશે. એકતાનગર રેલવે સ્ટેશન નજીક ?૫૨.૫૦ કરોડના ખર્ચે IRCTCની નવી હોટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૨૭ રૂમની આ આધુનિક હોટેલ પ્રવાસીઓને રોકાણ માટે ગુણવત્તાયુક્ત સુવિધા ઉપલબ્ધ કરાવશે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

આશરે બે એકર વિસ્તારમાં આ હોટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. હોટેલમાં ચાર અલગ-અલગ પ્રકારના રૂમ, રેસ્ટોરન્ટ, કેફેટેરિયા, બેક્વેટ હોલ, કોન્ફરન્સની સુવિધાઓ તેમજ સ્વિમિંગ પૂલ અને આકર્ષક પરિસર ઉપલબ્ધ છે. આ હોટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસનાં પ્રવાસન સ્થળોની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે ઉપયોગી બનશે. રેલવે સ્ટેશનની નજીક હોવાથી રેલવે મુસાફરો માટે તે એક વિશેષ સુવિધા બની રહેશે.

એકતાનગરમાં પ્રવાસીઓની સતત વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખતાં આધુનિક હોટેલ અને અન્ય આતિથ્ય સુવિધાઓનું વિસ્તરણ મહત્વપૂર્ણ બન્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ૩ કરોડથી વધુ પ્રવાસીઓ અહીં આવી ચૂક્યા છે.. નવી હોટેલથી માત્ર રહેવાની સુવિધામાં જ વધારો નહીં થાય, પરંતુ હોટેલ સંચાલન, હાઉસકીપિંગ, ખાણીપીણી તથા અન્ય સેવાઓમાં પ્રત્યક્ષ રોજગારીની તકો પણ ઊભી થશે.

આધુનિક હોટેલ, રેસ્ટોરન્ટ અને કોન્ફરન્સ માટેની સુવિધાઓ ઉપલબ્ધ થવાથી પ્રવાસીઓ એક દિવસની મુલાકાતને બદલે એકતાનગરમાં વધુ સમય રોકાવા માટે પ્રોત્સાહિત થઈ શકે છે. પ્રવાસીઓના વધુ રોકાણથી સ્થાનિક આર્થિક વિકાસને વેગ મળશે. ઉપરાંત હોટેલમાં કોન્ફરન્સ અને વિવિધ કાર્યક્રમો માટેની સુવિધાઓથી અહીં કોર્પોરેટ મીટિંગ, પરિષદો અને સામાજિક પ્રસંગોના આયોજનની નવી તકો ઊભી થશે. પરિણામે વ્યાવસાયિક અને વિવિધ પ્રસંગોના આયોજન માટે પણ એકતાનગર એક પસંદગીનું સ્થળ બનશે. એકતાનગરને આધુનિક અને સર્વાંગી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં આ સુવિધા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

કોર્ટનો સંતુલિત આદેશનો સંકેત

દિલ્હી-NCRમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં: સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હી-દ્વઝઈમાં ફટાકડાના ઉપયોગ અને તેનાથી થતા પ્રદૂષણના મુદ્દે સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ વલણ રજૂ કર્યું છે. અદાલતે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરતાં સ્પષ્ટ કર્યું કે આ મામલે સંતુલિત આદેશ આપવામાં આવશે. સાથે જ નિયમોનો ભંગ કરીને ગેરકાયદે ફટાકડા વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રદૂષણ સામે લોકોમાં જાગૃતિ લાવવા માટે ક્રિકેટર વિરાટ કોહલી જેવી જાણીતી હસ્તીઓની મદદ લેવાનું સૂચન પણ કોર્ટે કર્યું હતું.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તહેવારો દરમિયાન લોકોની ખુશીઓ અને ઉત્સાહને અસર પહોંચાડવાનો તેનો હેતુ નથી. જોકે, વધતા પ્રદૂષણને અવગણી શકાય નહીં. અદાલતે નોંધ્યું હતું કે દર વર્ષે ફટાકડાના ઉપયોગ અંગે આદેશો આપવા પડે છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થતું નથી. માત્ર પ્રતિબંધ લાદવાથી સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી. તેથી નિયમોના અસરકારક અમલ અને જનજાગૃતિ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે.

કોર્ટે એમ પણ સૂચવ્યું હતું કે જાણીતી હસ્તીઓ દ્વારા લોકોને પ્રદૂષણના નુકસાન અંગે સમજાવવામાં આવે તો જાગૃતિ વધારવામાં મદદ મળી શકે છે.

સુનાવણીમાં અદાલતની મદદ કરી રહેલા અમાઇકસ ક્યુરીએ ફટાકડાથી હવામાં ફેલાતા અતિસૂક્ષ્મ કણો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ર્સ્ર.૫ જેવા કણો ફેફસાંમાં ઊંડે સુધી પ્રવેશી શકે છે અને સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. ગ્રીન ફટાકડામાં સામાન્ય ફટાકડાની સરખામણીએ ઉત્સર્જન ઓછું હોઈ શકે છે, પરંતુ તે સંપૂર્ણપણે પ્રદૂષણમુક્ત નથી. બીજી તરફ, દિલ્હી સરકારે પ્રદૂષણ નિયંત્રણ માટે વિવિધ પગલાં લેવાની રજૂઆત કરી હતી. તેમાં વાહનોના ઉત્સર્જન પર નિયંત્રણ, સરકારી કચેરીઓના કામકાજના સમયમાં ફેરફાર અને સ્મોગ ગનનો ઉપયોગ જેવા ઉપાયોનો સમાવેશ થાય છે. હવે સુપ્રીમ કોર્ટના અંતિમ આદેશ અને તેના અમલ પર સૌની નજર રહેશે. ફટાકડાના ઉપયોગ, જાહેર આરોગ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે નિયમોનું પાલન તથા લોકોની ભાગીદારી મહત્ત્વપૂર્ણ બની રહેશે.

જાપાનની ભારત પાસે મિસાઈલ પરીક્ષણ માટે માગ

લાંબા અંતરની મિસાઈલો માટે જાપાન ભારતની સુવિધા વાપરવા ઉત્સુક

નવી દિલ્હી, તા.૨૯

જાપાને લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ કરવા માટે ભારત પાસે ટેસ્ટિંગ ફેસિલિટી ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે. જાપાનનું લશ્કરી પ્રતિનિધિમંડળ ગયા સપ્તાહે ભારતની મુલાકાતે આવ્યું હતું. આ દરમિયાન પ્રતિનિધિમંડળે મિસાઈલ પરીક્ષણ માટેની સુવિધાઓ અને ફાયરિંગ રેન્જનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ સમુદ્રમાં રહેલા લક્ષ્યો પર પ્રહાર કરતી મિસાઈલોનો ઉપયોગ અને ડ્રોન હુમલાનો સામનો કરવાની પદ્ધતિઓ અંગે પણ ચર્ચા થઈ હતી.જાપાનના મીડિયા અહેવાલો અનુસાર, જાપાનના ચીફ ઓફ સ્ટાફ જનરલ અરાઈ માસાયોશીએ ૨૭ ઓક્ટોબરે પત્રકાર પરિષદમાં ભારત સાથે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સંરક્ષણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા અને ભારતીય પ્રતિનિધિઓ સાથે સંકલન સાધવા જાપાની ટુકડીઓને ભારત મોકલવામાં આવી હતી. જાપાનના સરકારી પ્રસારણકર્તા NHKના અહેવાલ મુજબ, જાપાનના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ ઓક્ટોબરના મધ્યમાં ભારત આવ્યા હતા અને લગભગ એક સપ્તાહ રોકાયા હતા. આ દરમિયાન તેમણે પરીક્ષણ સુવિધાઓ તથા ફાયરિંગ રેન્જની મુલાકાત લીધી હતી.જનરલ અરાઈએ જણાવ્યું હતું કે સમુદ્રમાં રહેલા જહાજો પર પ્રહાર કરી શકે તેવી લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ કરવું પડકારજનક હોય છે. તેમણે ભારતની મિસાઈલ ક્ષમતાનો ઉલ્લેખ કરતાં અગ્નિ-૫ મિસાઈલનું ઉદાહરણ આપ્યું હતું, જે આશરે ૫,૦૦૦ કિલોમીટર દૂર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. જાપાન પાસે હાલમાં સેંકડો કિલોમીટર દૂર સુધી ચોક્કસ પ્રહાર કરી શકે તેવી સ્ટેન્ડ-ઓફ મિસાઈલો છે. જોકે, તેની સંરક્ષણ જરૂરિયાતો માટે વધુ લાંબા અંતર સુધી પ્રહાર કરી શકે તેવી મિસાઈલ ક્ષમતા વિકસાવવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે.ભારતની મુલાકાત દરમિયાન જાપાનના સંરક્ષણ મંત્રી શિન્જિરો કોઈઝુમી સાથે પણ સંરક્ષણ સહયોગ સંબંધિત ચર્ચાઓ થઈ હતી. નવી દિલ્હીના માણેકશા સેન્ટરમાં પરસ્પર સુરક્ષા અને દરિયાઈ સુરક્ષા સંબંધિત સમજૂતી કરારો (ર્) થયા હોવાનો અહેવાલ છે. ભારત અને જાપાન વચ્ચે વધતો સંરક્ષણ સહયોગ બંને દેશો માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો છે. જોકે, જાપાનને ભારતની મિસાઈલ પરીક્ષણ સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી અંગેની અંતિમ વિગતો સ્પષ્ટ થવાની બાકી છે.

સરપંચની ચૂંટણી હારી જનાર બે ઉમેદવારોને ગ્રામીણોએ ફાળો ઉઘરાવીને આપ્યા ૨૯ લાખ

જયપુર, તા.૨૯

રાજસ્થાનમાં પંચાયતી રાજ ચૂંટણી અંતર્ગત સરપંચની ચૂંટણીના પરિણામોએ લોકશાહી અને ભાઈચારાનું એક અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાગૌર જિલ્લાની નિંબોલા અને ભૂંડેલ ગ્રામ પંચાયતના બે સરપંચ ઉમેદવારો ચૂંટણીમાં હારનો સામનો કરવા છતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યા છે, કારણ કે આ બંને ઉમેદવારોને ગ્રામીણો તરફથી માત્ર ભરપૂર સ્નેહ જ નહીં, પરંતુ કુલ મળીને લગભગ રૂ. ૨૯ લાખની માતબર આર્થિક મદદ પ્રાપ્ત થઈ છે.

નાગૌરના નિંબોલા ગામમાં સરપંચ પદ માટે ૩૬ કોમના લોકો દ્વારા એકજૂટ થઈને મેદાનમાં ઉતારવામાં આવેલા બાગ સિંહને ધન્ના રામ કૂક સામે ૧૮૪ મતોથી હાર મળી હતી. તેમ છતાં, ચૂંટણી પરિણામો આવ્યા બાદ નિંબોલા અને દેવીસાગરના ગ્રામીણોએ તેમના જુસ્સાને વધારવા માટે ફાળો ઉઘરાવીને આશરે રૂ. ૧૪ લાખની આર્થિક સહાય પૂરી પાડી હતી. આ સહયોગે સાબિત કરી દીધું કે ગ્રામીણો માટે બાગ સિંહનું મહત્ત્વ માત્ર એક સરપંચ પદના ઉમેદવાર પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ સામાજિક જોડાણ અને સામૂહિક વિશ્વાસનું પ્રતીક હતું.

ગ્રામીણો તરફથી મળેલા આ અપાર સ્નેહથી અભિભૂત થઈને બાગ સિંહે પણ સામાજિક સરોકાર દાખવીને ગૌશાળા માટે રૂ. ૫૧ હજારની ભેટ આપી હતી. આ જ પ્રકારે, ગ્રામ પંચાયત ભૂંડેલના ગંગા રામ નાયકને પણ રેવંત રામ સામે માત્ર ૮૭ મતોના મામૂલી તફાવતથી હાર સહન કરવી પડી હતી. પરંતુ ભૂંડેલ, શ્રીયાદે નગર અને નેનાઉ ગામના ગ્રામીણો એકસંપ થઈને ગંગા રામના સમર્થનમાં આવ્યા હતા. ૩૬ કોમના લોકોએ ભેગા મળીને લગભગ રૂ. ૧૫ લાખનો આર્થિક સહયોગ આપીને સામાજિક સમરસતાનો અનન્ય સંદેશ આપ્યો છે.

ઉત્તરાખંડના ગંગોત્રી ધામમાં સિઝનની પ્રથમ હિમવર્ષા

દેહરાદુન, તા.૨૯

ઉત્તરાખંડના પવિત્ર ગંગોત્રી ધામમાં સિઝનની પ્રથમ હિમવર્ષા શરૂ થઈ ગઈ છે, જેના કારણે સમગ્ર વિસ્તાર બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયો છે. પહાડો, રસ્તાઓ અને આસપાસની વાદીઓ પર બરફ પથરાઈ ગયો છે, જેનાથી અહીંનું વાતાવરણ અત્યંત મનમોહક બની ગયું છે. આ અદભૂત કુદરતી સૌંદર્ય લોકોનું ધ્યાન ખેંચી રહ્યું છે અને ગંગોત્રી ધામનું ''વ્હાઈટ વિન્ટર લુક'' જાણે કુદરતે સર્જેલું અદ્ભુત દશ્ય હોય તેવો અનુભવ કરાવે છે.

જોકે, હિમવર્ષાના કારણે સમગ્ર વિસ્તારમાં ઠંડીનો પ્રકોપ પણ વધ્યો છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં આવેલા કેદારનાથ ધામમાં પણ હિમવર્ષાથી તાપમાનમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. હવામાનમાં આવેલા આ ફેરફારને ધ્યાનમાં રાખીને પ્રશાસને શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

પહાડી વિસ્તારોમાં હવામાન ઝડપથી બદલાઈ શકે છે. તેથી, કેદારનાથ અને ગંગોત્રીની યાત્રાએ જતા શ્રદ્ધાળુઓને હવામાનની સ્થિતિની માહિતી મેળવીને જ આગળ વધવા સૂચના આપવામાં આવી છે. ગરમ કપડાં અને જરૂરી દવાઓ સાથે રાખવા પણ સૂચન કરાયું છે.

પત્નીને થયો જિમ ટ્રેનર સાથે પ્રેમ

ગાઝિયાબાદમાં પતિને રસ્તામાંથી હટાવવા રચાયેલું જીવલેણ ષડયંત્ર આખરે નિષ્ફળ

તા.૨૯, ગાઝિયાબાદ

દિલ્હી નજીક આવેલા ગાઝિયાબાદના વસુંધરા વિસ્તારમાં લગ્નેત્તર સંબંધોના ચક્કરમાં પતિને મોતને ઘાટ ઉતારવાનાં કાવતરાનો પર્દાફાશ થયો છે. વસુંધરા સેક્ટર-૧ સ્થિત જાગૃતિ રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન સોસાયટીમાં ગત ૨૬ ઓક્ટોબરની સવારે પતિ શશાંક કંથારિયા પર થયેલા જીવલેણ હુમલા પ્રકરણમાં પોલીસે તેની પત્ની પ્રિયા શર્મા અને તેના જિમ ટ્રેનર પ્રેમી પ્રતાપ સિંહની ધરપકડ કરી લીધી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંને વચ્ચેના ગેરકાયદેસર પ્રેમસંબંધને કારણે આ ખૂની ખેલ રમાયો હતો, જોકે સમયસર સારવાર મળવાના કારણે ઈજાગ્રસ્ત પતિનો જીવ બચી ગયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મૂળ ઝાંસીના વતની શશાંક અને પ્રિયાના લગ્નને લગભગ ચાર વર્ષ થયા હતા અને બંને દિલ્હીમાં સિનિયર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરી વસુંધરામાં રહેતા હતા. પ્રિયા છેલ્લા ૭-૮ મહિનાથી ફિટનેસ હેડક્વાર્ટર્સ જિમમાં જતી હતી, જ્યાં તેની મુલાકાત જિમ ટ્રેનર પ્રતાપ સિંહ સાથે થઈ હતી અને બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિ શશાંકને આ સંબંધોની જાણ થઈ જતાં તે દિવાળી પછી અન્ય સ્થળે રહેવા જવાની તૈયારી કરી રહ્યો હતો. આ વાતની જાણ થતાં જ પત્ની પ્રિયા અને તેના પ્રેમી પ્રતાપે શશાંકને કાયમ માટે રસ્તામાંથી હટાવવાનું નક્કી કર્યું હતું.

યોજના મુજબ, ૨૬ ઓક્ટોબરની સવારે પ્રિયા જિમ જવાનું કહીને ઘરનો દરવાજો ખુલ્લો રાખી બહાર નીકળી હતી, અને તકનો લાભ લઈને પ્રતાપ સિંહ ઘરમાં ઘૂસી ગયો હતો તથા શશાંક પર તીક્ષ્ણ હથિયારથી આડેધડ હુમલો કર્યો હતો. શશાંકની બૂમાબૂમથી આસપાસના લોકો જાગી જતા આરોપી ભાગી છૂટ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત શશાંકને ત્વરિત યશોદા મેડિસિટી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તે બચી ગયો છે. શશાંકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે હત્યાના પ્રયાસ અને ગુનાહિત કાવતરાની કલમો હેઠળ ગુનો નોંધીને બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે અને હુમલામાં વપરાયેલું હથિયાર જપ્ત કર્યું છે.

ASEAN બેઠકમાં આતંકવાદ સામે કડક વલણનો પુનરોચ્ચાર

ઓપરેશન સિંદૂરથી દરિયાઈ સુરક્ષા સુધી ભારતની રણનીતિનો રાજનાથ સિંહે કર્યો ઉલ્લેખ

નવી દિલ્હી, તા.૨૯

ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે ફિલિપાઈન્સના સેબુ ખાતે યોજાયેલી ૧૩મી આસિયાન ડિફેન્સ મિનિસ્ટર્સ મીટિંગ પ્લસ (છઙ્કસ્-ૈંજ)માં સંબોધન કરતાં પ્રાદેશિક સુરક્ષા, આતંકવાદ વિરોધી સહયોગ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દે ભારતની રણનીતિ રજૂ કરી હતી. તેમણે તમામ સ્વરૂપોમાં આતંકવાદના નિર્મૂલન માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આતંકવાદ સામે લડવાનો ભારતનો અનુભવ દાયકાઓના વાસ્તવિક પડકારો અને કામગીરીમાંથી વિકસ્યો છે.

રાજનાથ સિંહે પોતાના સંબોધનમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને આતંકવાદી માળખાં સામે ભારતની કાર્યવાહી અને સરહદ પારથી ઊભા થતા સુરક્ષા પડકારોનો સામનો કરવાની ક્ષમતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં પ્રાદેશિક દેશો વચ્ચે સંયુક્ત કવાયતો, ક્ષમતા નિર્માણ અને ગુપ્તચર માહિતીની આપ-લે મહત્ત્વપૂર્ણ છે.

રક્ષામંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદ કોઈ એક દેશની સરહદો પૂરતો મર્યાદિત નથી. તેથી તેનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. ભારત આસિયાનના ભાગીદાર દેશો સાથે પોતાનો વ્યવહારિક અનુભવ વહેંચવા અને આતંકવાદ વિરોધી ક્ષમતાઓ મજબૂત કરવા તૈયાર છે. આસિયાનના છઙ્કસ્-ૈંજ માળખા હેઠળ આતંકવાદ વિરોધી સહયોગને મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર ગણાવતાં તેમણે ભારત અને મલેશિયા ૨૦૨૪થી ૨૦૨૭ના સમયગાળા માટે આતંકવાદ વિરોધી નિષ્ણાત કાર્યકારી જૂથના સહ-અધ્યક્ષ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રાજનાથ સિંહે આસિયાનની કેન્દ્રીય ભૂમિકા અને સુરક્ષિત, ખુલ્લા, સમાવેશી તથા કાયદા આધારિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતનું આસિયાન સાથેનું વ્યૂહાત્મક જોડાણ પરસ્પર વિશ્વાસ, આદર અને સહયોગ પર આધારિત છે. તેમણે આસિયાન-ભારત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી તેમજ ૨૦૨૬થી ૨૦૩૦ના કાર્યયોજના હેઠળ સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે સહયોગ આગળ વધારવાની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો હતો. બેઠકની 'નેવિગેટિંગ અવર ફ્યુચર, ટુગેધર' થીમને અનુરૂપ તેમણે જણાવ્યું હતું કે પ્રાદેશિક પડકારોનો સામનો કરવા માટે દેશો વચ્ચે એકતા અને સામૂહિક જવાબદારી જરૂરી છે.

રક્ષામંત્રીએ વર્ષ ૨૦૨૬ને 'આસિયાન-ભારત દરિયાઈ સહયોગ વર્ષ' તરીકે ઉજવવાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે બીજી આસિયાન-ભારત દરિયાઈ કવાયતનો ઉલ્લેખ કરીને દરિયાઈ સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોના રક્ષણ માટે સહયોગ વધારવાની જરૂરિયાત દર્શાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા અને નેવિગેશનની સ્વતંત્રતાના સિદ્ધાંતોનું સમર્થન કરે છે. વર્ષ ૨૦૦૮થી ભારતીય નૌકાદળ એડનની ખાડી જેવા સંવેદનશીલ દરિયાઈ માર્ગોમાં સક્રિય હાજરી જાળવી રહ્યું છે. આ દરમિયાન ભારતીય નૌકાદળે અનેક વેપારી જહાજોને સુરક્ષા પૂરી પાડી છે અને દરિયાઈ ચાંચિયાગીરીના પ્રયાસોનો સામનો કર્યો છે.

રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક વેપાર માર્ગોની સુરક્ષા માટે માત્ર નિવેદનો પૂરતાં નથી, પરંતુ સતત કામગીરી અને આંતરરાષ્ટ્રીય સહયોગ પણ જરૂરી છે. ભારત હિંદ મહાસાગર ક્ષેત્ર અને વ્યાપક ઈન્ડો-પેસિફિકમાં વિશ્વસનીય 'નેટ સિક્યુરિટી પ્રોવાઈડર' તરીકેની ભૂમિકા નિભાવતું રહેશે.

રક્ષામંત્રીએ સંયુક્ત રાષ્ટ્રના સમુદ્ર કાયદા સંમેલન (દ્વઝર્ન્જી) અને દરિયાઈ માર્ગો પર અવરજવરની સ્વતંત્રતાના સિદ્ધાંતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારતની આ નીતિ કોઈ એક દેશને લક્ષ્ય બનાવતી નથી, પરંતુ ખુલ્લા દરિયાઈ માર્ગો અને સ્થિર દરિયાઈ વ્યવસ્થામાં તમામ દેશોના હિતોનું રક્ષણ કરવા માટે છે. તેમણે દરિયાઈ સુરક્ષા, શોધ અને બચાવ કામગીરી, માનવતાવાદી સહાય, સંરક્ષણ ક્ષમતા નિર્માણ અને વ્યાવસાયિક આદાનપ્રદાન જેવા ક્ષેત્રોમાં આસિયાનના દેશો સાથે સહયોગ વધારવાની તૈયારી પણ વ્યક્ત કરી હતી.

સંરક્ષણ સહયોગમાં યુવાનોની ભાગીદારી વધારવા પર ભાર મૂકતાં રાજનાથ સિંહે સમર્પિત સંરક્ષણ 'યૂથ બ્રિજ' સ્થાપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પહેલનો હેતુ યુવાનો વચ્ચે સંપર્ક વધારવો, ડિજિટલ નવીનતાને પ્રોત્સાહન આપવું અને સંરક્ષણ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ માટે નવી તકો ઊભી કરવાનો છે.

તેમના મતે, યુવાનોને પ્રાદેશિક શાંતિ અને સુરક્ષામાં યોગદાન આપવા માટે વધુ તકો પૂરી પાડવાથી શાંતિપૂર્ણ, સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકના નિર્માણમાં મદદ મળી શકે છે.

દિવાળી—છઠ પર્વ પર મુસાફરોને મળશે મોટી રાહત: ઉત્રાણ સ્ટેશન બનશે લાંબા અંતરની ટ્રેનો માટેનો નવો વિકલ્પ

આગામી દિવાળી અને છઠ મહાપર્વ દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા સુરત શહેરના ઉત્રાણ સ્ટેશનને લાંબા અંતરની ટ્રેનોના સંચાલન માટે એક વધારાના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ઉત્રાણ સ્ટેશન પર ટ્રેનોના સંચાલન માટે ચાર સંપૂર્ણ લંબાઈના પ્લેટફોર્મ ઉપલબ્ધ થવા જઈ રહ્યા છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરવામાં આવેલી એક અખબારી યાદી અનુસાર, આ પહેલથી સુરત અને ઉધના સ્ટેશનો પર મુસાફરોનું ભારણ ઘટાડવામાં મદદ મળશે. સાથે જ, ઉત્તર ભારત, પશ્ચિમ ભારત અને પૂર્વ ભારત તરફ મુસાફરી કરતા મુસાફરોને ઉત્રાણ સ્ટેશનથી પણ હોલિડે સ્પેશિયલ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો માર્ગ મોકળો થશે.

માળખાગત સુવિધાના આ મહત્ત્વપૂર્ણ કાર્યનો ખાસ લાભ ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મુસાફરોને મળી શકશે. લાંબા અંતરની વિશેષ ટ્રેનોમાં મુસાફરી કરવા માટે તેમણે સુરત અને ઉધના સ્ટેશનો સુધી જવું નહીં



પડે અને ઉત્રાણ સ્ટેશનથી જ ટ્રેનમાં બેસવાનો વધારાનો વિકલ્પ મળશે. આનાથી મુસાફરોની અવરજવર વધુ સુવિધાજનક બનશે અને મુખ્ય સ્ટેશનો પર ભીડનું વધુ સારી રીતે સંચાલન કરવામાં મદદ મળશે.

ચાર સંપૂર્ણ લંબાઈના પ્લેટફોર્મનો વિકાસ

ઉત્રાણ સ્ટેશન પર લાંબા અંતરની ટ્રેનોનું સરળતાથી સંચાલન થઈ શકે તે માટે પ્લેટફોર્મ સંબંધિત માળખાગત સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, જૂના અને ઓછી લંબાઈ ધરાવતા પ્લેટફોર્મને દૂર કરીને સ્ટેશનની ઉત્તર દિશામાં આશરે ૬૦૦ મીટર લાંબો નવો પ્લેટફોર્મ બનાવવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મની લંબાઈ આશરે ૨૪ કોચ ધરાવતી લાંબા અંતરની ટ્રેનોના સંચાલન અથવા તેમના રોકાણ માટે ઉપયોગી થશે.

આ ઉપરાંત, સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ અને ૪ની લંબાઈ વધારવાનું કામ પણ પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થતાં ઉત્રાણ સ્ટેશન પર ચાર સંપૂર્ણ લંબાઈના પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થશે. તેનાથી લાંબા અંતરની ટ્રેનોના સંચાલન અને રોકાણની વ્યવસ્થા વધુ સુગમ બનાવી શકાશે.

તહેવારો દરમિયાન ભીડના સંચાલનમાં મળશે મદદ

દિવાળી અને છઠ પર્વના પ્રસંગે ઉત્તર ભારત સહિત દેશના વિવિધ વિસ્તારો તરફ જતાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે. આવી સ્થિતિમાં ઉત્રાણ સ્ટેશનને એક વધારાના બોર્ડિંગ પોઇન્ટ તરીકે વિકસાવવાથી મુસાફરોને વૈકલ્પિક સુવિધા મળશે અને સુરત તથા ઉધના સ્ટેશનો પર ભીડને વ્યવસ્થિત કરવામાં મદદ મળશે.

રેલવેની આ પહેલ મુસાફરોની સુવિધામાં વધારો કરવા, તહેવારોની મોસમમાં ભીડનું વધુ સારી રીતે સંચાલન કરવા તેમજ સુરત વિસ્તારમાં રેલવે સંચાલનની ક્ષમતા મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ઉત્રાણ સ્ટેશન પર પ્લેટફોર્મના વિસ્તરણનાં કામોથી ભવિષ્યમાં પણ લાંબા અંતરની ટ્રેનોના સંચાલન માટે વધારાની માળખાગત સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

પોરબંદરમાં ટ્રેન દુર્ઘટના, એક કોચ પાટા પરથી નીચે ઉતરી ગયો

પોરબંદર, તા.૨૯

પોરબંદરમાં એક ટ્રેન દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. ર્ફઝ્રન કચેરી નજીક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ છે. વધારાના ડબ્બાના સન્ટિંગ સમયે ઘટના બની છે. એક કોચ પાટા પરથી નીચે ઉતરી ગયો છે. આ ઘટનાની જાણ થતાં રેલવે સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો છે. જ્યારે કોચને ફરી ટ્રેનને પાટા પર ચડાવવા કવાયત શરૂ કરાઈ છે. કેવી રીતે ટ્રેન પાટા પરથી ઉતરી તેની ચોક્કસ માહિતી બહાર આવી નથી. પ્રાપ્ત વિગતો અનુસાર, વધારાના ડબ્બાનું સન્ટિંગ કરવામાં આવી રહ્યું હતું તે દરમિયાન અચાનક એક કોચ પાટા પરથી નીચે ઉતરી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ, એન્જિનિયરો અને ટેકનિકલ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રેલવે કર્મચારીઓની હાજરીમાં ક્રેન અને જરૂરી સાધનોની મદદથી પાટા પરથી ઉતરી ગયેલા કોચને ફરીથી પાટા પર ચડાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મ્યુનિ. સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં નિર્ણય

શહેરમાં મીઠાઈ-ફરસાણના વેપારીઓને ફરજીયાત રેપીડ ટેસ્ટીંગ કીટ રાખવા નિર્ણય

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેન કમલેશ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં શહેરમાં દિવાળીના તહેવાર દરમિયાન મીઠાઈ અને ફરસાણમાં ભેળસેળ થતી રોકવા માટે જે વેપારીનું રૂા. ૫ લાખ કરતા વધુ ટર્ન ઓવર હોય તેવા વેપારીઓને ફરજીયાત ટેસ્ટીંગ કીટ રાખવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્ટેન્ડીંગ કમિટીની ચેરમેન કમલેશ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે, માવામાં તેમજ ફરસાણમાં ભેળસેળથતી અટકાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ ૩૫૦ જેટલી રેપીડ ટેસ્ટીંગ કીટ હયાત છે.

આ ઉપરાંત,અમદાવાદમાં પાણીની અછત ન હોવા છતાં મનપા દ્વારા ગેરકાયદે પાણીના કનેક્શન કાપવા આદેશ અપાયા છે. કાર વોશિંગ, પીજી અને હોટલો જેવા વધુ પાણી વાપરતા એકમો હાલ મનપાના ખાસ રડાર પર છે.

પાણી અને ડ્રેનજ-ગટરો બાબતે પણ નિર્ણય લેવાયા

અમદાવાદ શહેરમાં હાલમાં પીવાના પાણીની કોઈ અછત ન હોવા છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વહીવટી શિસ્ત જાળવવા અને પાણીના બગાડને અટકાવવા માટે એક મહત્વનો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે શહેરમાં જ્યાં પણ ગેરકાયદે પાણીના કનેક્શનો કે જોડાણો ધ્યાને આવશે, તેની સામે કોઈપણ પ્રકારની શેહશરમ રાખ્યા વગર આકરી કાર્યવાહી કરવામાં આવશે અને તાત્કાલિક ધોરણે આવા કનેક્શનો કાપી નાખવામાં આવશે.

શહેરમાં મોટા પ્રમાણમાં પાણીનો વપરાશ કરતી વ્યાપારી જગ્યાઓ હાલ મનપાના વિશેષ રડાર હેઠળ છે. જેમાં ખાસ કરીને કાર વોશિંગ સેન્ટરો, પેઈંગ ગેસ્ટ (PG) હાઉસ, હોટલો અને મોટા વ્યાપારી સંકુલોનો સમાવેશ થાય છે જ્યાં નિયમો વિરુદ્ધ કે વગર મંજૂરીએ પાણીના જોડાણો મેળવવામાં આવ્યા હોય છે. આ સ્થળોએ પાણીનો બેફામ વપરાશ થતો હોવાથી તંત્ર દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે અને મનપાના ધ્યાને આવતી આવી તમામ ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક પગલાં ભરવાના આદેશ અપાયા છે. અમદાવાદમાં ડ્રેનેજ અને ગટર દુર્ઘટનાઓમાં મજૂરોના મોતની ઘટનાને લઈને સ્ટેન્ડિંગ કમિટીમાં ઉગ્ર ચર્ચા થઈ છે. સોલા મજૂર અને મનીષાના મોત મામલે માત્ર કોન્ટ્રાક્ટર જ નહીં પરંતુ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની પણ જવાબદારી નક્કી કરવા તપાસના આદેશ અપાયા છે. અમદાવાદમાં ડ્રેનેજ સફાઈ અને ગટરકામ દરમિયાન મજૂરોના મોત થવાની તેમજ અન્ય દુર્ઘટનાઓની ગંભીર ઘટનાઓ સામે આવ્યા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ મુદ્દે ગરમાગરમ ચર્ચા કરવામાં આવી હતી. સોલામાં બનેલી મજૂરના મોતની દુર્ઘટના તેમજ મનીષાના મોતની ઘટનાને લઈને કમિટી દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે.

મોદી આજથી બે દિવસ ગુજરાતની મુલાકાતે

બનાસકાંઠામાં મોદી આજે રૂા. ૧૪,૦૦૦ કરોડના વિકાસકામોનું શિલાન્યાસ-લોકાર્પણ કરશે

બનાસકાંઠા, તા. ૨૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૦-૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે.

૩૦ ઓક્ટોબરે, સવારે આશરે ૯:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી બનાસકાંઠા ખાતે એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી-ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન લેબોરેટરી અને ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર કેટલ ફાર્મની મુલાકાત લેશે. સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે, તેઓ બનાસકાંઠામાં ?૧૪,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. તેઓ પીએમ-કિસાન હેઠળ ?૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો પણ જારી કરશે, બે ટ્રેન સેવાઓને લીલી ઝંડી બતાવશે અને આ પ્રસંગે જનસભાને સંબોધશે.

ત્યારબાદ, પ્રધાનમંત્રી કેવડિયાના એકતા નગર પહોંચશે. સાંજે આશરે ૫ વાગ્યે, તેઓ 'ભારત પર્વ ૨૦૨૬' નું ઉદ્ઘાટન કરશે. રાત્રે આશરે ૭:૪૫ વાગ્યે, તેઓ 'એકતા પ્રકાશ પર્વ' ના સાક્ષી બનશે, ત્યારબાદ રાત્રે આશરે ૮:૧૫ વાગ્યે નર્મદા આરતીમાં ભાગ લેશે.

૩૧ ઓક્ટોબરે, સવારે આશરે ૯ વાગ્યે, પ્રધાનમંત્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ, સવારે આશરે ૯:૧૫ વાગ્યે, તેઓ એકતા નગરમાં ?૪૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. તેઓ ત્યારબાદ એકતા નગર ખાતે રેન ફોરેસ્ટ અને વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લેશે. સાંજે આશરે ૫:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી ગુજરાતના બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (મ્મ્ઇઝ) રાષ્ટ્રને સમર્પિત કરશે. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. મ્મ્ઇઝ ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦ થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પ્રથમ સુવિધા હશે.

પ્રધાનમંત્રી થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-ઝ્રદ્ગય્ પ્લાન્ટનો શિલાન્યાસ કરશે, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે.

પ્રધાનમંત્રી અમદાવાદ મેટ્રો ફેઝ-૨છ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-૨મ્ (ગિફ્ટ સિટી એક્સટેન્શન) નો શિલાન્યાસ કરશે. ફેઝ-૨છ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૫ સ્ટેશનોને આવરી લેતી ૬ કિમીથી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-૨મ્ ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ૩ સ્ટેશનોને આવરી લેતી ૩.૩ કિમીથી વધુની લંબાઈ ધરાવશે.

પ્રધાનમંત્રી આશરે ?૨,૬૦૦ કરોડના ખર્ચે અમદાવાદ-મહેસાણા રોડ (સ્ટેટ હાઈવે-૪૧) ને ચાર લેનમાંથી આઠ લેનમાં અપગ્રેડ કરવા અને મજબૂત કરવા માટેનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ઉત્તર ગુજરાત વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનાવશે.

રૂ. ૩૪ લાખની લૂંટનો માસ્ટરમાઈન્ડ પ્રીતમ ગોહિલ આખરે ઝડપાયો

અમદાવાદ, તા.૨૯

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં તાજેતરમાં બનેલી રૂ. ૩૪ લાખની રોકડ લૂંટ અને અપહરણના ચકચારી કેસમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે આ સમગ્ર ગુનાના મુખ્ય માસ્ટરમાઈન્ડ પ્રીતમ ગોહિલની ધરપકડ કરી લીધી છે. બાપુનગર સ્થિત એન.આર. આંગડિયા પેઢીમાં કામ કરતા કેતન પરીખ ગત ૨૧ ઓક્ટોબરના રોજ બેંકમાંથી રૂ. ૩૪ લાખની રોકડ રકમ લઈને ઓઢવ બ્રિજ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક કારમાં આવેલા શખ્સોએ પોતાની ઓળખ જીએસટી (ય્જી) અધિકારી તરીકે આપી તેમને બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણ કર્યું હતું અને અલગ-અલગ જગ્યાએ ફેરવી માર મારીને રૂ. ૩૪ લાખની રોકડ લૂંટી લીધી હતી. આ મામલે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસ પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે કે પકડાયેલા આરોપી પ્રીતમ ગોહિલ અને ફરિયાદી કેતન પરીખની પત્ની એક જ આંગડિયા પેઢીમાં નોકરી કરતા હોવાથી તેને કેતન પાસે રોકડ રકમ હોવાની તમામ માહિતી અગાઉથી જ હતી. પોતાનું આશરે રૂ. ૪૦ લાખનું સપનાનું ઘર ખરીદવા માટે ટૂંકા સમયમાં વધુ પૈસા કમાવવાની લાલચમાં પ્રીતમે આ શોર્ટકટ અપનાવ્યો હતો. તેણે પોતાના પરિચિત વિશ્વજીત ગોસ્વામીને લૂંટમાં સામેલ કરી રૂ. ૫ લાખની લાલચ આપીને કેતનનો ફોટો અને વિગતો પૂરી પાડી હતી. ત્યારબાદ વિશ્વજીતે તેના અન્ય સાથી મહિપાલ સાથે મળીને અપહરણ અને લૂંટનો આખો પ્લાન પાર પાડ્યો હતો.

ખેતીમાં વપરાશ ૭૨ ટકા વધ્યો

ગુજરાત રાજ્યમાં વીજળીની માગમાં ૩૭ ટકાનો ઉછાળો

ગાંધીનગર, તા. ૨૯

નબળા ચોમાસા અને ઓછા વરસાદની સ્થિતિ વચ્ચે ગુજરાતમાં વીજળીની માગમાં નોંધપાત્ર વધારો થયો છે. ઓક્ટોબર મહિનામાં રાજ્યની વીજળીની મહત્તમ માગ ૩૭ ટકા વધીને ૨૯,૮૨૨ મેગાવોટ સુધી પહોંચી છે. બીજી તરફ, ખેતી ક્ષેત્રે વીજ વપરાશમાં ૭૨ ટકાનો જંગી વધારો નોંધાયો છે. સિંચાઈ માટે ભૂગર્ભજળ પર વધતી નિર્ભરતા, ઔદ્યોગિક પ્રવૃત્તિમાં તેજી અને ઊંચા તાપમાનને કારણે વીજળીની માગ વધી હોવાનું સામે આવ્યું છે.

ખેતી ક્ષેત્રે વીજળીનો વપરાશ ગયા વર્ષના ૧,૪૬૪ મિલિયન યુનિટની સરખામણીએ વધીને આ વર્ષે ૨,૫૨૧ મિલિયન યુનિટ થયો છે. અપૂરતા વરસાદને કારણે ખેડૂતોને પાકને પાણી આપવા બોરવેલ અને ટ્યૂબવેલનો વધુ ઉપયોગ કરવો પડી રહ્યો છે. પરિણામે સિંચાઈ પંપ લાંબા સમય સુધી ચાલુ રાખવાની ફરજ પડતાં વીજળીના વપરાશમાં મોટો વધારો નોંધાયો છે. રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ વીજળીની માગમાં નોંધપાત્ર વધારો થયો છે. ગયા વર્ષે ઔદ્યોગિક વીજ વપરાશ ૪,૭૪૩ મિલિયન યુનિટ હતો, જે વધીને આ વર્ષે ૬,૦૧૯ મિલિયન યુનિટ થયો છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્રમાં વીજ વપરાશ ૨૭ ટકા વધ્યો છે. ઉત્પાદન એકમો અને ઔદ્યોગિક વિસ્તારોમાં વધતી વીજ માગને કારણે રાજ્યની વીજ વ્યવસ્થા પર દબાણ વધ્યું છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)ના પ્રમુખ રાજેશ ગાંધીએ વીજ વપરાશમાં થયેલા વધારા પાછળ ઊંચા તાપમાન, ઠંડકનાં સાધનોનો વધતો ઉપયોગ, ખેતીમાં સિંચાઈની જરૂરિયાત અને તહેવારો પહેલાં ઔદ્યોગિક પ્રવૃત્તિમાં થયેલી તેજીને કારણભૂત ગણાવ્યાં છે. તેમના જણાવ્યા મુજબ, હાઈડ્રોપાવરના ઉત્પાદનમાં ઘટાડો થવાથી પણ વીજ પુરવઠા પર દબાણ વધ્યું છે.

GCCIની કૃષિ સમિતિના અધ્યક્ષ ગોપાલ સુતરિયાએ જણાવ્યું હતું કે ઓછા વરસાદને કારણે ખેડૂતોને સિંચાઈ માટે પંપ અને ટ્યૂબવેલ વધુ કલાકો સુધી ચલાવવા પડે છે. આ ઉપરાંત, ડ્રાયર્સ, હલર્સ અને અન્ય કૃષિ સાધનોના વધતા ઉપયોગથી પણ વીજળીની માગ વધી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે નાના ખેડૂતો પણ વર્ષ દરમિયાન બે-ત્રણ પાક લેવાના હેતુથી બોરવેલમાં રોકાણ કરી રહ્યા છે. તેના કારણે ખેતી માટે પાણીની જરૂરિયાત અને વીજ વપરાશમાં સતત વધારો થઈ રહ્યો છે.

રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, વીજળીની મહત્તમ માગ આશરે ૩૦,૦૦૦ મેગાવોટ સુધી પહોંચવાનો અંદાજ હતો. ખેતીમાં સિંચાઈ પંપનો વધતો ઉપયોગ અને ઉદ્યોગોની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વીજ ઉત્પાદનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ વીજ પુરવઠો સ્થિર રહે તે માટે ઈંધણની ઉપલબ્ધતા અને ટ્રાન્સમિશન વ્યવસ્થાની સજ્જતા પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું.

રાજેશ ગાંધીએ જણાવ્યું હતું કે ખેતી, ઘરવપરાશ અને ઉદ્યોગોની જરૂરિયાતો પૂરી કરવા ગુજરાતને સસ્તી, ભરોસાપાત્ર અને અવિરત વીજળીની જરૂર છે. આ માટે વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન ક્ષમતામાં વધારો, વીજ સંગ્રહની સુવિધાઓનું વિસ્તરણ, પુનઃપ્રાપ્ય ઊર્જાનું યોગ્ય સંકલન અને મહત્તમ માગના અસરકારક સંચાલન પર ભાર મૂકવાની જરૂર છે.

અમદાવાદ-ગાંધીનગરના વાતાવરણમાં એકાએક પલટો, રાણીપ, ચાંદખેડા અને સાબરમતીમાં કમોસમી વરસાદ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૨૯

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ અને ગાંધીનગરના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. હવામાન વિભાગ અને નિષ્ણાતો દ્વારા રાજ્યમાં આગામી દિવસોમાં કમોસમી વરસાદની જે શક્યતાઓ દર્શાવવામાં આવી હતી, તેની અસરરૂપે અમદાવાદ અને ગાંધીનગરના વાતાવરણમાં આ પલટો જોવા મળ્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે અને હવામાં હળવી ઠંડક અનુભવાઈ છે. છેલ્લા બે દિવસથી બનેલી હવામાન સિસ્ટમ અને વાદળછાયા માહોલ વચ્ચે આજે અમદાવાદ શહેરના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારો તેમજ ગાંધીનગર ગ્રામીણમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે. અચાનક શરૂ થયેલા માવઠા જેવા માહોલને કારણે સમગ્ર વાતાવરણમાં ઠંડક તો પ્રસરી ગઈ છે, પરંતુ તહેવારોની ખરીદીમાં વ્યસ્ત નાગરિકો માટે મુશ્કેલી ઊભી થઈ છે. અમદાવાદ શહેરમાં સવારથી જ સૂર્યનારાયણ અને વાદળો વચ્ચે સંતાકૂકડી ચાલી રહી હતી. બપોર બાદ અચાનક આકાશ કાળા વાદળોથી ઘેરાઈ ગયું હતું અને પવનના સુસવાટા સાથે વરસાદ શરૂ થયો હતો. શહેરના રાણીપ, ચાંદખેડા તેમજ સાબરમતી જેવા વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદી ઝાપટાં પડ્યા હતા. અચાનક પડેલા વરસાદના કારણે માર્ગો ભીંજાયા હતા અને ટુ-વ્હીલર ચાલકો તેમજ દિવાળીની ખરીદી કરવા બજારોમાં નીકળેલા લોકો વરસાદથી બચવા માટે દુકાનો અને શેડ નીચે આશરો લેવા મજબૂર બન્યા હતા, તો ખુલ્લામાં સ્ટોલ લગાવીને બેસતા નાના ફેરિયાઓ અને વેપારીઓને પોતાનો સામાન ઢાંકવા માટે ભારે દોડધામ કરવી પડી હતી.

રૂ. ૨૫ કરોડના ડ્રગ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની દિલ્હી સુધી તપાસ

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાંથી ઝડપાયેલા રૂ. ૨૫ કરોડના હેરોઈન અને એમ.ડી. ડ્રગ્સ કેસમાં ક્રાઈમ બ્રાન્ચ તપાસનો ધમધમાટ આગળ વધાર્યો છે. ડ્રગ્સના આંતરરાજ્ય નેટવર્કના મૂળ સુધી પહોંચવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ રાજધાની દિલ્હીમાં ધામા નાંખ્યા છે. આ મોટા ડ્રગ્સ રેકેટ પાછળ સંકળાયેલા અન્ય માસ્ટરમાઈન્ડ્સને ઝડપી પાડવા ટીમે દિલ્હીના વિવિધ વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે. ગુજરાતમાં આટલા મોટા પાયે હેરોઈન ડ્રગ્સ કેવી રીતે લાવવામાં આવ્યું, તેની કડીઓ મેળવવા પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં ડ્રગ્સ માફિયાઓ ગુજરાતમાં હેરોઈનનું મોટું બજાર ઊભું કરવા માગતા હોવાનું જણાયું છે.

નાર્કોટિક્સ તથા અન્ય ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા દિલ્હી અને યુપીના આરોપીઓએ ફરીથી ડ્રગ સિન્ડિકેટ મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો હતો.ગુજરાતમાં સ્થાનિક પેડલર્સ સુધી માલ પહોંચાડવા માટે આખી એક ચેઈન બનાવવામાં આવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચ હવે એ તપાસ કરી રહી છે કે આ સિન્ડિકેટ સાથે ગુજરાતના સ્થાનિક કયા લોકો સંપર્કમાં હતા. સમગ્ર નેટવર્કને તોડી પાડવા દિલ્હી પોલીસ સાથે પણ સંકલન સાધવામાં આવ્યું છે.

આરોપી તિફેલ નોખેજ વર્ષ ૨૦૧૪માં અમૃતસરમાં ૧૦૦ ગ્રામ હેરોઈન અને ૨૦૧૯માં ૩૦૦ કિલો હેરોઈનની દાણચોરીમાં પાયલોટિંગ કરવાના ગંભીર ગુનાઓનો ઈતિહાસ ધરાવે છે. જ્યારે આરોપી મોહમ્મદ ઈમરાન અલ્વી માનવ તસ્કરી જેવા ગંભીર ગુનામાં સંડોવણી ધરાવે છે. ત્રીજા આરોપી કફીલ સામે જયપુરમાં ૧૮.૫ કિલો ચરસ, અમદાદમાં ૧૦૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના કેસમાં સજા થઈ હતી અને પેરોલ પર હતો. કફીલે પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતા તેના પર ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ રાવલે ફાયરિંગ કર્યું હતું. જેમાં આરોપીને પગમાં ગોળી વાગી હતી અને તેની સારવાર કરવામાં આવી રહી છે.

સૂત્રોના મતે તિફેલ તથા કફિલ સામે આર્થિક તવાઈ લાવવાની તૈયારી થઈ રહી છે. ડ્રગ્સની કાળીકમાણીમાંથી તેમણે કેટલી બેનામી સંપત્તિ ઊભી કરી છે તેની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. દેશભરમાં તેમના અને તેમના પરિવારજનોના નામે નોંધાયેલી સ્થાવર અને જંગમ મિલકતો તથા રોકડની વિગતો મેળવવા એજન્સી કામ કરી રહી છે.

અમદાવાદમાં કાપડના વેપારી IPOમાં રોકાણ કરવા જતા ફ્રોડનો ભોગ બન્યા

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૨૯

અમદાવાદના મણિનગરમાં એત વેપારીને આઈપીઓમાં રોકાણ કરવું ભારે પડ્યું છે. આઈપીઓ ભરતી વખતે સાયબર ઠગોએ યેનકેન પ્રકારે ઓટીપી મેળવી ઓટો-ફિલ થતા ક્રેડિટ કાર્ડમાંથી ૯૯,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે મણિનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મણિનગરમાં રહેતા કાપડના વેપારી નરેશ ઠાકુરદાસ મતલાણી આઈપીઓમાં રોકાણ કરતી વખતે સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. મોબાઈલ ફોનમાંથી કંપનીના આઈપીઓની અરજી ભરતી વખતે અચાનક ફિશિંગ પેજ ખુલી ગયું હતું અને ગઠિયાઓએ ઓટીપી મેળવી લઈને ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૯૯,૦૦૦ની મત્તા ઉપાડી લીધી હતી.

૧૧મી ઓગસ્ટના રોજ બપોરે સાડા બારથી દોઢ વાગ્યાના સુમારે વેપારી પોતાના ઘરે હાજર હતા. તેમણે પોતાના મોબાઈલમાં ગૂગલ ક્રોમ બ્રાઉઝર પર આઈપીઓ ભરવા બેંકનું એકાઉન્ટ લોગ-ઈન કર્યું હતું. આ દરમિયાન અચાનક 'Fizpay.in' નામનું એક શંકાસ્પદ પેજ આપોઆપ ખુલી ગયું હતું, જેમાં ૯૯ હજાર રૂપિયાની રકમ ભરવાની દર્શાવાઈ હતી. વેપારી આ શંકાસ્પદ પેજ બંધ કરે કે બહાર નીકળે તે પહેલાં જ તેમના મોબાઈલ પર એક ઓટીપી આવ્યો હતો અને તે પેજમાં ઓટોમેટિક ફિલ થઈ ગયો હતો અને બેંક ખાતામાંથી નાણાં કપાઈ ગયા હતા. કોઈ Zinka Logistics Solutions Limited' નામની કંપનીને પેમેન્ટ થયું હોવાનો ઉલ્લેખ હતો. નરેશભાઈએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો અને એકનોલેજમેન્ટ મેળવી મણીનગર પોલીસમાં અજાણ્યા ગઠિયા સામે ફરિયાદ નોંધાવી છે.

મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીનો નિર્ણય

જંબુસર બલ્ક ડ્રગ પાર્ક માટે વિશિષ્ટ પ્રોત્સાહક યોજનાની જાહેરાત

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૯

ગુજરાત સરકારે ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે સ્થપાનારા બલ્ક ડ્રગ પાર્કમાં ઔદ્યોગિક એકમોને સહાય માટે એક વિશિષ્ટ ઈન્સેન્ટિવ યોજના મંજૂર કરી છે. આ નિર્ણય ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ભારતની આત્મનિર્ભરતા વધારવા અને મહત્વપૂર્ણ એક્ટિવ ફાર્માસ્યુટીકલ ઈંગ્રેડિસેંટ્સ (APIs), કી સ્ટાર્ટિંગ મટેરીયલસ (KSMs) અને ડ્રગ ઈન્ટરમેડીએટ્સની વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવાની દિશામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. ભારત સરકારની બલ્ક ડ્રગ પાર્ક્સને પ્રોત્સાહન આપવાની ફ્લેગશિપ યોજના હેઠળ ભરૂચના જંબુસર ખાતે આશરે ૨,૦૧૫ એકરમાં આ વિશ્વકક્ષાનું પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. ઉત્પાદકો માટે કેપિટલ અને ઓપરેટિંગ ખર્ચમાં મોટો ઘટાડો કરવા માટે અહીં ૧૦ થી વધુ અત્યાધુનિક કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જેમાં કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) અને CSTP, સ્ટીમ જનરેશન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, સોલવન્ટ રિકવરી ફેસિલિટીઝ અને્ જીહ્વહ્વ સુવિધા, ડીપ-સી ડિસ્પોઝલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સેન્ટર ઓફ એક્સેલન્સ અને મજબૂત મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ નેટવર્ક જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળના મુખ્ય આર્થિક પ્રોત્સાહનોમાં રોકાણકારોને તેમની પ્રોજેક્ટ જરૂરિયાતો અનુસાર વિશિષ્ટ 'બલ્ક ડ્રગ પાર્ક સ્કીમ' અથવા 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ, ૨૦૨૬' હેઠળ લાભ મેળવવાની અનુકૂળતા આપવામાં આવી છે. વિશિષ્ટ બલ્ક ડ્રગ પાર્ક યોજના હેઠળ મુખ્યત્વે એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (eFCI) પર ૧૦% કેપિટલ સબસિડી, પાત્રતા ધરાવતા MSME એકમો માટે વિશેષ વ્યાજ સબસિડી, ૧૦ વર્ષ સુધી યુટિલિટી ચાર્જીસમાં રિઈમ્બર્સમેન્ટ, પાવર, સ્ટીમ, પાણી, ગંદા પાણીનો નિકાલ (એફલુઅન્ટ ટ્રીટમેન્ટ), સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, વેરહાઉસિંગ અને પાર્ક જાળવણી શુલ્કનું વ્યાપક રિઈમ્બર્સમેન્ટ, પાર્કમાં પ્રથમ વખત જમીન ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફીનું ૧૦૦% રિઈમ્બર્સમેન્ટ જેવા લાભો મળશે.

અમદાવાદમાં દુબઈ જેવી સ્કાયલાઈનનો નજારો જોવા મળશે

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાં હવે દુનિયાના જાણીતા શહેરોમાં જોવા મળતી સ્કાયલાઈનનો નજારો જોવા મળશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બોડકદેવ ખાતે આવેલા સિંધુ ભવન રોડ પર 'અમદાવાદ સિટી સ્ક્વેર' વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મેયર હિતેશ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ ઉત્તર પશ્ચિમ ઝોનના આકાર પામનારા આ પ્રોજેક્ટમાં આધુનિક આર્કિટેક્ચર સાથે વિવિધ જાહેર સુવિધાઓ, મનોરંજન, સાંસ્કૃતિક અને કોમર્શિયલ પ્રવૃત્તિઓ માટેની સુવિધાઓ ઊભી કરાશે. આ ઉપરાંત, પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ શહેરની સ્કાયલાઇન દુબઈ સહિતના શહેરો જેવી આગવી ઓળખ ધરાવશે. આ પ્રોજેક્ટ પાછળ અમદાવાદ કર્પોરેશન રૂ. ૫૭૦ કરોડનો ખર્ચ કરશે.

'અમદાવાદ સિટી સ્ક્વેર'ના આયોજનમાં ગ્રાઉન્ડ લેવલથી અંદાજિત ૧૫ મીટર ઊંડાઈએ ત્રણ બેઝમેન્ટ બનાવવામાં આવશે. જેમાં બેઝમેન્ટ-૧માં અંદાજિત ૧૯૫ કાર, બેઝમેન્ટ-૨માં અંદાજિત ૧૯૦ કાર તથા બેઝમેન્ટ-૩માં અંદાજિત ૧૧૦૯ ટુ-વ્હીલર માટે પાર્કિંગની સુવિધા હશે.

આ પ્રોજેક્ટમાં ગ્રાઉન્ડ લેવલથી ઉપર લોઅર ગ્રાઉન્ડ તથા અપર ગ્રાઉન્ડ વિકસાવવામાં આવશે. લોઅર ગ્રાઉન્ડ ખાતે શોપ્સ તથા આર્ટ ગેલેરી હશે, જેના દ્વારા કોમર્શિયલ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેની સુવિધા ઊભી થશે. અપર ગ્રાઉન્ડ ખાતે ચારેય ખૂણામાં ફૂડ કિઓસ્ક તથા ૩૧૦ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતું એમ્ફીથિયેટર, ગાર્ડન, ફૂડ કોર્ટ, બેસવાની વ્યવસ્થા તથા વોટર ફાઉન્ટેન સહિતની સુવિધાઓ સાથે અર્બન પ્લાઝા વિકાસાવાશે.

'અમદાવાદ સિટી સ્ક્વેર'માં અંદાજિત ૧૭૫ મીટર ઊંચાઈનો આઇકોનિક ટાવર વિકસાવવાનું આયોજન છે. ટાવરમાં અંદાજિત ૪૦ મીટરની ઊંચાઈએ બે માળની રેસ્ટોરન્ટ બનાવવામાં આવશે, જેમાં એકસાથે અંદાજિત ૧૨૦૦થી વધુ વ્યક્તિઓનો સમાવેશ થઈ શકશે. રેસ્ટોરન્ટની ઉપર ટેરેસ ડેક કેફે વિકસાવવામાં આવશે, જેમાં અંદાજિત ૨૦૦ વ્યક્તિઓ બીસી શકશે. આ સુવિધા માટે અંદાજિત ૬૪૮૫ ચોરસ મીટર જેટલું બાંધકામ ૪૦ મીટરની ઉંચાઈમાં વર્તુળાકારમાં કરવાનું આયોજન છે.

ટાવરની ટોચે અંદાજિત ૧૭૫ મીટરની ઊંચાઈએ સ્કાય ડેક તથા સ્કાય વોક તૈયાર કરાશે. અહીંથી અમદાવાદ શહેરનો પેનોરેમિક વ્યુ નિહાળી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. સ્કાય ડેક ખાતે એકસાથે અંદાજિત ૭૫ વ્યક્તિઓ વ્યુ ગેલેરીનો લાભ લઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે. ટાવરના અંદાજિત ૪૦ મીટરની ઉંચાઈથી ૧૭૫ મીટરની વચ્ચે વિશાળ ડિજિટલ સ્ક્રીન વિકસાવવાનું આયોજન છે. આ ડિજિટલ સ્ક્રીન પર સતત ડિજિટલ જાહેરાતો પ્રદર્શિત કરી શકાશે.

આ પ્રોજેક્ટ અમદાવાદ શહેર માટે એક આગવી આઇકોનિક અર્બન સ્પેસ અને સોશિયલ-કોમર્શિયલ હબ તરીકે વિકસાવવાનું આયોજન ધરાવે છે. આ પ્રોજેક્ટ શહેરની ઓળખ સમાન બનવાનો હોય તેના કામ માટે એક ખાસ ઓરિએન્ટેશન મીટિંગ રાખવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેનું ટેન્ડર તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કામ કરવાની ઈચ્છા રાખનાર કોન્ટ્રાક્ટરને મીટિંગમાં પ્રોજેક્ટ વિશે ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવશે અને બે વખત પ્રિ-બીડ મીટિંગ ટેન્ડર ફાઈનલ કરતા પહેલા રાખવામાં આવશે. જેથી યોગ્ય કોન્ટ્રાક્ટર મેળવી શકાય અને સમયસર કામગીરી પૂરી શકાય.

દિવેલાની ખેતી - પ્રગતિની કેડી
ખેડુત ભાઈઓ માટે ખાસ ભલામણ



પ્રગતિ સર્ટીફાઈડ હાઈબ્રીડ બિયારણ
• જી.સી.એચ - ૭
સુકારા અને કૃમિ સામે પ્રતિકારક
• જી.સી.એચ - ૪
સુકારા સામે અંશતઃ પ્રતિકારક
• જી.સી.એચ - ૨
મૂળના કહોવારા સામે પ્રતિકારક

પ્રગતિ

ઓર્ગેનિક જમીન સુધારક અને ખાતર
પ્રગતિ પ્લસ
નાઈટ્રોજન : ૪% થી વધુ, ફોસ્ફોરસ : ૧.૫% અને પોટાશ : ૧% થી વધુ
ઓછો ખર્ચ - વધુ ઉત્પાદકતા - વધુ પ્રગતિ

ઈસેદુ એગ્રોકેમ પ્રા. લી.
(સબસીડરી ઓફ જયંત એગ્રો - ઓર્ગેનીક્સ લી.)
પ્લોટ નં. ૬૬૭, સ્ટેટ હાઈવે નં.૪૧, મુ.પો. જગાણા
તા. પાલનપુર, જિ.બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)
મો : ૭૫૭૫૦૦૧૮૮૦, ૭૫૭૫૦૦૧૮૭૩
Email : pragati@ihseduagro.com Web : www.ihseduagro.com